# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 6 ■ વિક્રમ સંવત ૨૦૮૨

પૌષ વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 January 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૭ જાન્યુઆરી ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# યુપીમાં ‘સર’: ૨.૮૯ કરોડ મતદારનાં નામ કપાયાં


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 12,798/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## કુલ ૧૫.૪૪ કરોડ વૉટરમાંથી ૧૨.૫૫ કરોડ નામ જળવાયાં

લખનઊઃ ઉત્તર પ્રદેશમાં મંગળવારે મતદારયાદીની સઘન સમીક્ષા-સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન-‘સર’ ડ્રાફ્ટ વૉટર લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. અગાઉની યાદીમાં સમાવિષ્ટ ૧૫.૪૪ કરોડ મતદારમાંથી ૧૨.૫૫ કરોડને આ નવી યાદીમાં જાળવી રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ મંગળવારે કહ્યું હતું.

મૃત્યુ, કાયમી સ્થળાંતર, એક કરતાં વધુ વાર નામ નોંધણી જેવાં કારણોસર બાકીના ૧૮.૭૦ ટકા એટલે કે અંદાજે ૨.૮૯ કરોડ મતદારોના નામ નવી યાદીમાં સમાવી શકાયા ન હોવાનું તેમણે કહ્યું હતું. રિનવાએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચે ઝુંબેશ હાથ ધરી ઘરે ઘરે જઈને મતદારોની ગણના કરવા ફોર્મ ભરાવ્યા હતા. આ ફોર્મમાં મતદારે તેની વિગતો ભરવાની હતી અને મતદાર અથવા તેનાં પરિવારના સભ્યએ તેમાં સહી કરવાની હતી.

આ ઝુંબેશ ૧૧ ડિસેમ્બરે પૂરી થવાની હતી, પરંતુ મોટા પ્રમાણમાં (૨.૯૭ કરોડ) મતદાર ડ્રાફ્ટ લિસ્ટમાંથી બાકાત રહી જવાનું જણાઈ આવ્યા બાદ રાજ્યએ આ કામ પૂરું કરી શકાય તે માટે વધુ પંદર દિવસની માગણી કરી હતી જેને પગલે તારીખ ૧૧ ડિસેમ્બરથી લંબાવીને ૨૬ ડિસેમ્બર કરવામાં આવી હતી.

મુખ્ય ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર ૨૭, ઑક્ટોબર ૨૦૨૫ની મતદાર યાદીમાં ૧૫,૪૪,૩૦,૦૯૨ મતદારના નામ નોંધાયેલાં હતાં, પરંતુ એસઆઈઆર ઝુંબેશ દરમિયાન

(જુઓ પાનું ૨) ▶▶

# શું ટ્રમ્પ કરશે મોદીનું અપહરણ?

## કૉંગ્રેસી નેતા પૃથ્વીરાજ ચવ્હાણના બફાટ પછી વિવાદ

નવી દિલ્હીઃ ભારત અને અમેરિકા વચ્ચે વધી રહેલા વ્યાપાર તણાવને વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોની સીઆઈએ સંચાલિત ઓપરેશનમાં થયેલા અપહરણની વાતને વિચિત્ર રીતે ભારત સાથે જોડતા કોંગ્રેસના નેતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણે મંગળવારે સવાલ પૂછ્યો હતો કે, શું ટ્રમ્પ આપણા વડાપ્રધાનનું અપહરણ કરશે?

આ સવાલને કારણે મોટો રાજકીય વિવાદ ઊભો

(જુઓ પાનું ૨) ▶▶

## જેએનયુમાં નફરતનું રિ-રનઃ મોદી, અમિત શાહ વિરુદ્ધ ગંદી નારાબાજી

નવી દિલ્હી : દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ) ફરી એકવાર વિવાદમાં આવી છે. યુનિવર્સિટીના કેટલાક વિદ્યાર્થીઓએ ગઈકાલે મોડી રાત્રે સાબરમતી હોસ્ટેલની બહાર પીએમ નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ વિરુદ્ધ ઉશ્કેરણીજનક

(જુઓ પાનું ૨) ▶▶

## ગ્રીનલૅન્ડ પર નજર બગાડી છે તો...: ટ્રમ્પને યુરોપના સાત દેશની ચેતવણી

બર્લિનઃ ગ્રીનલૅન્ડ પર અમેરિકાના કબજાની માગ કરતી અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ટિપ્પણીઓ પર મંગળવારે યુરોપના સાત દેશે એક નિવેદન બહાર પાડીને પુષ્ટિ આપી કે વ્યૂહાત્મક, ખનિજ સમૃદ્ધ ગ્રીનલૅન્ડ પર ત્યાંના મૂળ વતનીઓનો જ અધિકાર છે.

ગ્રીનલૅન્ડ વિશે ટ્રમ્પની ટિપ્પણીઓના પગલે ફ્રાન્સ, જર્મની, ઇટલી, પોલેન્ડ, સ્પેન અને યુનાઇટેડ કિંગડમના નેતાઓ ડેનિશ વડા પ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેન સાથે

(જુઓ પાનું ૨) ▶▶


કોઈપણ NZના પેકેજનો દરેક રીતે સરવાળા અને બાદબાકી કરી જુઓ, અમારાથી ઈકોનોમિક અને ઉત્તમ પેકેજ નહિ મળે, એની ગેરંટી.
Freedom FREEDOMTOURISM.COM
ફ્રીડમ ટૂરીઝમ
ન્યુઝીલેન્ડનાજ ગ્રુપ ટૂર કરતી એકમાત્ર કંપની
+91 98751 62567 / 94263 17279
100% confirmed Fly with SINGAPORE AIRLINES
April - June 2026 MUMBAI TO MUMBAI
FEEL REAL NEW ZEALAND
14 DAYS @3,78,000/-* only 3,96,000/- Per Person on twin sharing
LIMITED TIME OFFER *TBC Apply
ALL INCLUSIVE Group Tour Package with Maharaj
April: 10, 11, 13, 22, 27
May: 3, 4, 12, 14, 23
June: 12
મહારાજ દ્વારા બનાવેલ શુદ્ધ ભોજન (જૈન/સ્વામિનારાયણ)
4 સ્ટાર+ હોટેલ | લક્ઝુરિયસ ટ્રાન્સપોર્ટ | એક્ટીવિટીસ - સાઈટસીઈંગ | વિઝા એન્ડ ઈન્શ્યોરન્સ
601, Abhishree Avenue, Nehrunagar, Ahmedabad-15.



KAILAS JEEVAN
૭ દશકની પરંપરા
કૈલાસ જીવન
મલ્ટિપર્પઝ આયુર્વેદિક ક્રિમ
આંખોમાં બળતરા: સૂતી વખતે નવશેકા પાણીથી ચહેરો અને આંખો ધોઈને સ્વચ્છ કરો. ઊંઘતા પહેલા પાંપણો પર કૈલાસ જીવનનો લેપ લગાવી તેના ઉપર રૂનું પૂમડું મૂકી દો. ઠંડક થશે તેમજ આંખોની બળતરા અને લાલાશ ઓછી થશે.
ખીલ અને ફોલ્લીઓ: ચહેરો નવશેકા પાણીથી સારી રીતે ધોઈ નરમ કપડાંથી લુછી લો. પછી ચહેરા પર કૈલાશ જીવનથી હળવા હાથે માલિશ કરી ત્વચામાં શોષાવા દો, ચોળશો નહીં. ખીલ / ફોડકીઓની વેઠનાથી તુરંત આરામ મેળવવામાં અને તેજસ્વી, આકર્ષક, મુલાયમ ચહેરો થવામાં સહાયક થશે.
પગના વાઢિયા-ચીરા: દરરોજ પગને ધોઈ, થોડીવાર માટે નવશેકા પાણીમાં રાખી નરમ થવા દઈ નરમ કપડાંથી જ લુછી લો. કૈલાસ જીવન વાઢિયા-ચીરા ઉપર હળવા હાથે લગાવી ત્વચામાં શોષાઈ જવા દો, ચોળશો નહીં. તળિયાની ત્વચા નરમ મુલાયમ બનશે.
ફિશર્સ: એક ચમચી કૈલાસ જીવનમાં તેટલા જ પ્રમાણમાં બુરૂં ખાંડ ભેળવી તેનું સળંગ એકવીસ દિવસ સુધી સેવન કરો. સાથે જ દિવસમાં બે-ત્રણ વાર તે જગ્યાએ કૈલાશ જીવન લગાવવાથી રાહત મળશે. પરંતુ યોગ્ય આહાર પણ મહત્વપૂર્ણ છે.
પગના વાઢિયા, ચીરા, હાથ-પગની લ્હાય, આંખોમાં બળતરા, મોઢામાં ચાંદા, જખમ, છોલાવું અને દાઝવું વગેરમાં ગુણકારી.
રોગ અનેક, ઉપાય એક... માટે જ મલ્ટિપર્પઝ! આજે જ ખરીદો!
Also available on amazon netmeds.com India Ki Pharmacy
Available in: 20g Tube, 30g, 60g, 120g, 230g Bottle
Manufacturer: ASUM, Pune. 020-24486865 | Customer Care: Prashant: 91300 26070 | asumkj@gmail.com | www.asum.com
Distributor:
Mumbai: Hasmukhalal & Sons: 98209 36025, Kamini Agency: 022-23877278
Thane: Mahaveer & Mahaveer Agencies: 022-25362429





LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બાંગ્લાદેશમાં હિન્દુઓની ઉપરાછાપરી હત્યાઓ, ભારતના હિન્દુઓ ચૂપ કેમ?

**ભારતમાં** કહેવાતા હિંદુવાદીઓ બાંગ્લાદેશી ક્રિકેટર મુસ્તફિઝુર રહેમાનને ઈન્ડિયન પ્રીમિયર લીગ આઇપીએલમાં રમવા નહીં દેવાય એ મુદ્દે ફૂલાઈને ફાળકો થઈને ફરી રહ્યા છે ત્યારે બીજી તરફ બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર અને હત્યાઓનો સિલસિલો અવિરત ચાલુ છે. આ ક્રમમાં બાંગ્લાદેશના નરસિંદી જિલ્લામાં સોમવારે રાત્રે હિન્દુ દુકાનદાર શરત ચક્રવર્તી મણિને હેવાનોએ પતાવી દીધો તો બીજી તરફ ઝેનાઇદહ જિલ્લાના કાલીગંજ વિસ્તારમાં ૪૪ વર્ષની એક હિન્દુ વિધવા પર પાશવી ગેંગ રેપ કરાયો. છેલ્લા ૧૮ દિવસમાં આ છઠ્ઠા હિંદુની હત્યા કરાઈ છે તેના પરથી જ હિંદુઓની ત્યાં શું હાલત છે તેનો અંદાજ લગાવી લેજો.

૪૦ વર્ષના શરત ચક્રવર્તી મણિ પોતાની કરિયાણાની દુકાન પર હતા ત્યારે હુમલાખોરો દુકાનમાં ઘૂસી ગયા અને શરતને ધારદાર હથિયારોથી રહેંસી નાખી ફરાર થઈ ગયા. શરતની હત્યા વખતે દુકાનમાં ભીડ હતી પણ કોઈ શરતને બચાવવા આગળ જ ના આવ્યું. તેના પરથી સ્પષ્ટ છે કે, હુમલાખોરોનો લોકોમાં ખોફ છે. જાહેરમાં એક વેપારીની હત્યા કરાય ને કોઈ બચાવવા આગળ ના આવે તેના પરથી એ પણ સ્પષ્ટ છે કે, બાંગ્લાદેશમાં સાવ જંગલ રાજ છે અને હિંદુઓ ભગવાન ભરોસે નહીં પણ પોતાના ભરોસે જ છે.

કાલીગંજની ઘટના પણ અત્યંત આઘાતજનક છે કેમ કે ચાર બળાત્કારીઓએ ઘરમાં ઘૂસીને હિંદુ મહિલાને હવસનો શિકાર બનાવી. આ હવસખોરો પણ સ્થાનિક લોકો જ છે. હિંદુ વિધવાએ બે વર્ષ પહેલાં જ ગામમાં એક ઘર અને જમીન ખરીદ્યાં હતાં. મહિલા વિધવા હોવાથી તેની કનડગત એ વખતથી જ શરૂ થઈ ગયેલી પણ શનિવારે સાંજે હવસખોરો છાકટા થઈને ઘરમાં જ ઘૂસી ગયા. એ વખતે મહિલાને મળવા સંબંધીઓ આવ્યા હતા. શાહીન અને હસન નામના હવસખોરોએ બળજબરીથી ઘરમાં ઘૂસીને સંબંધીઓને એક રૂમમાં પૂરી દીધા અને વિધવાને બીજા રૂમમાં લઈ જઈને વારાફરતી બળાત્કાર કર્યો. એ પછી બીજા બે હવસખોરો આવ્યા અને તેમણે પણ કુકર્મ કરીને મોં કાળું કર્યું.

હેવાનોને ગેંગરેપથી સંતોષ નહીં થયો હોય એટલે વિધવાના મોમાં કપડાં ઠૂંસીને ઝાડ સાથે બાંધીને ફટકારી અને તેના વાળ પણ કાપી નાખ્યા. હવસખોરોએ તેના સંબંધીઓને પણ ઝાડ સાથે બાંધીને તેમને પણ માર્યા અને પછી જતા રહ્યા. અધમૂઈ થઈ ગયેલી વિધવા અને તેના સંબંધીઓને કોઈએ છોડાવ્યા પછી તેમણે ફોન કર્યા એટલે આવી પહોંચેલાં બીજાં સગાંએ સંબંધીઓ અને વિધવાને હોસ્પિટલમાં ખસેડ્યાં. હવસખોરોના અત્યાચારો અને મારથી વિધવા તો ગંભીર હાલતમાં હતી અને સંબંધીઓ ફફડેલાં હતાં પણ ડોક્ટર ભલો માણસ હતો એટલે તેમણે પોલીસ બોલાવી લીધી. પોલીસ પહેલાં તો ફરિયાદ નોંધવાના બદલે ભીનું સંકેલી લેવા માગતી હતી પણ ડોક્ટરના કડક વલણ પછી પોલીસે ફરિયાદ નોંધી. વિધવા ચારેય હવસખોરોને ઓળખતી હતી તેથી તેણે બધાનાં નામ આપી દીધાં પણ પોલીસે હજુ લગી એકને જ પકડ્યો છે. બીજા ત્રણ હવસખોરો ક્યારે પકડાશે એ ખબર નથી.

બાંગ્લાદેશમાં ગયા વરસે શેખ હસીના સામે બળવો થયો ત્યારથી હિંદુઓ પર હુમલા, અત્યાચાર અને હત્યાઓનો સિલસિલો ચાલે છે. વચ્ચે થોડો સમય શાંતિ રહી હતી પણ ગયા મહિને હળાહળ ભારત વિરોધી અને હિંદુ વિરોધી શરીફ ઉસ્માન બિન હાડી પર હુમલો થયો પછી ફરી હિંદુઓને નિશાન બનાવીને હુમવા શરૂ કરી દેવાયા. ૧૮ ડિસેમ્બરે હાડી ૬ દિવસ લગી મોત સામે ઝઝૂમ્યા પછી સિંગાપોરની હોસ્પિટલમાં ગુજરી ગયો પછી તો હત્યાઓ અને બળાત્કારોનો સિલસિલો જ શરૂ થઈ ગયો. હિંદુઓને શોધી શોધીને જાહેરમાં ગોળીએ દેવાથી માંડીને સળગાવીને મોતને ઘાટ ઉતારવા સુધીના કાંડ એ પછી થયા છે.

હાડી ગુજરી ગયો એ પછીના ૧૮ દિવસમાં જ ૬ હિંદુની હત્યા સત્તાવાર રીતે થઈ છે. ખાનગીમાં કેટલાંને પતાવી દેવાયા હશે ને કેટલી હિંદુ બહેન-દીકરીઓને હવસનો શિકાર બનાવાઈ હશે એ તો ખબર જ નથી. કટ્ટરવાદી રાજકીય કાર્યકરો આ હુમલા કરાવી રહ્યા છે તેથી ડરનાં માર્યાં ઘણાં લોકો તો ફરિયાદ પણ નથી કરાવતાં. આ સંજોગોમાં મોતનો આંકડો ઘણો વધારે હોઈ શકે છે અને બીજા અત્યાચારોનો તો હિસાબ જ ના થાય એવી હાલત છે.

અત્યાચારો અને હત્યાઓ વચ્ચે બાંગ્લાદેશમાં હિંદુઓ ફફડીને જીવી રહ્યા છે ત્યારે ભારત કે ભારતના હિંદુઓ બાંગ્લાદેશી હિંદુઓને બચાવવા કશું કરી રહ્યાં નથી એ હકીકત છે. નથી ભારતની કહેવાતી હિંદુવાદી સરકાર બાંગ્લાદેશી હિંદુઓને બચાવવા કશું કરી રહી કે નથી કહેવાતાં હિંદુવાદી સંગઠનો કશું કરી રહ્યાં. એ લોકો ખાલી ચિંતા વ્યક્ત કર્યા કરે છે ને ફિફાં ખાંડીને પોતે કશુંક કરી રહ્યા છે એવો સંતોષ માને છે. બાંગ્લાદેશી કટ્ટરવાદીઓ દર બીજા દિવસે ક્યાંક ને ક્યાંક હિંદુઓને નિશાન બનાવીને આપણી સરકાર ને કહેવાતાં હિંદુવાદી સંગઠનોની ખુલ્લેઆમ મજાક ઉડાવી રહ્યા છે પણ આ લોકોનું લોહી ઉકળતું જ નથી.

શરમજનક વાત એ છે કે, આ દેશના સો કરોડ હિંદુઓ પણ ચૂપ છે. શાહરૂખ ખાને બાંગ્લાદેશી ક્રિકેટર મુસ્તફિઝુર રહેમાનને ઈન્ડિયન પ્રીમિયર લીગ આઇપીએલની ૨૦૨૬ની સીઝન માટે કોલકાત્તા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ની ટીમ માટે ખરીદ્યો એ બદલ શાહરૂખ ખાનને દેશદ્રોહી ઠેરવવામાં આ દેશના હિંદુઓની મર્દાનગી જાગી ગયેલી ને પાછી સૂઈ ગઈ. આ મર્દાનગી પણ સોશિયલ મીડિયા પર કોમેન્ટ્સ પોસ્ટ કરવા પૂરતી જ જાગેલી. બાંગ્લાદેશમાં મરી રહેલા પોતાના હિંદુ ભાઈઓ કે હવસનો શિકાર બની રહેલી હિંદુ બહેન-દીકરીઓ માટે આપણી સરકાર શું કરી રહી છે એવો સવાલ કરવાની પણ તેમનામાં હિંમત નથી.

એક બાંગ્લાદેશી ક્રિકેટરને આઈપીએલમાં નહીં રહેવા દઈને મર્દાનગી અનુભવનારા હિંદુવાદીઓ બાંગ્લાદેશ સાથે આપણો વ્યાપાર ચાલુ છે એ મુદ્દે ચૂપ છે, બાંગ્લાદેશ સાથેના રાજદ્વારી સંબંધો ચાલુ છે એ મુદ્દે ચૂપ છે ને બાંગ્લાદેશની આખી ક્રિકેટ ટીમ ભારતમાં આવતા મહિને જ આવવાની છે એ મુદ્દે પણ ચૂપ છે. શાહરૂખ મુસ્તફિઝુર રહેમાનને ખરીદે તો દેશદ્રોહી થઈ ગયો ને બીસીસીઆઈ આખી બાંગ્લાદેશી ક્રિકેટ ટીમને નોંતરીને પરોણાગત કરવાની છે તો એ લોકો દેશભક્ત ?

આ દેશના હિંદુઓએ બેવડાં ધોરણો છોડીને મરદ બનવાની જરૂર છે, ભક્તિભાવ છોડીને દુનિયાના બીજા દેશોમાં રહેતાં હિંદુ ભાઈ-બહેનોની ચિંતા કરવાની જરૂર છે. ઈઝરાયલ ટચૂકડો દેશ છે પણ આખી દુનિયામાં ક્યાંય પણ યહૂદીઓને કશું થાય તો ઈઝરાયલની સરકારે તરત એક્શનમાં આવવું જ પડે છે કેમ કે સરકાર ચૂપ બેસીને તમાશો જોયા કરે તો ઈઝરાયલમાં રહેતા યહૂદીઓ સરકારની હાલત ખરાબ કરી નાંખે. હિંદુઓમાં આવો મર્દાના મિજાજ નહીં આવે ત્યાં લગી બાંગ્લાદેશમાં હિંદુઓ મરતા રહેશે, પાકિસ્તાનમાં મરતા રહેશે ને બીજે પણ મરતા રહેશે કેમ કે સરકાર તો કશું કરતી નથી ને હિંદુત્વનાં ઠેકેદાર બની બેઠેલાં સંગઠનોમાં મર્દાનગી નથી. પેલેસ્ટાઈનમાં મુસ્લિમો મર્યાં તેમાં તો આખી દુનિયામાં ઈઝરાયલ અત્યાચારો કરે છે એવી કાગારોળ મચી ગયેલી ને હિંદુવાદી સંગઠનો બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યાને મુદ્દે ભારતમાં પણ અવાજ ઉઠાવતા નથી.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, બુધવાર, તા. ૭-૧-૨૦૨૬, નક્ષત્ર, વાર મુજબ શ્રી ગણેશની પૂજાનો ઉત્તમ યોગ

- ભારતીય દિનાંક ૧૭, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૯મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર મઘા સવારે ક. ૧૧-૫૫ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૮, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૩૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૮ (તા. ૯)
- ઓટઃ સવારે ક. ૦૮-૫૮, રાત્રે ક. ૨૦-૩૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - પંચમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, પિતૃપૂજા, વડનું પૂજન, મુંડન કરાવવું નહીં. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, ખેતર, જમીન, ઘર, મકાનની લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી ગણેશ, સૂર્ય પૂજા.
- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ તીવ્ર બુદ્ધિ પ્રતિભા, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ શંકાશીલ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ-ધનુ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની હત્યા પછી જબરજસ્ત આક્રોશ

ઢાકાઃ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારની ઘટના સતત વધી રહી છે. સોમવારે રાત્રે વધુ એક હિન્દુની હત્યા કરવામાં આવી હતી, જેની સાથે આંકડો છ પર પહોંચ્યો છે. હિન્દુઓ પર થતા અત્યાચારને લઈ બાંગ્લાદેશમાં લઘુમતીઓની સુરક્ષાને લઈ ગંભીર સવાલ ઉભા થયા છે. આને કારણે ભારત સહિત દુનિયાભરમાંના હિન્દુઓમાં જબરજસ્ત આક્રોશ છે.

મળતી વિગત પ્રમાણે, પાંચમી જાન્યુઆરીએ રાત્રે દસ કલાકે ચોરસિંદૂર બજારમાં કરિયાણાની દુકાન ચલાવતાં વેપારી મોની ચક્રવર્તી પર અજાણ્યા હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયારોથી હુમલો કર્યો હતો. જેમાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. સ્થાનિકો તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. મોની ચક્રવર્તી એક જાણીતો વેપારી હતી.

મોની ચક્રવર્તીની હત્યા પહેલા બાંગ્લાદેશમાં પત્રકાર રાણા પ્રતાપ બૈરાગીની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જશોર જિલ્લાના મનીરામપુર વિસ્તારમાં સોમવારે સાંજે આશરે છ કલાકે પ્રતાપની હત્યા કરવામાં આવી હતી. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર હુમલાખોરો મોટરસાઈકલ લઈને આવ્યા હતા અને તેને બરફની ફેક્ટરી બહાર બોલાવીને નજીકની ગલીમાં લઈ ગયા હતા. બોલાચાલી બાદ તેના માથામાં ગોળી મારી હતી.

ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાયના છ લોકોની હત્યા થઈ ચુકી છે. તેમાં મોની અને રાણા પ્રતાપ ઉપરાંત દીપુ દાસ, અમૃત મંડલ, બ્રજેન્દ્ર વિશ્વાસ અને ખોકોન દાસ સામેલ છે. સતત થઈ રહેલી હત્યાઓના કારણે બાંગ્લાદેશમાં સાંપ્રદાયિક તણાવ વધી રહ્યો છે. હિન્દુ સમુદાયમાં ભયનો માહોલ છે અને લોકો સરકાર પાસે સુરક્ષાની માંગ કરી રહ્યા છે.

વિવિધ સંગઠનો મુજબ, જો હાલ કોઈ કડક પગલાં નહીં લેવામાં આવે તો સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. હાલ મામલાની તપાસ ચાલુ છે પરંતુ અત્યાર સુધી કોઈની ધરપકડની પુષ્ટિ થઈ નથી. છેલ્લા કેટલાક અઠવાડિયામાં બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારના બનાવ સતત વધી રહ્યા છે, જેના કારણે બાંગ્લાદેશમાં વસતા ૧.૩ કરોડ હિન્દુઓમાં ફફડાટ ફેલાયો છે.

# ઓપરેશન સિંદૂરથી ડરેલા પાકિસ્તાને લડાઈ રોકવામાં અમેરિકામાં ભારે લોબિંગ કર્યું હતું

નવી દિલ્હી : જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાનમાં ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. જેના લીધે પાકિસ્તાન ભયભીત થયું હતું. જેના લીધે પાકિસ્તાને આ ઓપરેશન રોકાવવા માટે અમેરિકાને ઉગ્ર રજૂઆત કરી હતી. તેમજ અમેરિકા દ્વારા ભારત પર દબાણ વધારીને સૈન્ય કાર્યવાહી રોકવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગેનો ખુલાસો એક રિપોર્ટમાં કરવામાં આવ્યો છે.

આ અંગે અહેવાલમાં લોબિંગ અંગે જણાવવામાં આવ્યું છે કે, પાકિસ્તાનના રાજદૂત અને ડિફેન્સ અટેચીએ અમેરિકાના કોંગ્રેસ, પેન્ટાગોન, સ્ટેટ ડીપાર્ટમેન્ટ અને મોટા મીડિયા હાઉસ જોડે પચાસથી વધારે મીટિંગની માગ કરી હતી. જેમાં ઈ-મેલ, ફોન કોલ અને વ્યક્તિગત મીટિંગની માગ કરવામાં આવી. જેની માટે પાકિસ્તાને ભારત કરતા ત્રણ ગણો ખર્ચ વધારે કર્યો હતો. આ લોબિંગ એપ્રિલ-મે ૨૦૨૫માં વધુ તેજ થઈ હતી.

આ ઉપરાંત પાકિસ્તાને વોશિંગ્ટનમાં છ લોબિંગ કંપનીઓ સાથે વાર્ષિક આશરે ૪૧ કરોડ રૂપિયાના કરારો પર હસ્તાક્ષર કર્યા. આમાં સીડેન લો એલએલપીનું નામ પણ સામેલ હતું. જેના દ્વારા પાકિસ્તાનને ટ્રમ્પ વહીવટીતંત્ર સુધી ઝડપી પહોંચ મળી. પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે વાઇટ હાઉસ ખાતે એક બેઠકનું આયોજન કર્યું.

આ લોબિંગ કાશ્મીર, પ્રાદેશિક સુરક્ષા, દુર્લભ પૃથ્વી ખનિજો અને દ્વિપક્ષીય સંબંધો પર કેન્દ્રિત હતું. પાકિસ્તાને અમેરિકા મીડિયા પાસેથી ઇન્ટરવ્યુ અને બ્રીફિંગ પણ માંગ્યા હતા. આ દસ્તાવેજો ફોરેન એજન્ટ્સ રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ મેળવવામાં આવ્યા હતા.

પાકિસ્તાનનો પ્રયાસ હતો કે અમેરિકા હસ્તક્ષેપ કરે અને કોઈપણ રીતે ભારતની લશ્કરી કાર્યવાહી બંધ થાય. ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાન પર લશ્કરી અને રાજદ્વારી દબાણ નોંધપાત્ર રીતે વધ્યું હતું. આ લોબિંગને કારણે અમેરિકા-પાકિસ્તાન સંબંધોમાં તીવ્ર પરિવર્તન આવ્યું. શરૂઆતમાં તણાવ હતો, પરંતુ પછીથી ટ્રમ્પની પ્રશંસા તેમના નામે નોબેલ શાંતિ પુરસ્કારની ભલામણ અને વ્યવસાયિક લાભ મેળવવાના પ્રયાસો થયા. વર્ષના અંતમાં લોબિંગ ખર્ચમાં ઘટાડો થયો હતો. તેમજ ઓપરેશન સિંદૂર પછી યુદ્ધવિરામ લાગુ કરવામાં આવ્યો.

# ઋષિકેશ, હરિદ્વારમાં માત્ર હિન્દુઓને પ્રવેશ?

દેહરાદૂનઃ હરિદ્વારમાં મુખ્ય હર-કી-પૌડી ઘાટની જાળવણીની દેખરેખ રાખતા સાંધુસંતો અને ગંગા સભા દ્વારા કરવામાં આવેલી માગણીને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડ સરકાર હરિદ્વારના ૧૦૫ ચો.કિ.મી. વિસ્તારમાં આવેલા ૧૦૫ ઘાટ પર બિનહિન્દુ લોકોનાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની યોજના બનાવી રહી છે. આ ઉપરાંત ઉત્તરાખંડ સરકાર ઋષિકેશ અને હરિદ્વારને 'સનાતન પવિત્ર શહેર' જાહેર કરવાની પણ યોજના ઘડી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૪ જાન્યુઆરી ૨૦૧૭માં યોજાનારા અર્ધ કુંભથી આ પ્રક્રિયાનો આરંભ કરવામાં આવે એવી શક્યતા છે.

ભારતરત્ન પંડિત મદન મોહન માલવિયા અને બ્રિટિશરો વચ્ચે વર્ષ ૧૯૧૬માં થયેલા કરારની વિગતો મેળવવાનાં સરકાર પ્રયાસ કરી રહી છે. માલવિયા ગંગા સભાના પ્રથમ પ્રમુખ હતા. વર્ષ ૧૯૧૬ના કરારનો મુખ્ય આશય કોઈપણ પ્રકારના અવરોધ વિના ગંગા નદીના પ્રવાહને જાળવી રાખવામાં આવે અને શહેરની પવિત્રતા જાળવી રાખવાનો હતો. બિનહિન્દુઓના પ્રવેશ પર નિયંત્રણનો પણ આ કરારમાં સમાવેશ થતો હતો.

કરારમાં જણાવ્યાનુસાર કોઈપણ બિનહિન્દુ પવિત્ર ઋષિકેશ અને હરિદ્વાર શહેરમાં કાયમી નિવાસસ્થાન ન રાખી શકે અને તેઓ માત્ર કામચલાઉ રીતે કામ માટે આવી શકે તેમ જ કામ પૂરું થતાં જ શહેર છોડીને જતા રહે.

આ મામલે બોલતાં મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામીએ કહ્યું હતું કે દેવભૂમિની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખવા અમારી સરકાર જરૂરી તમામ પગલાં લેશે. આ બંને શહેરને સનાતન શહેર જાહેર કરવાની માગણીને અમે ધ્યાન પર લીધી છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# ભારતની સીમા પાસેના નેપાળનાં બે ગામમાં થઈ ભયંકર સાંપ્રદાયિક હિંસા, હજી ટેન્શન

કાઠમંડુઃ પડોશી દેશ નેપાળમાં ફરી એક વખત હિંસા ભડકી છે. ભારતીય સરહદ નજીક આવેલા નેપાળના પારસા અને ધનુષા ધામ જિલ્લામાં હિંસા ફેલાતા અલર્ટ જાહેર કરાયું છે. આ ઉપરાંત ભારત-નેપાળ સરહદ પણ સીલ કરી દેવામાં આવી છે.

ધનુષા જિલ્લામાં મસ્જિદમાં તોડફોડ બાદ નેપાળમાં સાંપ્રદાયિક હિંસા ફરી શરૂ થઈ છે. જેની તસવીરો પણ વાયરલ થઈ છે. પારસાના બીરજંગમાં હિંસક પ્રદર્શન પર કાબુ મેળવવા માટે પોલીસે ટિયર ગેસના શેલ છોડ્યા હતા. પારસા જિલ્લાની સરહદ બિહારના રક્સોલ જિલ્લાને જોડે છે. દક્ષિણ નેપાળામાં સરહદથી આવ-જા રોકવા માટે ભારતીય સરહદ સીલ કરી દેવામાં આવી છે. માત્ર ઈમર્જન્સી સેવાને જ મંજૂરી આપવામાં આવી છે. ધનુષા જિલ્લામાં કમલા નગરપાલિકામાં મસ્જિદમાં તોડફોડ અને કુરાન સળગાવવાની ઘટના બાદ લોકો ભડક્યા હતા. આના પછી મુસ્લિમ સંપ્રદાયે વિરોધ પ્રદર્શન કર્યું, જે હિંસક બન્યું હતું. તંત્ર દ્વારા શાંતિ જાળવી રાખવાની અપીલ કરી છે અને દોષિતો સામે કડક કાર્યવાહીનું આશ્વાસન અપાયું છે.

પથ્થરમારા બાદ પોલીસે ટોળાને વેરવિખેર કરવા માટે ટિયર ગેસના શેલ પણ છોડ્યા હતા. અનેક પોલીસકર્મી પણ ઘાયલ થયાના અહેવાલ છે. સૂત્રો મુજબ, સહદેવા, મહદેવા, પનટોકા, સિવાન ટોલા અને મુશહરવા જેવા અન્ય સરહદીય વિસ્તારોમાં પણ સુરક્ષા વધારાવામાં આવી છે.

આ વિસ્તારોમાં દરેક ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી છે. તંત્ર દ્વારા કર્ફ્યુ દરમિયાન સુરક્ષા દળોને દેખાવકર્તાને ગોળી મારવાનો પણ આદેશ આપ્યો છે. તેમજ લોકોને જરૂરી કામ સિવાય બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે.

# ત્રણ વર્ષમાં ૧૪૪ અબજ યુરોનું ક્રૂડ ભારતે રશિયા પાસેથી ખરીદ્યું

નવી દિલ્હીઃ રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં ભારતે રશિયા પાસેથી ૧૪૪ અબજ યુરોનું ક્રૂડ ખરીદ્યું છે અને તેને કારણે રશિયાને રશિયાને ક્રૂડ તેલના કુલ વૈશ્વિક વેચાણ થકી એક ટ્રિલ્યન યુરોની આવક થઈ હોવાનું યુરોપિયન થિન્ક ટૅન્કે મંગળવારે કહ્યું હતું.

સેન્ટર ફૉર રિસર્ચ ઑન એનર્જી ઍન્ડ ક્લિન ઍર (સીઆરઈએ)ના જણાવ્યા અનુસાર ચીન બાદ રશિયા પાસેથી સૌથી વધુ ક્રૂડતેલ ખરીદનારાં દેશોની યાદીમાં ભારત બીજા ક્રમે રહ્યું હતું.

ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં ચીને રશિયા પાસેથી ૨૧૦.૩ અબજ યુરોનું ક્રૂડતેલ ખરીદ્યું છે. આ ઉપરાંત ચીને આ જ સમયગાળામાં રશિયા પાસેથી ૪૨.૭ અબજ યુરોનો કોલસો અને ૪૦.૬ અબજ યુરોનો ગૅસ પણ ખરીદ્યો હોવાનું તેમણે કહ્યું હતું. રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં ચીને રશિયા પાસેથી ક્રૂડ તેલ સહિત ૨૯૩.૭ અબજ યુરોની સામગ્રી ખરીદી છે.

બીજીતરફ ભારતે આ જ સમયગાળામાં રશિયા પાસેથી ૧૬૨.૫ અબજ યુરોનું અશ્મિજન્ય ઈંધણ, ૧૪૩.૮૮ અબજ યુરોનું ક્રૂડ તેલ અને ૧૮.૧૮ અબજ યુરોનો કોલસો ખરીદ્યો હોવાનું સીઆરઈએ એ જણાવ્યું હતું. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### યુપીમાં 'સર'

૧૨,૫૫,૫૬,૦૨૫ એટલે કે ૮૧.૩૦ ટકા મતદારોના ફોર્મ જ મળ્યાં હતાં. ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરવા અગાઉ ૩૧મી ડિસેમ્બર મુકરર કરવામાં આવી હતી, પરંતુ ઉપરોક્ત કારણોસર આ યાદી જાહેર કરવામાં વિલંબ થયો હોવાનું તેમણે કહ્યું હતું. ડ્રાફ્ટ મતદારયાદીમાંથી ૨.૮૯ મતદારોના નામની બાદબાકી અંગે જણાવતાં તેમણે કહ્યું હતું કે આમાંનાં ૪૬.૨૩ લાખ મતદાર મૃત્યુ પામ્યા હતા તો ૨.૫૭ કરોડ મતદાર કાયમી ધોરણે સ્થળાંતર કરી ગયા હતા કે પછી વૅરિફિકેશન વખતે હાજર નહોતા અને ૨૫.૪૭ લાખ મતદારોના નામ એક કરતાં વધુ જગ્યાએ નોંધાયેલાં હતાં. (એજન્સી)

### ગ્રીનલૅન્ડ પર

ગ્રીનલેન્ડના સાર્વભૌમત્વના બચાવમાં જોડાયા હતા, જે ડેન્માર્ક રાજ્યનો સ્વ-શાસિત પ્રદેશ છે. ફ્રેડરિકસેનની ચેતવણી છતાં કે ગ્રીનલૅન્ડ પર અમેરિકાનો કબજો નાટો લશ્કરી જોડાણના અંત સમાન હશે, વાઇટ હાઉસના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ સ્ટીફન મિલરે સોમવારે કહ્યું કે ગ્રીનલેન્ડ અમેરિકાનો ભાગ હોવો જોઈએ.

મિલરે સોમવારે બપોરે સીએનએન સાથેની એક મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે પ્રમુખ મહિનાઓથી સ્પષ્ટ છે કે અમેરિકા એ રાષ્ટ્ર હોવું જોઈએ જેની પાસે ગ્રીનલેન્ડ આપણા એકંદર સુરક્ષા ઉપકરણનો ભાગ હોવો જોઈએ.

વેનેઝુએલામાં સપ્તાહના અંતે યુએસ લશ્કરી કાર્યવાહી પછી, ડેનિશ નેતાએ ગ્રીનલેન્ડના વડા પ્રધાન અને અન્ય યુરોપિયન નેતાઓ સાથે મળીને ટ્રમ્પના વ્યૂહાત્મક, ખનિજ સમૃદ્ધ આર્કટિક ટાપુને યુએસ નિયંત્રણ હેઠળ લાવવાના નવા આહ્વાનને સખત રીતે નકારી કાઢ્યા બાદ તેમની ટિપ્પણીઓ આવી હતી.

### શું ટ્રમ્પ કરશે

થઈ ગયો છે. ચવ્હાણે જણાવ્યું હતું કે, અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફથી પ્રભાવિત થયેલા નિકાસકારોને રાહત આપવા માટે કેન્દ્ર સરકાર સપ્લાયના સ્રોતોમાં વૈવિધ્ય લાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, ૫૦ ટકા ટેરિફ સાથે વ્યાપાર કરવો શક્ય નથી. વાસ્તવમાં, આ ભારત-અમેરિકા વ્યાપાર, ખાસ કરીને ભારતથી અમેરિકામાં થતી નિકાસને રોકવા સમાન છે. સીધો પ્રતિબંધ લાદી શકાતો નથી, તેથી વ્યાપાર અટકાવવા માટે ટેરિફનો હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. ભારતને આ સહન કરવું પડશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ અમેરિકામાં નિકાસ કરીને આપણા લોકો જે નફો મેળવતા હતા તે હવે ઉપલબ્ધ રહેશે નહીં. આપણે વૈકલ્પિક બજારો શોધવા પડશે, અને તે દિશામાં પ્રયાસો અત્યારે ચાલુ છે.

ચવ્હાણે પૂછ્યું કે, અત્યારે પ્રશ્ન એ છે કે હવે આગળ શું? શું વેનેઝુએલામાં જે થયું તેવું ભારતમાં થશે? શું ટ્રમ્પ આપણા વડાપ્રધાનનું અપહરણ કરશે?

ચવ્હાણના આ નિવેદન બદલ તેમની ટીકા કરતા ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કહ્યું હતું કે, કોંગ્રેસ દરરોજ નવી નીચલી સપાટીએ જઈ રહી છે. કોંગ્રેસના નેતા પૃથ્વીરાજ ચવ્હાણ નિર્લજ્જતાથી ભારતની સ્થિતિની સરખામણી વેનેઝુએલા સાથે કરી રહ્યા છે. 'વેનેઝુએલામાં જે થયું તે ભારતમાં થઈ શકે છે' એમ પૂછીને કોંગ્રેસ તેની ભારત વિરોધી માનસિકતા સ્પષ્ટ કરી રહી છે. રાહુલ ગાંધી ભારતમાં અરાજકતા ઈચ્છે છે. રાહુલ ગાંધી ભારતના આંતરિક મામલામાં વિદેશી હસ્તક્ષેપ ઈચ્છી રહ્યા છે.

### જેએનયુમાં નફરતનું

સૂત્રોચ્ચાર કર્યા હતા. આ વિરોધ પ્રદર્શન તાજેતરના કોર્ટના ચુકાદા અને પાંચમી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ કેમ્પસ પર થયેલા હુમલાની છઠ્ઠી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત કરવામાં આવ્યું હતું. જેએનયુ વહીવટીતંત્રે પોલીસને આરોપીઓ સામે એફઆઈઆર નોંધવા અપીલ કરી છે.

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના સુરક્ષા વડાએ સોમવારે રાત્રે કેમ્પસમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ વિરુદ્ધ લગાવવામાં આવેલા કથિત ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર સામે એફઆઈઆર નોંધાવવાની માંગણી સાથે દિલ્હી પોલીસને પત્ર લખ્યો છે. સાબરમતી હોસ્ટેલની બહાર આયોજિત એક કાર્યક્રમ દરમિયાન સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ જાન્યુઆરી ૨૦૨૦માં જેએનયુમાં હિંસાની છઠ્ઠી વર્ષગાંઠ ઉજવવા'' માટે આયોજિત કરવામાં આવ્યો હતો.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે કાર્યક્રમ શરૂ થયો હતો ત્યારે તે ફક્ત આ વર્ષગાંઠની ઉજવણી સુધી મર્યાદિત હતો, પરંતુ જેલમાં બંધ ઉમર ખાલિદ અને શરજીલ ઇમામના જામીન નકારવાના સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી કાર્યક્રમ બદલાઈ ગયો. જેએનયુના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઇમામ અને ખાલિદ બંને ૨૦૨૦ના દિલ્હી રમખાણોમાં કથિત મોટા કાવતરા સાથે જોડાયેલા યુએપીએ કેસમાં કસ્ટડીમાં છે.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે કેટલાક વિદ્યાર્થીઓએ ખૂબ જ વાંધાજનક, ઉશ્કેરણીજનક અને ભડકાઉ સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું, આરોપ મુકવામાં આવ્યો છે કે આ ભારતીય સુપ્રીમ કોર્ટનું સીધું અપમાન છે. પત્રમાં વધુમાં જણાવાયું છે કે આ સૂત્રો લોકશાહી અસંમતિ સાથે અસંગત હતા અને જેએનયુ આચારસંહિતાનું ઉલ્લંઘન કરતા હતા.

દિલ્હીના મંત્રીઓ કપિલ મિશ્રા, મનજિંદર સિંહ સિરસા અને આશિષ સૂદે મંગળવારે ૨૦૨૦ના દિલ્હી રમખાણોના કાવતરા કેસમાં ઉમર ખાલિદ અને શર્જિલ ઇમામને જામીન નકારવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ જેએનયુ ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વિવાદાસ્પદ સૂત્રોચ્ચાર કરવાની ટીકા કરી હતી.

વિરોધ પ્રદર્શનના એક કથિત વીડિયો અનુસાર, કોર્ટે જામીન અરજીઓ નકારી કાઢ્યા બાદ સોમવારે રાત્રે જેએનયુ ખાતે વિદ્યાર્થીઓના એક જૂથે યુનિવર્સિટી કેમ્પસમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. કાયદા પ્રધાન કપિલ મિશ્રાએ કહ્યું હતું કે, સાપને કચડવામાં આવી રહ્યા છે અને સાપના બચ્ચા ચીસો પાડી રહ્યા છે. ગુનેગારો નક્સલવાદીઓ અને આતંકવાદીઓના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરનારાઓ હવે હતાશ થઈ ગયા છે કારણ કે તેમની દુષ્ટ યોજનાઓ એક પછી એક તોડી પાડવામાં આવી રહી છે. આ ગુનેગારોને ટેકો આપનારાઓને કડક સજા આપવી જોઈએ.

# અજિત પવારના પક્ષને આંબેડકરની વિચારધારામાં શ્રદ્ધા

## ભાજપ નેતાના ‘આદર સાવરકર’નું નિવેદન સાથી એનસીપીને ખટક્યું

મુંબઈ: સાથી પક્ષો હિન્દુત્વવાદી વિચારક વિનાયક દામોદર સાવરકર પ્રત્યે આદર રાખે એવું સૂચન મહારાષ્ટ્રના પ્રધાન આશિષ શેલારે મંગળવારે કરતા અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપી તરફથી તીવ્ર પ્રતિક્રિયા આવી છે. અજિત પવારનો પક્ષ આંબેડકરની વિચારધારા અને આદર્શોમાં શ્રદ્ધા ધરાવે છે.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં મોટા માથાઓના પ્રચારમાં સાવરકરના પ્રવેશથી મહાયુતિ ગઠબંધનના બે સાથી પક્ષો વચ્ચે નવો તણખો જોવા મળ્યો છે. પુણે - પિંપરી ચિંચવડમાં કાકા શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (સપા) સાથે ગઠબંધન કરનાર અજિત પવાર મહાનગરપાલિકાના મુદ્દે સ્થાનિક ભાજપના નેતૃત્વને નિશાન બનાવી રહ્યા છે.

શેલારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ રવિન્દ્ર ચવ્હાણે પહેલેથી જ સ્પષ્ટતા કરી દીધી છે કે પક્ષ સાવરકરની વિચારધારાને અનુસરે છે અને સાથે રહેનારા લોકો પણ એ વિચારોનું સન્માન કરે એવી અપેક્ષા રાખે છે. જો તમે અમારી સાથે રહેશો તો આપણે સાથે મળીને કામ કરીશું. જો તમે નહીં કરો તો પણ અમે તો અમારું કામ ચાલુ રાખીશું. જો તમે અમારો વિરોધ કરશો, તો અમે પણ તમારો પણ વિરોધ કરીશું, પરંતુ અમારું કામ ચાલુ રહેશે.

એનસીપીના નેતા અમોલ મિટકરીએ અજિત પવાર અને તેમના પક્ષએ ભાજપના વૈચારિક નેતૃત્વ હેઠળ કામ કરવું જોઈએ એવા ભાજપના આગ્રહ પર સવાલ ઉઠાવી કહ્યું હતું કે અત્યારે તો હું માત્ર એટલું જ કહીશ કે અમે શિવ-શાહુ-ફૂલે-આંબેડકર આંદોલન પ્રત્યે પ્રતિબદ્ધ હતા, છીએ અને રહીશું. ■

# એમસીએની ચૂંટણીમાં નિયમ ચાતરી જવા બદલ રોહિત પવારને હાઈ કોર્ટની ફટકાર, ચૂંટણી પર સ્ટે

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી-એસપી)ના વિધાનસભ્ય રોહિત પવારની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન (એએમસીએ)ની ચૂંટણી પર બોમ્બે હાઈ કોર્ટે રોક લગાવી દીધી છે. પ્રથમ દ્રષ્ટિએ આ મામલો ન્યાયિક હસ્તક્ષેપ માટે યોગ્ય હોવાનો ઉલ્લેખ કરી અને મંગળવારે વિગતવાર આદેશ પસાર કરવામાં આવશે એમ પણ અદાલતે જણાવ્યું છે.

ચીફ જસ્ટિસની અધ્યક્ષતા હેઠળની ખંડપીઠે સોમવારે લાંબી સુનાવણી બાદ સંબંધિત ચૂંટણી અધિકારીને ચૂંટણી પ્રક્રિયા આગળ ન વધારવાનો નિર્દેશ આપી આ મામલે વિગતવાર આદેશ મંગળવારે સવારે જારી કરવામાં આવશે એવી સ્પષ્ટતા કરી હતી.

ભૂતપૂર્વ ક્રિકેટર અને ભાજપના પદાધિકારી કેદાર જાધવ, લાતુર ક્રિકેટ એસોસિએશન અને અનંત મતેએ સુપ્રીમ કોર્ટના નિયમો અને આદેશોનું ઉલ્લંઘન અને સભ્યપદમાં સગાવાદનો આક્ષેપ કરી હાઈ કોર્ટમાં અરજી કરી ચૂંટણી પ્રક્રિયા પર રોક લગાવવાની પણ માંગ કરી હતી. અરજદારોએ આરોપ મૂક્યો હતો કે સુપ્રીમ કાઉન્સિલના વર્તમાન અધ્યક્ષ રોહિત પવાર અને તેમની ટીમે કાયદાની યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના સભ્યોની સંખ્યા ૧૫૪ થી વધારીને ૫૭૦ કરી દીધી છે.

અરજીમાં આરોપ કરવામાં આવ્યો છે કે છેલ્લા ૩૦ - ૪૦ વર્ષથી એમસીએના સભ્યપદની સંખ્યા ૧૫૪ હતી, પરંતુ આ વર્ષે ચૂંટણી પહેલા ૪૦૦ સભ્યોને વિવિધ શ્રેણીમાં સામેલ કરવામાં આવ્યા હતા. ભારતીય ક્રિકેટ બોર્ડના સભ્યો પણ આ જ રીતે વધારવામાં આવ્યા એના ઓર અંકુશ રાખવા નિવૃત્ત ન્યાયમૂર્તિ આર.કે.સિન્હાની અધ્યક્ષતા હેઠળ સમિતિ સ્થાપવામાં આવી હતી. જનરલ એસેમ્બલીના સભ્યપદ લગભગ ૧૫૦ થી વધારીને ૬૦૦ થી વધુ કરવા માટે ૪૦૧ નવા આજીવન સભ્યોનો અચાનક સમાવેશ કરવામાં આવ્યો છે. આ નવા સભ્યોમાંથી ૨૫ જણ બરખાસ્ત થઈ રહેલી સુપ્રીમ કાઉન્સિલના સભ્યોના નજીકના સંબંધીઓ અથવા સહયોગી છે. ■

# ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સુરેશ કલમાડીનું નિધન

પુણે: કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સુરેશ કલમાડીનું મંગળવારે વહેલી સવારે પુણેમાં લાંબી બીમારી બાદ નિધન થયું હતું, એવી માહિતી પરિવારના સૂત્રોએ આપી હતી. તેઓ ૮૧ વર્ષના હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે કલમાડીએ સવારે લગભગ ૩.૩૦ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા.તેમણે કેન્દ્રીય રેલવે ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન તરીકે સેવા આપી હતી અને ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (આઈઓએ)ના ભૂતપૂર્વ પ્રમુખ હતા.

પુણેના એક અગ્રણી રાજકીય વ્યક્તિ, કલમાડીએ લોકસભામાં અનેક વખત શહેરનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે તેમના રાજકીય કારકિર્દી દરમિયાન અનેક મહત્ત્વના હોદ્દાઓ સંભાળ્યા હતા અને ઘણા વર્ષો સુધી રાષ્ટ્રીય સ્તરે રમતગમતના વહીવટ સાથે સંકળાયેલા હતા.

પક્ષના ભેદભાવ દૂર રાખીને બધા જ પક્ષના રાજકીય નેતાઓએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને જાહેર જીવનમાં તેમના યોગદાનને શ્રદ્ધાંજલિ આપી હતી.

કલમાડીના પરિવારમાં તેમની પત્ની, પુત્ર અને પુત્રવધૂ, બે પરિણીત પુત્રીઓ અને એક જમાઈ, તેમજ પૌત્રો છે. ■

# નીતા અંબાણીએ મુંબઈમાં ભારતની ત્રણેય વર્લ્ડ કપ વિજેતા ટીમોનો આભાર માન્યો




મુંબઈ: શ્રીમતી નીતા એમ. અંબાણીએ સોમવારે મુંબઈમાં દરેક ભારતીય વતી ભારતની ત્રણ વર્લ્ડ કપ વિજેતા ટીમો: પુરુષો, મહિલાઓ અને અંધ મહિલાઓનો આભાર માન્યો હતો. આ પ્રસંગે તેઓએ જણાવ્યું હતું કે આપણે નવા વર્ષની શરૂઆત ખૂબ જ સારા પ્રસંગ સાથે કરી રહ્યા છે. ત્રણેય ક્રિકેટ ટીમો, પુરુષોની ક્રિકેટ ટીમ, મહિલા ક્રિકેટ ટીમ અને ભારતની અંધ ક્રિકેટ ટીમ અહીં એક છત હેઠળ છે. દરેક ભારતીય વતીથી આનંદ અને ખુશી આપવા બદલ તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે રમતગમત હૃદય અને ભારતને જોડે છે. આ ઉજવણીના કેન્દ્રમાં ભારતના ત્રણ વર્લ્ડ કપ વિજેતા કેપ્ટનો રોહિત શર્મા, હરમન પ્રીત કૌર અને દીપિકા ટીસીના નેતૃત્વ અને વિશ્વાસે ઐતિહાસિક જીતનો આકાર આપ્યો હતો. ■

**CHANGE IN NAME**

I the undersigned hereby declare that I have changed my name from SHETH FENY NITESHKUMAR TO BUSA FENY SHREY.

Sd/- BUSA FENY SHREY

**શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ**

હિંગવાલા લેન ઘાટકોપર (પૂર્વ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.

**જાહેર વિનંતી**

સભ્યો જોગ

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે શ્રી હિંગવાલા સંઘ તેમનાં સભ્યો ના લિસ્ટ પુનઃ માન્યતા (Revalidation) કરવાની પ્રક્રિયા ચાલુ કરી છે. દરેક માનનીય સભ્યો એ પોતાના સભ્ય પદ ને પુનઃ માન્યતા અપાવી કાયમી સભ્યપદ મેળવી લેવી.

આપ સૌ ના સહકાર બદલ આભાર.

Visit us at www.hingwalaupashray.in for Revalidation or

મદદ માટે સમય : દરરોજ સવારે ૧૨ થી ૧ અને સાંજના ૪ થી ૬ શ્રી હિંગવાલા સંઘની ઓફિસ માં

આશા છે આપ સૌના પ્રતિસાદ શીઘ્ર પ્રાપ્ત થશે.

લિ : માનદ મંત્રીઓ

ફક્ત જૂના સભ્યો માટે

## ડિઝાઈન લાઈબ્રેરી



મુંબઈ: મુંબઈ ડિઝાઈન લાઈબ્રેરીમાં શ્રેષ્ઠ શૈલી સાથે નવા વર્ષની શરૂઆત કરો. ડિઝાઈનર વસ્ત્રો, વૈભવી એસેસરીઝ અને ટ્રેન્ડ-ડિફાઈનિંગ કલેક્શનનો અહીં ખજાનો મળશે જે આધુનિક લાવણ્ય અને તમારી પસંદગીને પ્રતિબિંબિત કરે છે. આ શોકેસ નવી શરૂઆત અને આત્મવિશ્વાસપૂર્ણ શૈલી પસંદગીને પ્રેરણા આપવા રચાયેલ છે. ફોર સિઝન્સ, વરલી ખાતે ૭મી અને ૮મી જાન્યુઆરી. ■

# ‘વિલાસરાવની યાદો ભૂંસી નાખવા’નું નિવેદન: રવીન્દ્ર ચવ્હાણે આખરે દિલગીરી વ્યક્ત કરી

### રિતેશ દેશમુખે કહ્યું ‘લખ્યું ભૂંસાય, દિલથી ભૂંસાય નહી’

મુંબઈ: મહારાષ્ટ્રના સ્વર્ગસ્થ પૂર્વ મુખ્ય પ્રધાન વિલાસરાવ દેશમુખ અંગે નિવેદન આપીને ભાજપના રાજ્ય પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણે વિવાદ ઊભો કર્યો છે, જેને કારણે મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયું છે. લાતુરમાં એક જાહેર સભા દરમિયાન ચવ્હાણે કહ્યું હતું કે વિલાસરાવ દેશમુખની તમામ સ્મૃતિઓ લાતુરમાંથી ભૂંસી નાખવામાં આવશે. કોંગ્રેસના નેતાઓની પ્રતિક્રિયા બાદ હવે વિલાસરાવના દીકરા બોલિવૂડ અભિનેતા રિતેશ દેશમુખે પણ પ્રતિક્રિયા આપી છે. નોંધનીય છે કે લાતુર વિલાસરાવ દેશમુખનું વતન છે. રિતેશ દેશમુખે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કરીને કહ્યું કે તેમના પિતાનો વારસો લોકોના હૃદયમાં અતૂટ છે. તેમની યાદો બહારનો કોઈ પણ વ્યક્તિની ભૂંસી શકે નહીં.

#### ચવ્હાણે સભામાં શું કહ્યું હતું?

સોમવારે લાતુરમાં ભાજપના કાર્યકર્તાઓને સંબોધતા ચવ્હાણે કહ્યું કે તમારો ઉત્સાહ જોઈને, હું ખાતરીપૂર્વક કહી શકું કે આ શહેરમાંથી વિલાસરાવ દેશમુખની તમામ યાદો ભૂંસાઈ જશે. ચવ્હાણની આ ટિપ્પણી પર ભાજપના કાર્યકર્તાઓએ તાળીઓ પાડી. આ સભા દરમિયાન ભારત માતા કી જય અને વંદે માતરમ્‌ના નારા પણ લાગવવામાં આવ્યા. છેવટે ચવ્હાણે યુ-ટર્ન લઇ દિલગીરી વ્યક્ત કરી હતી. ચવ્હાણના નિવેદનની વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં કોંગ્રેસ તરફથી આકરી પ્રતિક્રિયા આપવા આવી. કોંગ્રેસના નેતાઓએ ચવ્હાણની ટીકા કરી અને તેમના નિવેદનને બેજવાબદાર ગણાવ્યું. ■

#### રિતેશ દેશમુખે શું કહ્યું?

હવે વિલાસરાવના દીકરા બોલિવૂડ અભિનેતા રિતેશ દેશમુખે પણ ભાવુક સંદેશ સાથે પ્રતિક્રિયા આપી. રિતેશે એક વિડીયો શેર કરીને મરાઠી ભાષામાં કહ્યું કે બંને હાથ જોડીને કહું છું કે જે વ્યક્તિ લોકો માટે કામ કરે છે તેનું નામ લોકોના મનમાં કોતરાયેલું રહે છે. જે લખ્યું છે તે ભૂંસી શકાય છે, પરંતુ મનમાં કે કોતરાયેલું હોય છે તેને નહીં. જય મહારાષ્ટ્ર. ■

# નારાયણ રાણેનો યુ-ટર્ન: કેવી નિવૃત્તિ ને કેવી વાત

મુંબઈ: ભાજપના વરિષ્ઠ કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણેએ કણકવલીની એક સભામાં આપેલા જોરદાર ભાષણમાં ભૂતકાળને યાદ કરી બંને બાળકોની પ્રશંસા કરી હતી. પરિણામે નારાયણ રાણે હવે સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લેશે કે કેમ તે અંગે ચર્ચા થઈ હતી. જોકે ચિપળૂણના કૃષિ મહોત્સવમાં આ વિશે પૂછવામાં આવ્યું હતું તેમણે નિવૃત્તિની વાતને ફગાવી દીધી હતી. કણકણવલીની બેઠકમાં નારાયણ રાણેએ જણાવ્યું હતું કે મારા રાજકીય પ્રવાસમાં મને કોઈએ મદદ નથી કરી. ઘણા લોકોએ અટકાવવાની કોશિશ કરી હતી. આજે કશું નથી કહેવું, જે કહેવું છે એ આત્મકથામાં રજૂ કરીશ. અનેક વર્ષ હું એક પદ પર હતો ત્યારે પણ મારી વિરુદ્ધ ષડયંત્ર રચવામાં આવ્યા હતા. ત્યારે પણ મુશ્કેલીઓનો સામનો કર્યો હતો અને આજે પણ કરી રહ્યો છું, પણ હવે બધું સમેટી ઘરે બેસવાની ઈચ્છા છે. શા માટે તેમને ષડયંત્ર કરવાની તકલીફ આપવી ? બંને દીકરા સારા છે. ■





‘‘વારંવાર હુમલાઓ છતાં, આપણું સોમનાથ મંદિર આજે પણ અટલ છે. સોમનાથ એ ભારત માતાના અસંખ્ય બહાદુર પુત્રોના સ્વાભિમાન અને અદમ્ય હિંમતની ગાથા છે.’’

- શ્રી નરેન્દ્ર મોદી
વડા પ્રધાન

**ભારતની અતૂટ શ્રદ્ધા અને ભક્તિના ૧૦૦૦ વર્ષની ઉજવણી**

**सोमनाथ स्वाभिमान पर्व**

સોમનાથ - ભગવાન સોમેશ્વરના અસંખ્ય ભક્તોના સંકલ્પનું પ્રતીક, જે બર્માહારિક વિદેશી આક્રમણકારોના વિનાશક હુમલાઓ સામે અડગ રહ્યા છે

સોમનાથ - જ્યાં મહાદેવના ત્રિશૂળે ક્રૂર તલવારો સામે વિજય મેળવ્યો

સોમનાથ સ્વાભિમાન પર્વ સનાતન ધર્મની આધ્યાત્મિક સ્થિતિસ્થાપકતાને યાદ કરે છે જે એક સહસ્ત્રાબ્દીથી વધુ સમયથી ટકી રહી છે.

**તહેવારની મુખ્ય વિશેષતાઓ**

**૮ - ૯ જાન્યુઆરી ૨૦૨૬**
- ૭૨ કલાકનો ‘અખંડ ઓમકાર’ જાપ
- સતત શંખ ફૂંકતા
- મહાઆરતી
- ભક્તિ સંગીત

**૧૦ જાન્યુઆરી ૨૦૨૬**
- અખંડ ઓમકાર જાપનો સમાપન સમારોહ
- શંખ ફૂંકવો
- મહાઆરતી
- ભક્તિ સંગીત
- અદ્ભુત ડ્રોન શો

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬**
- મહા અભિષેક
- મહાઆરતી
- શૌર્ય યાત્રા
- શૌર્ય સભા
- ભારતના માનનીય વડા પ્રધાનનું ખાસ સંબોધન

આવો, મોટી સંખ્યામાં જોડાઓ અને ઐતિહાસિક રાષ્ટ્રીય ઉજવણીનો ભાગ બનો જે ભારતની અદમ્ય સભ્યતા, ચેતના અને સાંસ્કૃતિક ગૌરવનું સન્માન કરે છે.

CBC 09101/13/0031/2526

# ચૂંટણીને પગલે કલ્યાણ પોલીસ દ્વારા ૨,૫૦૦થી વધુ પ્રતિબંધાત્મક કાર્યવાહી

## સિક્યોરિટી માટે ૨૪ ડ્રોનનો ઉપયોગઃ પોલીસ-એસઆરપીએફ બંદોબસ્તમાં તહેનાત

થાણે: કલ્યાણ-ડોમ્બિવલી મહાનગરપાલિકાની ૧૫ જાન્યુઆરીએ થનારી ચૂંટણીને ધ્યાનમાં રાખી કલ્યાણ ઝોન-૩ની પોલીસ દ્વારા ૨,૫૦૦થી વધુ પ્રતિબંધાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર અતુલ ઝેંડેએ જણાવ્યું હતું કે ચૂંટણીમાં સંભવિત અવરોધ ટાળવા માટે કાયદાની વિવિધ કલમો હેઠળ ૨,૫૨૭ પ્રતિબંધાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. અમારા ઝોનની હદમાંથી લાઈસન્સવાળાં ૧,૩૦૧ શસ્ત્રમાંથી ૧,૧૧૦ જમા કરવામાં આવ્યાં છે અને હજુ ૪૯ શસ્ત્ર પણ ટૂંક સમયમાં જમા કરવામાં આવશે. જમા કરવાનાં બાકી શસ્ત્રો બૅન્કો અને અન્ય એજન્સીઓ સાથે સંકળાયેલાં છે. પોલીસ દ્વારા બે દેશી બનાવટની પિસ્તોલ, બે કારતૂસ, ૪૫ છરા, પાંચ ચોપર અને ત્રણ તલવાર પણ જપ્ત કરવામાં આવી હોવાનું ઝેંડેએ જણાવ્યું હતું.

આ ઉપરાંત ૭૭૯.૫૭ લિટર ગેરકાયદે દેશી અને વિદેશી શરાબ, ૧.૭૮ કિલો ગાંજો અને કોડેન સિરપની ૧૨૦ બૉટલ જપ્ત કરવામાં આવી હતી. ગેરકાયદે શરાબના વ્યવસાય સાથે કડી ધરાવતા ૧૦૭ જણને તાબામાં લેવાયા હોવાનું ડીસીપીએ જણાવ્યું હતું.

રોકડ જપ્ત કરવા વિશે અધિકારીએ જણાવ્યું હતું કે કલ્યાણ પૂર્વના કચોરે સ્થિત ગાંવદેવી મંદિર નજીકથી નવ લાખ રૂપિયા જપ્ત કરાયા હતા. રેકોર્ડ પરના ૧૦ આરોપીને જિલ્લાની બહાર તડીપાર કરવામાં આવ્યા છે અને અનેક લોકો વિરુદ્ધ મહારાષ્ટ્ર પ્રિવેન્શન ઑફ ડેન્જરસ ઍક્ટિવિટીઝ (એમપીડીએ) અને એમસીઓસીએ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હોવાનું ઝેંડેએ જણાવ્યું હતું.

ચૂંટણી માટે સલામતીની યંત્રણાના ભાગ રૂપે ૨૪ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એ સિવાય બે ડીસીપી, આઠ એસીપી, ૪૫ ઈન્સ્પેક્ટર, ૨૯૩ એપીઆઈ/પીએસઆઈ, ૨૧૩૪ કોન્સ્ટેબલ, ૧૪૫૬ હોમ ગાર્ડ્સ અને એસઆરપીએફના જવાનોની નવ પ્લૅટૂન્સ સુરક્ષાવ્યવસ્થા માટે તહેનાત કરવામાં આવી છે, એવું ઝેંડેએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

### મુંબઈના મેયરનો વિવાદઃ

## મહારાષ્ટ્ર કૉંગ્રેસના વડાએ ધ્રુવીકરણ કરનારા નિવેદનોની ટીકા કરતાં કહ્યું કે મુંબઈનો આગામી મેયર 'ભારતીય' હશે

નાગપુરઃ મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે મંગળવારે કહ્યું હતું કે મુંબઈના આગામી મેયર 'ભારતીય, મહારાષ્ટ્રીયન અને મુંબઈકર' હશે, જે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની આર્થિક રાજધાની માટે 'હિન્દુ-મરાઠી મેયર'ની ટિપ્પણી પર આડકતરી રીતે કરવામાં આવેલી ટીકા છે.

સપકાળ અને કોંગ્રેસના નેતાઓએ નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે પાર્ટીનો મેનિફેસ્ટો બહાર પાડ્યો હતો. ચૂંટણીના દસ્તાવેજનો ઉદ્દેશ ૧૦૦ કોર્પોરેટરોને સુરક્ષિત કરવાનો છે અને 'સ્વચ્છ અને સ્માર્ટ નાગપુર'નું વિઝન રજૂ કરે છે, જેમાં શહેર માટે અનેક વિકાસ યોજનાઓની રૂપરેખા આપવામાં આવી છે.

આ પ્રસંગે બોલતાં તેમણે જણાવ્યું હતું કે 'ધ્રુવીકરણની દોડ ચાલી રહી છે, અને ભારતના 'વિવિધતામાં એકતા'ના પાયાને નબળો પાડવામાં આવી રહ્યો છે. મેયર એક અથવા બીજી ભાષાના હોવા અંગે નિવેદનો કરવામાં આવી રહ્યા છે, જ્યારે વિકાસ પર કોઈ ચર્ચા થઈ રહી નથી. ૧૦૦ સ્માર્ટ સિટીના વચનનું શું થયું તે કોઈને ખબર નથી. વાસ્તવિક ચિંતાઓથી ધ્યાન હટાવવા માટે આવા મુદ્દાઓ ઉઠાવવામાં આવી રહ્યા છે.'

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ના મેયર કોઈ ચોક્કસ ભાષાકીય જૂથ - ઉર્દૂ, મરાઠી અથવા હિન્દી ભાષી - ના હોવાનો રાજકીય પક્ષો દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે તે બાબતે પુછવામાં આવતાં તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે કોંગ્રેસનો અભિપ્રાય છે કે, 'ભારતીય, મહારાષ્ટ્રીયન અને મુંબઈકર' હશે.

તેમણે એવો પુનરોચ્ચાર કર્યો કે કોંગ્રેસે રાજ્ય ચૂંટણી પંચને પત્ર લખીને (મહાયુતિ) ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા નાગરિક વોર્ડમાં ફરીથી ચૂંટણી કરાવવા અને 'નોટા'નો વિકલ્પ કાર્યરત કરવાની માગણી કરી છે.

લાતુરમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિલાસરાવ દેશમુખના વારસાને 'હળવો' કરવા સંબંધે મહારાષ્ટ્રના ભાજપ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણની ટિપ્પણી પર ચાલી રહેલા વિવાદ વચ્ચે, સપકાળે કહ્યું હતું કે, 'મહારાષ્ટ્રમાં કોંગ્રેસના દિવંગત નેતાનું યોગદાન ખૂબ મોટું હતું.'

'વિલાસરાવ દેશમુખ એક કટ્ટર વ્યક્તિત્વ હતા. એવું લાગે છે કે ભાજપના રાજ્ય પ્રમુખ (ચવ્હાણ) પણ રાજકારણમાં ઘમંડી બની ગયા છે, જે ખૂબ જ ખોટું અને ખતરનાક છે. અમે ભાજપ પ્રમુખના આ નિવેદનની નિંદા કરીએ છીએ,' એમ તેમણે ઉમેર્યું હતું.

સપકાળનો આરોપ છે કે ભાજપ વિલાસરાવ દેશમુખની સ્મૃતિ ભૂંસી નાખવા માગે છે, તેમ જ તે અસંસ્કારી રાજકારણ પણ રમી રહ્યું છે, જેનું નેતૃત્વ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કરી રહ્યા છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે કોંગ્રેસે તાજેતરમાં યોજાયેલી મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતની ચૂંટણીઓમાં સારું પ્રદર્શન કર્યું છે અને એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નાગપુરને ફરી એકવાર કોંગ્રેસનો મેયર મળશે.

તેમણે ઉમેર્યું હતું કે પાર્ટીએ સમગ્ર મહારાષ્ટ્રમાં વિવાદો વિના આયોજનબદ્ધ અને સંકલિત રીતે ટિકિટ વિતરણ પ્રક્રિયા હાથ ધરી છે, તેને એક મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી છે.

મુંબઈ સહિત ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણી ૧૫ જાન્યુઆરીએ યોજાશે. મત ગણતરી બીજા દિવસે કરવામાં આવશે.

## પાલઘરમાં સગીરો દ્વારા વાહન નિયમોનું બેફામ ઉલ્લંઘન

### હવે માતા-પિતાને થશે ₹ ૨૫,૦૦૦નો દંડ, ત્રણ વર્ષની કેદ

પાલઘરઃ સફાલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્કૂલ અને કોચિંગ ક્લાસમાં જતા સગીર વયના બાળકો દ્વારા મોટા પ્રમાણમાં ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનોનો ઉપયોગ થતો હોવાનું ધ્યાન પર આવ્યું છે. આ બાબતને ગંભીરતાથી લેતા સફાલા પોલીસે હવે વાલીઓ સામે કડક પગલાં લેવાના સંકેત આપ્યા છે. ૧૮ વર્ષ પૂર્ણ ન થયા હોય તેવા સંતાનોના હાથમાં વાહન આપવું હવે વાલીઓને ભારે પડશે, કારણ કે પોલીસ હવે સીધા જ વાલીઓ વિરુદ્ધ ગુનો નોંધવાની કાર્યવાહી કરશે. જો સગીરો ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરશે, તો માતા-પિતા સામે ભારતીય દંડ સંહિતા, મોટર વાહન અધિનિયમ અને કિશોર ન્યાય અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. આમાં ૫૦ સીસીથી વધુ ક્ષમતાવાળા વાહન ચલાવવા બદલ ૨૫,૦૦૦ રૂપિયા દંડની જોગવાઈ છે. આ સાથે જ ડ્રાઇવર, વાહન માલિક અને માતા-પિતાને ૩ વર્ષ સુધીની સખત કેદની સજા થઈ શકે છે. જો ગુનો નોંધવામાં આવે, તો સંબંધિત બાળકને તેની ૨૫ વર્ષની ઉંમર પૂર્ણ ન થાય ત્યાં સુધી ડ્રાઇવિંગ લાયસન્સ મળશે નહીં. તેમજ સંબંધિત વાહનનું રજીસ્ટ્રેશન એક વર્ષ માટે રદ થઈ શકે છે. કોઈપણ કટોકટીની સ્થિતિમાં નાગરિકોને હેલ્પલાઇન નંબર ૧૧૨ અથવા સંબંધિત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી હતી.પોલીસે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે જો આવો ગુનો નોંધાશે તો ભવિષ્યમાં સંબંધિત સગીરોને સરકારી નોકરી, પાસપોર્ટ અને કેરેક્ટર સર્ટિફિકેટ મેળવવામાં મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

## ભાયંદરમાં માલિક પર ચાકુથી હુમલો કરીને ફરાર થયેલો યુવક ઉત્તર પ્રદેશથી ઝડપાયો

થાણેઃ ભાયંદરમાં ઇવેન્ટનું કામ આપવા બાબતે થયેલા વિવાદમાં માલિક પર ચાકુથી હુમલો કરીને ફરાર થઇ ગયેલા ૨૩ વર્ષના યુવકને ક્રાઇમ બ્રાન્ચે ઉત્તર પ્રદેશથી ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ તુષાર સંતોષ દુબે તરીકે થઇ હોઇ તેને ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવીને ભાયંદર લવાયો હતો અને નવઘર પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. મંડપ ડેકોરેટર દશરથ માંગીલાલ શર્મા (૨૭) પાસે આરોપી તુષાર દુબે કામ કરતો હતો અને તેનો ઇવેન્ટનું કામ આપવા બાબતે દશરથ સાથે વિવાદ થયો હતો. આથી ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ના બપોરે તુષારે દશરથ પર ચાકુથી હુમલો કર્યો હતો અને ફરાર થઇ ગયો હતો. હુમલામાં ઇજા પામેલા દશરથને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા બાદ નવઘર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરાયો હતો. ગુનો આચર્યા બાદ ઉત્તર પ્રદેશ ભાગી છૂટેલો તુષાર ધરપકડથી બચવા પોતાનાં ઠેકાણાં બદલતો રહેતો હતો. આરોપી ઉત્તર પ્રદેશમાં હોવાની માહિતી મળતાં ક્રાઇમ બ્રાન્ચની ટીમે જોનપુર રવાના થઇ હતી અને ત્યાં તપાસ કરીને તેને પકડી પાડ્યો હતો. બાદમાં તેને ભાયંદર લાવવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

છેલ્લા પાનાનું ચાલુ

### રાજ ઠાકરેનું

કહ્યું કે રાજ ઠાકરેએ મનસે શિવસેના (ઠાકરે) જૂથને સોંપી દીધી છે. મુંબઈમાં ભાજપમાં જોડાયા બાદ સંતોષ ધુરીએ પોતાની નિરાશા વ્યક્ત કરી. ધુરીએ કહ્યું કે તેમને મ્યુનિસિપલ કોર્પોરેશન માટે ઉમેદવારી આપવામાં આવી નથી તેથી તેમણે પાર્ટી નથી છોડી. ધુરીએ દાવો કર્યો હતો કે ઠાકરે બંધુઓના જોડાણમાં મનસેને એવી બેઠકો આપવામાં આવી હતી જ્યાં ઠાકરે પાસે ઉમેદવારો નહોતા અથવા જ્યાં તેમના વર્તમાન કોર્પોરેટર બદનામ હતા. જ્યાં મનસેની તાકાત હતી એવી બેઠકો આપવામાં આવી નહીં. દાદર, લાલબાગ, શિવરી, ભાંડુપ જેવા મરાઠી વિસ્તારોમાં અમને ફક્ત એક જ બેઠક આપવામાં આવી હતી.

સંતોષ ધુરીએ કહ્યું કે તેમને ઉમેદવારી ન મળવાથી તેઓ ગુસ્સે નથી. પરંતુ સંદીપ દેશપાંડેને કોઈ ચર્ચામાં સામેલ કરવામાં આવ્યા નહીં. જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમને કહેવામાં આવ્યું કે ટોચના નેતાઓએ સંધિ કરી છે. આ કરારમાં રાજ ઠાકરેએ બે કિલ્લા ગુમાવ્યા. કરારમાં કહેવામાં આવ્યું હતું કે સંદીપ દેશપાંડે અને સંતોષ ધુરીને ચર્ચામાં સામેલ ન કરવા. તેથી, હવે મનસેમાં રહેવું યોગ્ય નહોતું. તેથી, મેં મનસે છોડવાનો નિર્ણય લીધો છે, એમ ધુરીએ જણાવ્યું.

સંતોષ ધુરીએ મનસે પ્રમુખ રાજ ઠાકરેની ભૂમિકા પર પણ સવાલ ઉઠાવતા કહ્યું કે પાર્ટીએ ઉદ્ધવ ઠાકરે સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી છે. જેમ ઉદ્ધવ ઠાકરેએ સત્તા સંભાળી ત્યારે બાળાસાહેબના અનુયાયીઓ ગયા હતા, તેવી જ રીતે હવે રાજ ઠાકરેના અનુયાયીઓને દૂર કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. રાજ ઠાકરે સંધિમાં હારી ગયા. તેમણે શિવસેના સમક્ષ આત્મસમર્પણ કર્યું. તેમણે સંજય રાઉત અને અનિલ પરબ સમક્ષ આત્મસમર્પણ કર્યું. તેમણે અમારા છ કોર્પોરેટરોનું અપહરણ કર્યું અને અમારા નેતાઓને હેરાન કર્યા છે અને હવે તેમની સાથે ગઠબંધન કરવામાં આવ્યું છે.

### તુમકો મિર્ચી

ધુળેમાં એક સભાને સંબોધિત કરતી વખતે મુખ્ય પ્રધાનએ વિરોધીઓને નિશાન બનાવ્યા હતા.

મુખ્ય પ્રધાને ધુળેમાં ભાજપના ચાર નગરસેવકોને બિનહરીફ ચૂંટવા બદલ મતદારોનો આભાર માની જણાવ્યું હતું કે 'અમે પૂરા દિલથી સમર્થન સ્વીકારીએ છીએ. અત્યાર સુધીમાં ૩૫ લોકસભા સંસદ સભ્યો બિનહરીફ ચૂંટાયા છે, જેમાંથી ૩૩ કૉંગ્રેસના શાસન દરમિયાન ચૂંટાયા છે.' આ મુદ્દે વિપક્ષની ટીકા પર સવાલ ઉઠાવતા ફડણવીસે કહ્યું કે, જો તમારા કાર્યકાળમાં બિનહરીફ ચૂંટણી થાય છે તો લોકતંત્રને ખતરો નથી અને જો અમારા શાસનમાં થાય છે તો લોકશાહી જોખમમાં મુકાઈ જાય છે.

મહાયુતિના ઉમેદવારોની બિનહરીફ જીતનો મુદ્દો સોમવારે બોમ્બે હાઈ કોર્ટમાં આવ્યો હતો, જેમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) ના એક નેતાએ ૬૮ બેઠકો પર પરિણામો જાહેર કરવા પર રોક લગાવવાની અને બળજબરીથી સામૂહિક પીછેહઠની અદાલત દ્વારા દેખરેખ હેઠળની તપાસની વિનંતી કરી હતી.

શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ રાજ્ય ચૂંટણી પંચને આ ૬૮ સિવિક વોર્ડના પરિણામો રદ કરવા વિનંતી કરી હતી પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ હર્ષવર્ધન સપકાળે પણ શાસક ગઠબંધન પર પ્રહાર કરતા કહ્યું છે કે ભાજપના નેતૃત્વવાળા મહાયુતીની સત્તા માટેની લાલચ લોકશાહીને ગળી જવાની હદે પહોંચી ગઈ છે. (પીટીઆઈ)

### દક્ષિણ મુંબઈમાં

કોર્પોરેશનની ચૂંટણીઓ નિમિત્તે જારી કરાયેલી આચારસંહિતા પૂરી થયા પછી આ કાર્ય માટે ટેન્ડર બહાર પાડવામાં આવશે. ટેન્ડર પૂર્ણ થયા પછી અને ઇમારતોનું ઓડિટ શરૂ થયા પછી આ કાર્ય માટે કંપનીની નિમણૂક કરવામાં આવશે. સમારકામ બોર્ડ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં તમામ ઇમારતોનું માળખાકીય નિરીક્ષણ પૂર્ણ કરવાની યોજના ધરાવે છે.સેસ્ડ ઇમારતોના રિડેવલપમેન્ટનો મુદ્દો ગંભીર છે અને આશરે ૨૦ લાખ રહેવાસીઓ ૧૩,૮૦૦ ઇમારતોમાં પોતાનું જીવન પોતાના હાથમાં રાખીને રહી રહ્યા છે. આ ઇમારતોના રિડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા માટે, બોર્ડે ગયા વર્ષે ૧૩,૮૦૦ ઇમારતોનું તબક્કાવાર સ્ટ્રક્ચરલ ઓડિટ કરવાનું શરૂ કર્યું હતું અને અત્યંત જોખમી ઇમારતોને ઓળખી કાઢી હતી. પ્રથમ તબક્કામાં, એક હજાર ઇમારતોનું ઓડિટ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. તે મુજબ, બોર્ડે ૬૬૦થી વધુ ઇમારતોનું ઓડિટ પૂર્ણ કર્યું. આમાંથી, આશરે ૯૫ ઇમારતો અત્યંત જોખમી હોવાનું જણાયું. બોર્ડ આ ઇમારતો સામે ૭૯ (અ) ની કાર્યવાહી શરૂ કરવા જઈ રહ્યું હતું.

જ્યારે એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે આ કાર્યવાહીને કારણે અત્યંત જોખમી જણાતી ઇમારતોનો પુનર્વિકાસ ઝડપી બનશે, ત્યારે હાઇકોર્ટે બોર્ડની ૭૯ (અ) પ્રક્રિયાને ગેરકાયદેસર જાહેર કરી. આ કારણે, પ્રક્રિયા અટકી ગઈ. મ્હાડાએ હાઇકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે અને આ મામલો ન્યાયાધીન છે. રિડેવલપમેન્ટ અટકી ગયું છે. હવે બોર્ડે તે જ ક્ષેત્રની કંપની દ્વારા ઇમારતોનું ઓડિટ કરાવવાનો નિર્ણય લીધો છે. અત્યાર સુધી કરવામાં આવતું ઓડિટ બોર્ડ દ્વારા આંતરિક રીતે કરવામાં આવતું હતું. પરંતુ હવે તે જ ક્ષેત્રની ખાનગી કંપની દ્વારા ઓડિટ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### પશ્ચિમ રેલવેમાં

લોકલ પર હાથ ધરવામાં આવશે.

ઇબીડી ટ્રાયલ સામાન્ય રીતે કટોકટીમાં ટ્રેન કેટલી ઝડપથી રોકાઈ શકે છે તેનું મૂલ્યાંકન કરવા માટે કરવામાં આવે છે.

જ્યારે સીએફ ટ્રાયલ બ્રેકિંગ દરમિયાન કપ્લર્સ પર કેટલું બળ આપવું તે નક્કી કરે છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, નવા રોલિંગ સ્ટોકના કમિશનિંગ પહેલાં આ સલામતી પરીક્ષણો ફરજિયાત છે.

આ ટ્રાયલ બોમ્બાર્ડિયર અને મેધાના ત્રણ-તબક્કાના પ્રોપલ્શન સિસ્ટમથી સજ્જ ઉપનગરીય લોકલ ટ્રેનો પર કરવામાં આવશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

બોમ્બાર્ડિયર ઇલેક્ટ્રિકલ સિસ્ટમથી સજ્જ ૧૮ કોચવાળી ટ્રેન માટે ટ્રાયલ મહત્તમ ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે હાથ ધરવામાં આવશે, જ્યારે મેધા ઇલેક્ટ્રિકલ સિસ્ટમથી સજ્જ રેકનું મહત્તમ ૧૦૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પરીક્ષણ કરવામાં આવશે.

પશ્ચિમ રેલ્વે મુજબ, રિસર્ચ ડિઝાઇન્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઇઝેશને (આરડીએસઓ) તેને ટ્રાયલ કરવા માટે રેક્સની તૈયારી અને યોગ્ય લોડિંગ સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

## હિન્દુ મરણ

**શ્રીમાળી બ્રાહ્મણ**

ગામ લાઠી નિવાસી હાલ ઘાટકોપર, સૌ. સ્વ. કવિતા હરેન્દ્ર ઓઝા તે હરેન્દ્રના ધર્મપત્ની (ઉં. વ. ૪૩) તે જયશ્રી ગજેન્દ્ર ઓઝાના પુત્રવધૂ. તે ચેતના કિશોર ઓઝાની સુપુત્રી. તે વીર-કિંજલના મમ્મી. દેવાંગ, પ્રથમ, હર્ષિલ, સાક્ષીના કાકી. ચેતના-સુચિતાની દેરાણી તા. ૫-૧-૨૬ના કૈલાસવાસી થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ વિસાનાગર વણિક સમાજ**

માણસા નિવાસી હાલ કાંદિવલી સ્વ. દિપિકા રાજન શાહ (ઉં.વ.૬૭) સોમવાર તા. ૫-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે નીમા ભાવિનકુમાર, લબ્ધી ચિંતનકુમારના માતુશ્રી. સ્વ. કૌશિકભાઇ-ગીતા, સુરભીબેન મુકેશકુમાર, દિપ્તીબેન અજયકુમારના ભાભી. મુકુંદભાઇ અને સ્વ. ભારતી, સ્વ. હરેશભાઇ મીનાબેનના ભત્રીજા વહુ. કૃતિ, જય, બીજલ, સાગરના કાકી. તે પ્રમીલાબેન રસીકલાલ જગજીવનદાસના સુપુત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૮-૧-૨૬ના ૫થી ૭. ઠે. બાલાશ્રમ હોલ, અતુલ ટાવરની પાસે, મથુરાદાસ રોડ એક્સટેન્શન, કાંદિવલી (વેસ્ટ).

**માધવપુર ગિરનારા બ્રાહ્મણ**

હર્ષદાબેન (ઉં.વ.૮૧) તે પદમાવતી વસંતરાય જાનીના પુત્રી. સ્વ. સ્નેહલતાબેન, સ્વ. સુધાબેન તથા મહેશભાઇના બહેન. અ. સૌ. સોનલના નણંદ. અ. સૌ. ઇશા આનંદ ગુપ્તા તથા ચિ. આલાપના ફઇ. અ. સૌ. પ્રિયાના ફઇજી તા. ૫-૧-૨૬ સોમવારના પૂના મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે. ઠે. ૪૦૨, મીરા કોન્ડોમીનીયમ, પ્લોટ નં.૧૨, હિરેમાથ પાર્ક, સ્કાયલોન્જ સોસાયટીની સામે, રોડ નં.૭, બી/ડી, કલ્યાણી નગર, પૂના, ૪૧૧૦૦૬.

**મારૂ કંસારા સોની**

ગામ તેરા (કચ્છ) નિવાસી હાલ ઘાટકોપર સ્વ. રોહિત જેઠાલાલ સોની (ઉં.વ. ૬૧) તા. ૪-૧-૨૬ અક્ષર નિવાસી થયેલ છે. તે સ્વ. દયાબેન જેઠાલાલ સોનીના સુપુત્ર. દક્ષાબેનના પતિ. નેહલ, પ્રશાંતના પિતા. ધર્મિષ્ઠાબેન જયેશભાઇના ભાઇ. સ્વ. તારાબેન જેઠાલાલ ટોકરશીના જમાઇ. ભાવિક નિમીતાના મોટા બાપા. બન્ને પક્ષની પ્રાર્થનસભા સાથે રાખેલ છે. તા. ૮-૧-૨૬ના ગુરુવાર ૪.૩૦થી ૬. ઠે. બીએપીએસ, સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, સરિતા પાર્ક, ઘાટકોપર (ઇસ્ટ).

**આતરસુંબા દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મુંબઇ નિવાસી ગં. સ્વ. જયાબેન સુરેશચંદ્ર શાહ (ઉં. વ. ૯૧) તે સ્વ. સુરેશચંદ્ર અંબાલાલ શાહના ધર્મપત્ની. રાજુલ, નિમિષ, હેમાના માતુશ્રી. વર્ષા, ફાલ્ગુની તથા અમિતભાઇના સાસુ. સ્વ. જમનાદાસ છોટાલાલ દાણીના સુપુત્રી. સોમવાર, તા. ૫-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૮-૧-૨૬ના, હોલ ઓફ કલચર, નેહરુ સેન્ટર, ડો. એનીબેસંટ રોડ, વરલી મુંબઇ-૪૦૦૦૧૮. સાંજે ૫થી ૭.

**દમણિયા સોની**

સ્વ. સીમાબેન મૈત્રેશભાઇ પારેખ જે સ્વ.પરમાનંદદાસ જમનાદાસ પારેખના પુત્રવધૂ. સ્વ. સરોજબેન ડાહ્યાલાલ શાહના સુપુત્રી. હિનાબેન જયેશભાઇ સાંગાણીના બહેન. મૈત્રેશભાઇ પારેખના ધર્મપત્ની. પૂજા તથા કૃપાના માતુશ્રી. તા. ૪-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. બેસણું તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

ભરત ચરણદાસ મોતીવાલા (ઉં. વ. ૭૧) તે સ્વ. ચરણદાસ હરજીવનદાસ મોતીવાલાના પુત્ર. ચંપુબેન લલિતકુમાર, પદમીનીબેન જયકુમાર, કુમુદબેન મુકુલકુમાર, સ્વ. ઉમાબેન, રમેશ અને કિશોરના ભાઇ. કુલીનચંદ લક્ષ્મીદાસના ભાઇ. સોમવાર, તા. ૫-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**તપોધન બ્રાહ્મણ**

શાહપુર (વડ) વડનગરના શેઠ રાવલ સુરેન્દ્રકુમાર લક્ષ્મણદાસ તા. ૫-૧-૨૬ના દેવલોક પામેલ છે. તે જીતેન્દ્રભાઇ, શશીકાન્તભાઇ, સ્વ. રાજેશભાઇ, સંજયભાઇના પિતા. શિલ્પાબેન, નિમીષાબેન, ગં. સ્વ. ભાવનાબેન, પાયલબેનના સસરા. હાર્દિક, કિશન, આશિષ, કાજલ, અનુષ્કા, ઋષિલ, ટીયારાના દાદા. તે મોનીકા, ઇશીકા, ઉજ્જાલાના દાદા-સસરા. શિવનિયા, થાનવિકા, વિયાનાના પરદાદા. બેસણું ગુરુવાર તા. ૮-૧-૨૬ના ૪થી ૭. ઠે. ઇસ્કોન ઓડિટોરિયમ હોલ, ઇસ્કોન મંદિર, હર ક્રિષ્ણા લેન્ડ, જુહુ, મુંબઇ (પૂર્વ).

**દીવ મોઢ વણિક**

સ્વ. જયાલક્ષ્મી હરિલાલ સુખડીયાના સુપુત્ર મધુકર તા. ૫-૧-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. હાલ કાંદિવલી તે નલિનીના પતિ. ભૈરવી ભૂપેશ શાહ, માનસી હર્ષિત જોલાપરાનાં પિતાશ્રી. સ્વ. યશવંતી, સ્વ. ભાનુમતી, સ્વ. સરોજ, અ સૌ. ડોલી શૈલેષ શાહ, નિરંજનનાં ભાઇ. સ્વ. ત્રિભોવનદાસ મહેતાના જમાઇ. હર્ષલનાં નાના. શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

બોરીવલી નિવાસી મૂળ સરસિયા શાંતીલાલ હેમચંદ મુછાળાના ધર્મપત્ની સૌ. હીરાબેન (ઉં.વ. ૮૬) તા. ૫-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ડૉ. અજય, સૌ. નયના, ભૂપિન્સ, કેતન તથા અતુલના માતુશ્રી. કિરણ પરીખ, શ્રીમતિ ભાવના, દર્શના, જિજ્ઞા અને પારુલના સાસુ. અતિશ, રીતીશ, પ્રિયલ, નિરાલી, યશ તથા સિમરનના દાદી. ઈશિતા અને દર્શિતાના નાની. સ્વ. મગનલાલ શામળજી પટેલના દિકરી. દમયંતીબેન વિનોદરાય કલ્યાણી તથા અસ્મિતાબેન અશોકકુમાર શાહના બહેન. પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૮-૧-૨૬ના ૫:૦૦ થી ૭:૦૦. પેરાડાઇઝ હોલ, દેવીદાસ રોડ, બોરીવલી ૫.

**ગામડીયા દરજી**

વલસાડ નિવાસી હાલ કાંદિવલી, હરિલાલ કુંવરજી બલસારા (ઉં.વ. ૮૭) ૨૬/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેનના પતિ. દિલીપ, કુંદન, ચંદ્રકાંતના પિતા. ભારતી, માયા, કિરણકુમારના સસરા. મોહનિસ, માનસી, વરૂણના દાદા. હિરલ તથા શિવમના નાના. પ્રાર્થનાસભા ૮/૧/૨૬ના ૪ થી ૬. નાઈ ટીંગલ સોસાયટી હિન્દુસ્તાન નાકા કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી મોઢ વણિક**

ધ્રાંગધ્રા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. લાભુબેન કનૈયાલાલ દોશીના પુત્ર પ્રવીણભાઈ. તે સ્વ. રંજનબેનના પતિ. મહેશ, સ્વ. રમેશ, ભારતી, કલ્પનાના ભાઈ. સમીર, જીજ્ઞાના પિતા. અમિતકુમારના સસરા. સ્વ. હીરાબેન પરસોત્તમદાસના જમાઈ. ૫/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. ઠે. ૨૦૩, આર બી આઈ શાંતિ બિલ્ડીંગ, ૨૧, સમીર ચંદાવર્કર રોડ, ગોખલે રોડ, દહાણુકર વાડી, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા દિશાવળ**

ગામ- લાખણકા હાલ ભાયંદર, અરુણભાઈ પારેખ (ઉં.વ. ૮૧) તા. ૪-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. દેવકબેન છબીલદાસ પારેખના સુપુત્ર. સ્વ. સુશીલાબેન શિવલાલ પરીખના જમાઈ. અનસુયાબેનના પતિ. સમીર, તેજલ, જીનલ, સારંગના પિતા. સ્વ. પ્રવિણભાઈ, ભારતીબેન, પ્રકાશભાઈ, સ્વ. હરેનભાઈ, અશોકભાઈ, મુકેશભાઈ, ઉમેશભાઈ, રાજેશભાઈના ભાઈ. પ્રાર્થનાસભા ગુરુવારે તા. ૮-૧-૨૬ના ૪.૦૦ થી ૬.૦૦. સ્થળ: ''કપોળ વાડી'', ગીતાનગર, ફાટક રોડ, ભાયંદર વેસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ગામ જસપરા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. રસિકલાલ પંડ્યા (ઉં.વ. ૭૨) તા. ૩/૧/૨૬ને શનિવાર સ્વર્ગવાસ થયેલ છે. સ્વ. કંચનબેન, સ્વ. પ્રહ્લાદલાલ પરષોત્તમ પંડ્યાના સુપુત્ર. ગ.સ્વ. ગીતાબેનના પતિ. સ્વ. ત્રિભોવનદાસ, સ્વ. રતિલાલભાઈના ભત્રીજા. સ્વ. ગુણવંતરાય, મૂળશંકર, સ્વ. મહેશભાઈ, સ્વ. દિલીપભાઈ, સ્વ. મહિપતરાઈ, સ્વ. મધુકાન્તાબેન પ્રાણશંકર કનાડા તથા ગ.સ્વ. હીરાબેન રમણીકલાલ જોશીના ભાઈ. અમિતભાઇના પિતાશ્રી. સૌ. હેમાબેનના સસરા. બંને પક્ષની સાદડી તા. ૮/૧/૨૬ને ગુરુવાર ૩.૩૦ થી ૫.૩૦. શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજભવન, શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ ચોક, જોશી લેન, એમ.જી. રોડ, ઘાટકોપર પૂર્વ.

**હલાઈ લોહાણા**

મૂળ ગામ જામ ખંભાળીયા, હાલ થાણા હરિદાસ મોદી (ઉં.વ. ૭૬) સોમવાર, તા. ૫/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન વિઠ્ઠલદાસ કરસનદાસ મોદીના પુત્ર. હંસાબેનના પતિ. મીત અને રચના મયુર વસાણીના પિતા. ડાયના ગોમ્સના સસરા. રામદાસભાઈ, જગદીશભાઈ, જીતેન્દ્રભાઇ, સ્વ. ચંદ્રીકાબેનના ભાઈ. સ્વ. કાનજી કરસનદાસના જમાઈ. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટિયા**

પુષ્પા ઉદેશી (ઉં.વ. ૯૩), તે સ્વ. વિજયસિહ ઉદેશીના પત્ની. સ્વ. મોરારજી અને સ્વ. શ્રીમતી મણીબાઈ લિલાનીના પુત્રી. સ્વ. ગોકુલદાસ ઉદેશી, સ્વ. શ્રીમતી મણીબાઈ ઉદેશીના પુત્રવધૂ. સ્વ. સુધીર, ધ્રુવ, યતીન અને વિક્રમના માતા. સ્વ. શ્રીમતી ધર્મિષ્ઠા, નીતાના સાસુ. સંદીપ, નેહા, કરણ, પ્રણય અને ટિયાના દાદી, સોમવાર, ૫ જાન્યુઆરી, ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના ૫.૩૦ થી ૭.૦૦. એફપીએચ ગરવારે હોલ, લાલા લજપતરાય માર્ગ, ૫મે માળે, હાજીઅલી, મુમ્બઈ ૪૦૦૦૩૪. લૌકિક વ્યવહાર બંધ છે.

**લોહાણા**

કુમારી અર્ચના તુલસીદાસ સચદેવ (ઉં.વ. ૪૯) જયશ્રીબેન તુલસીદાસ ભગવાનદાસ સચદેવના પુત્રી. નેહા મનીષ કાલેકર, ટીના મૃદુલ સિઘવીના બેન. સ્વ. વિજયભાઈ, અશોકભાઇ, સ્વ. રવિભાઈ, લીલાબેન, જ્યોતિબેન, દિવ્યાબેન, છાયાબેન, રીનાબેનના ભત્રીજી. નરેન્દ્રભાઈ, સ્વ. મહેશભાઈ, સ્વ. અશ્વિનભાઈ જગજીવનદાસ તન્નાના ભાણેજ. મહેક, ઈશાન, ઇનાયા, ઈયાનના માસી. ૫/૧/૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રહેશે.

## પાયદસ્ત

જમશેદ હોશંગ કોથાવાલા તે મરહુમ હાવોવીના ધની. તે મરહુમો તેહમીના હોશંગ કોથાવાલાના દીકરા. તે અરનાઝ, ફરીદા, દીલશાદના પપ્પા. તે ફિરોઝ ને પરસીના સસરા. તે સુની ને મરહુમ પરવીઝ ના ભાઇ. તે તાનયા ને જેહાનના મમાવા. (ઉં.વ. ૯૦) રે.ઠે. સર દોરાબ તાતા બિલ્ડિંગ નં.૨, ફ્લેટ નં-૬, બીજે માળે, ૨૧૯ એસ. વી. રોડ, બાંદ્રા, મુંબઇ-૪૦૦૦૫૦. પાયદસ્ત : તા. ૭-૧-૨૬ને દીને સવારે ૭.૪૫ વાગે ઉપરની બેનેટ નં.૬માં ડુંગરવાડી. ઉઠમણાંની ક્રિયા : તા. ૮-૧-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે બાંદ્રા પંથકી અગિયારીમાં છેજી.

## મુસ્લિમ મરણ

**દાઉદી વોહરા**

સુરૈયા મોહસીનભાઇ બુટવાલા તે આદમઅલી મુ.તૈયબઅલી દિવાનની દીકરી. તે ઝોહરાબાઇ, તે શેખ ફિરોઝભાઇ તથા અબ્બાસભાઇના મા સાહિબા. તે અસલમભાઇ ચીતલવાળા, ફાતિમા તથા મુનીરાના સાસુ. તે અમતાબાઇ, જાફરદિવાન તથા કૈઝારભાઇ, હાસીમભાઇ તથા મરહુમ રશીદાબાઇ જેનુદ્દીન રાજકોટવાલાના બહેન. તા. ૬-૧-૨૬ મંગળવારના રોજ ગુજરી ગયા છે.

## જૈન મરણ

**૨૭ પરગણા જૈન**

મુંબઇ નિવાસી સ્વ. માણેકચંદ નાનચંદ શાહના ધર્મપત્ની ભાનુમતીબેન માણેકચંદ શાહ (ભીખીબેન) (ઉં. વ. ૯૩) તેઓ કિરણ, શૈલેશ, મુકેશ, અતુલના માતુશ્રી. સ્વ. સોનલબેન, મીનાબેન અને સંગીતાબેનના સાસુ. અર્પણ અને પ્રિયાંકના દાદી. તા. ૫-૧-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. ઠે. વેસ્ટ વ્યૂ, બી, ૧લે માળે, ખેતવાડી ૧૦મી ગલી, મુંબઇ-૪૦૦૦૦૪. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

પાલિતાણા નિવાસી હાલ મુંબઇ ખેતવાડી કનૈયાલાલ ડી. મહેતા (કનુભાઇ) (ઉં. વ. ૮૪) તે રશ્મીબેનના પતિ. ચિ. હેમાંગ, પૂર્વેશ, ડીમ્પલ હ. શાહના પિતાશ્રી. અ. સૌ. મનિષા, અ. સૌ. મીનાના સસરા. સ્વ. દિલીપભાઇ, વિનોદભાઇ, ભરતભાઇ, સ્વ. હંસાબેન મોદી, સ્વ. સુધાબેન વધાણી, સ્વ. પુષ્પાબેન શેઠ, સ્વ. ચંદ્રિકાબેન મહેતાના ભાઇ. સ્વ. જયંતભાઇ વ. મહેતા, મુકેશભાઇ, દમયંતીબેન, નિશાબેનના બનેવી. ચર્ચીત, દેવ, વત્સલ, સાન્વીના દાદા રવિવાર, તા. ૪-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૮-૧-૨૬ના ૫થી ૭. ઠે. વનિતા વિશ્રામ, ૩૯૨, એસ. વી. રોડ, પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪૦૦૦૦૪.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

ધોરાજી નિવાસી હાલ મુલુંડ સ્વ. લવચંદભાઇ ત્રિભોવનદાસ વોરાના ધર્મપત્ની શાંતાબેન લવચંદ વોરા (ઉં.વ. ૯૪) તા. ૪-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કુમુદબેન શશીકાંત સંઘવી, રજનીકાંત, વિજય, હેમેન્દ્ર, રાષ્ટ્રિકા પંકજ ટીંબડિયા, મનીષા જીતેશ શાહના માતુશ્રી. અ. સૌ. કલ્પના, અ. સૌ. પલ્લવી, અ. સૌ. રાજેશ્વરીના સાસુ. ધવલ, કૌશિક, સિદ્ધાર્થ, માનવ, અ.સૌ. સપના ભાવિન કામદાર, અ. સૌ. નેહલ રોનક મહેતાના દાદી. પિયરપક્ષે ભાણવડ નિવાસી સ્વ. પ્રાણજીવન હરખચંદ સંઘવીની દીકરી. ઠે. વિજય એલ. વોરા, ફ્લેટ નં.૧૫૦૩, ટાવર નં.૫, રુનવાલ ગ્રીન્સ, ફોર્ટિસ હોસ્પિટલ પાસે, લિંક રોડ, નાહુર, મુંબઇ-૪૦૦૦૭૮, લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશાશ્રીમાળી દેરાવાસી જૈન**

મોરબી વાઘરવા નિવાસી હાલ ચેમ્બુર મુંબઈ, ભગવાનજીભાઇ જગજીવન મહેતાના સુપુત્ર પ્રકાશભાઈ (ઉં.વ. ૭૨) તા. ૪-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે શોભનાબેન તથા ગીતાબેનના પતિ. હાર્દિક, કાજલ અપૂર્વ શાહ, સ્વાતી જીગર શાહ અને કોમલ કુમારપાલ શાહના પિતાશ્રી. ધોરાજી નિવાસી અમીચંદ રવિચંદ દોશી તથા રાજકોટ નિવાસી હસમુખલાલ છગનલાલ મહેતાના જમાઈ. અરુણભાઈ, પંકજભાઈ, ગં.સ્વ. મીનાબેન તથા સૌ. ચંદ્રિકાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મેતા ખંભાળિયા નિવાસી હાલ બોરીવલી, સ્વ. સુરેશભાઈ કસળચંદ કોઠારીના ધર્મપત્ની સોનલબેન કોઠારી (ઉં.વ. ૭૯) તા. ૪-૧-૨૬ને રવિવારના અરિહંતશરણ પામેલ છે. હેતલ, હેમલ, સ્વ. વૈશાલીના માતુશ્રી. નેહલ તથા પ્રિયાના સાસુ. ચિ. રીયા, સારા તથા પ્રિયલના દાદી. સ્વ. હર્ષદભાઈ, મુકેશભાઈ તથા સ્વ. નિલેશભાઈ કોઠારી તથા ઇન્દુબેન જયેશકુમાર ટોળીયાના ભાભી. સાવરકુંડલા નિવાસી હાલ ડોંબિવલી છગનલાલ પંચમિયાના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

ઊંઝા નિવાસી, હાલ મુંબઈ, બચુભાઈ ચીમનલાલ શાહ (ઉં.વ. ૭૮) તે ગં.સ્વ. કમળાબેન ચીમનલાલ શાહના સુપુત્ર. સુશીલાબેનના પતિ. ફાલ્ગુનીબેન, ભાવેશભાઈ, તેજલબેન, રૂપલબેન, હેતલબેનના પિતા. રાકેશકુમાર, સંજય કુમાર, દીપલબેન, રાકેશકુમારના સસરા. શુક્રવાર, તા. ૨-૧-૨૬ અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રી માળી જૈન**

મહુવા નિવાસી હાલ કાંદીવલી, સ્વ. જસુમતીબેન બાબુલાલ ગુલાબચંદ શાહના સુપુત્ર કિર્તીભાઈ શાહ (ઉં.વ. ૬૯) સોમવારે ૫-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. રીન્કુ અને પુનિતના પિતા. ભાવિન હર્ષદરાય શેઠ અને સેજલના સસરા. મંજુબેન બળવંતરાય દોશી અને ભરતભાઈના ભાઈ. સ્વસુરપક્ષે મહુવાવાળા હાલ કાંદીવલી, સ્વ. રસિકલાલ સોમચંદ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભચાઉના જવેરબેન ફુરીયા (ઉં.વ. ૭૬) શનિવાર, ૩-૧-૨૬ના અવસાન પામેલ છે. દેવઇબેન ડો. વેરશી રામજી ફરીયાના પુત્રવધૂ. તલકશીના પત્ની. નિકુલાના માતુશ્રી. ખારોઇ સ્વ. માનુબેન ભુરાભાઈ સાવલાની દિકરી. વીરજી, ઘરમશી, કાંતી, ભરત, સુરેશના બેન. પ્રા. બપોરે ૩.૦૦ થી ૪.૩૦. યોગી સભાગૃહ, દાદર (ઈ). પ્રાર્થના પછી બરવિધી રાખેલ છે. નિ. તલકશી ફુરીયા, ૬૦૩, સ્વર્ણપૂર્ણા, હરદેવીબાઈ સોસાયટી, સ્ટેશન રોડ, જોગેશ્વરી (ઇસ્ટ).

ભુજપુરના અ.સૌ. ભાવનાબેન (ભારતી) ભેદા (ઉં.વ. ૬૭) તા. ૫-૧-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન શામજી શીવજીના પુત્રવધુ. દિનેશ ના ધર્મપત્ની. જય, હર્ષાના માતુશ્રી. નવલબેન દામજીના સુપુત્રી. નરેન્દ્ર, અજીત, ચંદ્રિકા, હર્ષદા, સ્મિતાના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી, ૧લે માળે, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.) ૪ થી ૫.૩૦. નિ. દિનેશ ભેદા, એ-૪૦૧, કોનાર્ક દર્શન, ઝવેર રોડ, મુલુંડ (વે).

કોડાયના ચિમનલાલ ડુંગરશી ગોગરી (ઉં.વ. ૮૬) તા. ૪-૧-૨૬, રવિવારના અરિહંત શરણ પામ્યા છે. માતુશ્રી મકાંબેન ડુંગરશી વીરજી ગોગરીના સુપુત્ર. સ્વ. નિર્મળાબેન/સ્વ. મધુબેનના પતિ. અજય, મનીષ, અરવિંદના પિતાશ્રી. પ્રેમજીભાઈ, પોપટભાઈ, વિસનજીભાઈ, પદમશીભાઈ, નાગલપુરના અમૃતબેન નરશી દેઢિયાના ભાઈ. વિંઝાણના માતુશ્રી લક્ષ્મીબેન લીલાધર શાહ/રાંભીયા તથા માતુશ્રી દેવકાબેન વિસનજી રાંભીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચિમનલાલ ડુંગરશી ગોગરી : ૨૧/૫, દિપક સોસાયટી, ડો. મુસ રોડ, તળાવપાળી, થાણા (વેસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|
















# ઠાકરે જૂથના ઉમેદવારની માતાએ ઝેર પીધું

## કૉંગ્રેસ પર દબાણ લાવવાનો આરોપ, સાંગલીમાં વાતાવરણ ગરમાયું

સાંગલી: રાજ્યમાં પાલિકાની ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે, પરંતુ આ ચૂંટણીમાં હુમલા, હત્યા અને મારામારીની ઘટનાઓ બની રહી છે. હવે, સાંગલી નગરપાલિકાની ચૂંટણીમાં એક એવી ઘટના સામે આવી છે જેમાં શિવસેના ઠાકરે જૂથના ઉમેદવારની માતાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ઠાકરે જૂથે એવો આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસ દ્વારા દબાણ કરવામાં આવ્યું હતું. જોકે, કોંગ્રેસે આ આરોપને નકારી કાઢ્યો છે. સાંગલી નગરપાલિકાની ચૂંટણીમાં શિવસેના ઠાકરે જૂથના ઉમેદવારની માતાએ ઝેર પીને આત્મહત્યા કરી હતી. શિવસેના ઠાકરે જૂથે આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસ-એનસીપી ગઠબંધન દ્વારા ઉમેદવારી પાછી ખેંચવાના દબાણને કારણે આ ઘટના બની છે. ઉમર ગવંડી શિવસેના ઠાકરે પાર્ટી તરફથી સાંગલીના વોર્ડ ૧૬માંથી ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે કોંગ્રેસ-એનસીપી ગઠબંધનના રાજેશ નાઈક તેમની સામે ચૂંટણી લડી રહ્યા છે. શિવસેના ઠાકરે જૂથે ઉમર ગવંડીની માતા મુમતાઝ ગવંડીએ ઝેર પી લીધાનો આરોપ લગાવ્યો છે કારણ કે તેમના પર ચૂંટણીમાંથી ખસી જવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. આ ઘટના બાદ, બંને જૂથના કાર્યકરો સાંગલીની સરકારી હોસ્પિટલમાં મોટી ભીડમાં એકઠા થયા હતા. જેના કારણે સરકારી હોસ્પિટલની સામે થોડા સમય માટે તણાવપૂર્ણ વાતાવરણ સર્જાયું હતું. દરમિયાન, કોંગ્રેસના પદાધિકારીઓએ આ આરોપોને નકારી કાઢ્યા છે. ■

### ઉમેદવારને પ્રચાર કરવાની મંજૂરી નથી

'અમે સોમવારથી ઉમેદવારોને મળી રહ્યા છીએ. અમે અમારા ઉમેદવારના વોર્ડમાં ગયા હતા. તે સમયે તેમનો ફોન બંધ હતો. જ્યારે મેં કાર્યકરોને પૂછ્યું, ત્યારે તેઓએ કહ્યું કે તેમના પર ઘણું દબાણ છે. ઘણો આતંક મચાવ્યો છે. મારી પાસે આ અંગેના ઓડિયો કોલ પણ છે. વિપક્ષે આવા જુલમનો ઉપયોગ કરવો જોઈએ નહીં, લોકશાહીમાં આ સહન કરવામાં આવશે નહીં, લોકો સમજદાર છે. યાદ રાખો, સોલાપુરમાં જે બન્યું તે સાંગલીમાં પણ થઈ શકે છે. ઉમેદવારની માતાએ ઝેર પીધું છે. શિવસેના ઠાકરે જૂથના ઉપનેતા ઉષાતાઈ જાધવે આરોપ લગાવ્યો છે કે તેમના પર પ્રચાર માટે અહીં ફરવા ન જવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે,' એમ જાધવે જણાવ્યું હતું. ■

# ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા પછી સગીરા સાથે દુષ્કર્મ

પાલઘર: ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કર્યા પછી ૧૭ વર્ષની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરવા અને બ્લૅકમેઈલ કરવાનો ગુનો યુવક વિરુદ્ધ નોંધવામાં આવ્યો હતો.

પાલઘર જિલ્લાના વસઈમાં રહેતી સગીરાની ઓળખાણ આરોપી સાથે સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ ઈન્સ્ટાગ્રામ પર થઈ હતી. બન્ને વચ્ચે થયેલી મિત્રતા પછી પ્રેમમાં પરિણમી હતી. આરોપીની વાતોમાં આવીને સગીરા ઘર છોડી તેની સાથે મધ્ય પ્રદેશ જતી રહી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ફેબ્રુઆરીથી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી સગીરા આરોપી સાથે મધ્ય પ્રદેશમાં રહી હતી. તે સમયે આરોપીએ કથિત ટૉર્ચર કરી સગીરાનું જાતીય શોષણ કર્યું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

સપ્ટેમ્બરમાં સગીરા આરોપીની ચુંગાલમાંથી છટકી જવામાં સફળ રહી હતી અને વસઈમાં તેના ઘરે પાછી ફરી હતી. જોકે આરોપીએ સગીરાનો પીછો છોડ્યો નહોતો. સગીરાને પોતાની પાસે પાછી આવવા માટે તે દબાણ કરવા લાગ્યો હતો. ■

# આઠવલેનું પ્રધાનપદ જોખમમાં

## રાજ્યસભાની બેઠક મેળવવા પાલિકા ચૂંટણીમાં ભાજપ સાથે સમજૂતીથી કાર્યકરોમાં નારાજગી

મુંબઈ: રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ રામદાસ આઠવલેની રાજ્યસભાની મુદત એપ્રિલમાં પૂરી થઈ રહી છે. કેન્દ્રમાં તેમનું પ્રધાનપદ જાળવી રાખવા માટે તેઓ ફરીથી રાજ્યસભામાં વધુ એક તક ઈચ્છી રહ્યા છે. ભાજપના ક્વોટામાંથી રાજ્યસભાની બેઠક મેળવવા માટે આઠવલેએ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ સાથે સમજૂતી કરી હોવાની પક્ષમાં ચર્ચા ચાલી રહી છે, જેના કારણે કાર્યકરોમાં નારાજગી જોવા મળી રહી છે.

આઠવલેએ મુંબઈમાં ૧૭ બેઠકોની માગણી કરી હતી. છેલ્લે સુધી કોઈ ઉકેલ ન આવતા અંતે આઠવલેના ૩૯ કાર્યકરોએ તેમના ઉમેદવારીપત્રો ભર્યા હતા. મુખ્યપ્રધાન ફડણવીસે આઠવલે સાથે કરેલી ચર્ચા બાદ ભાજપ અને શિવસેનાએ રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાને ૬-૬ બેઠકો આપવા સંમતિ દર્શાવી હતી. આ બેઠકો પર બંને પક્ષોના ઉમેદવારો પોતાની અરજીઓ પાછી ખેંચી લેશે તે નક્કી થયું હતું. જોકે સંબંધિત ઉમેદવારોએ પોતાની અરજીઓ પાછી ખેંચી નથી. રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના ૨૬ ઉમેદવારોએ પોતાની અરજીઓ પાછી ખેંચી લીધી હતી. મુંબઈમાં રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના ૧૩ ઉમેદવારો મેદાનમાં હોવા છતાં આઠવલે માત્ર મહાયુતિના ઉમેદવારોનો જ પ્રચાર કરી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. એપ્રિલ મહિનામાં આઠવલેની રાજ્યસભાની મુદત પૂરી થઈ રહી છે. ■

# ભૂતકાળ ઉખેળવા પર મજબૂર ના કરો

## બાવનકુળેએ અજિતદાદાને આપી ખુલ્લી ચેતવણી

મુંબઈ: થોડા દિવસો પહેલા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશન (પીસીએમસી)માં ભાજપ દ્વારા ભ્રષ્ટાચાર થયો હોવાનો આરોપ મૂક્યો હતો.

આ આક્ષેપોનો જવાબ આપવાને બદલે ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ અજિત પવાર પર વળતો પ્રહાર કરી જણાવ્યું છે કે જો અમે ભૂતકાળ ઉખેળીશું તો અજિત પવાર એક હરફ નહીં ઉચ્ચારી શકે. પુણે અને પિંપરી-ચિંચવડ બંને વાસ્તવમાં પવારના ગઢ છે. જોકે, ૨૦૧૭ની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષએ બંને શહેરમાં જીત મેળવી હતી. એનસીપી પાસેથી બંને મહાનગરપાલિકા છીનવી ભાજપએ ઐતિહાસિક જીત મેળવી હતી. ગઢ ગુમાવ્યો એનો અફસોસ અજિત પવારને છે. હવે એ જ ગઢ ફરી કબજે કરવા તેઓ સખત મહેનત કરી રહ્યા છે. તેમણે સ્થાનિક ભાજપના નેતાઓ પર ભ્રષ્ટાચારનો આરોપ કરી શરૂઆત કરી હતી. જોકે, આ વાત ભાજપને ખટકી છે. બાવનકુળેનું કહેવું હતું કે અજિત પવારે ભાજપ અને એનસીપીની સંકલન સમિતિના નિર્ણય મુજબ બોલવું જોઈએ, નહીં તો કહેવા માટે ઘણું બધું છે. ૭૦ હજાર કરોડ રૂપિયાના કૌભાંડના આરોપ હોવા છતાં ત સત્તામાં છે એવું કહેવું ગર્વની વાત નથી. ■



ક્રીડાઈ-BANMના એરપોર્ટ થીમવાળો નવી મુંબઈ પ્રોપર્ટી એક્ષપોમાં ૯૬૦૦૦થી વધુ લોકોએ મુલાકાત લીધી હતી જેમાં ૭૦૦ બુકિંગ થયેલ. લકી ડ્રોમાં ૨ કાર જીતવામાં આવી હતી. જેના ટાઈટલ સ્પોન્સર્સ EV હોમ્સ તથા મુખ્ય સ્પોન્સર્સ પેરેડાઈઝ ગ્રુપ એમ્પરીયા, કો-સ્પોન્સર્સ- શ્રીજી વેન્ચર્સ અને ગેમી ગ્રુપ હતા. જેનું ઉદ્‌ઘાટન NMMC કમિશનર દ્વારા કરવામાં આવ્યું હતું.

# થાણે જેલમાં આરોપીએ પોલીસ અધિકારી પર હુમલો કરી સીસીટીવી કૅમેરા તોડ્યા

થાણે: થાણેની સબ-જેલમાં આરોપીએ પોતાની ધરપકડ સામે સવાલ ઉઠાવી તુરંત છોડી મૂકવાની માગણી કરીને પોલીસ અધિકારી પર હુમલો કર્યો હતો. આ ધમાચકડીમાં સીસીટીવી કૅમેરાને પણ નુકસાન થયું હોવાનું પોલીસે મંગળવારે જણાવ્યું હતું. ભૂતકાળમાં પણ પોતાની વિરુદ્ધ આવા જ આરોપો થયા હોવાથી કાયદેસર પગલાંથી તેને કોઈ ફરક પડતો ન હોવાનો દાવો આરોપીએ કર્યો હતો.

ભિવંડી સબ-જેલ પરિસરમાં રવિવારે બનેલી ઘટના પ્રકરણે શાંતિનગર પોલીસે આરોપી ફૈઝ ઈસ્લામ શેખ (૨૫) વિરુદ્ધ એફઆઈઆર નોંધ્યો હતો. એક કેસમાં ધરપકડ બાદ શેખને આ જેલમાં રાખવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીએ ફરજ પર હાજર પોલીસ અધિકારીને ગાળાગાળી કર્યા પછી તેના પર હુમલો કર્યો હતો. આરોપીએ પોતાની ધરપકડ અંગે પોલીસ પ્રશાસન સામે સવાલ ઉઠાવ્યા હતા અને તેને તરત છોડી મૂકવાની માગણી કરી હતી.

આરોપીએ એવી પણ ધમકી આપી હતી કે અગાઉ તેની સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૩ (સરકારી નોકર પર હુમલો) હેઠળ કરાયેલા આરોપો માટે તેને કોઈ ફિકર નથી, એવું શાંતિનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. શેખે સબ-જેલના ગેટ નજીક લગાવવામાં આવેલા ત્રણ સીસીટીવી કૅમેરા ઉખેડી નાખ્યા હતા અને જમીન પર પટકી તોડી નાખ્યા હતા. એ પરિસરમાં લાગેલા લાઈટ બલ્બ પણ આરોપીએ તાડી નાખ્યા હતા.

પોલીસ અધિકારીએ સમજાવવાનો પ્રયાસ કરતાં આરોપીએ અધિકારીનો કૉલર પકડી તેને ધક્કે ચઢાવ્યો હતો. ■

SAD DEMISE



અમરાપુર નિવાસી, હાલ વિલે પારલે,
સ્વ. મણીભાઈ અને સ્વ. વિલાસબેન ની પુત્રી
દર્શના બહેન મણીલાલ દોશી
(ઉં.૭૯)
તા. ૫/૧/૨૦૨૬ ના સ્વર્ગવાસી થયેલ છે.
કિરીટ- સરોજ દોશી
ભરત- પારુલ દોશી
જયંત- પ્રીતિ દોશી
કમલ - કુમકુમ દોશી
મુકેશ - પારુલ દોશી
ના જય જિનેન્દ્ર
લૌકિક વ્યવહાર બંધ છે.

# ફોરેક્સ અને ગોલ્ડ ટ્રેડિંગમાં ૨૦૦ કરોડ રૂપિયા પડાવવાના ઈન્ટરનૅશનલ રૅકેટનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ફોરેક્સ અને ગોલ્ડ ટ્રેડિંગમાં આકર્ષક વળતરની લાલચે અનેક લોકો પાસેથી ૨૦૦ કરોડ રૂપિયા પડાવવાના ઈન્ટરનૅશનલ સાયબર ફ્રોડ રૅકેટનો મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસે પર્દાફાશ કર્યો હતો. વિદેશથી ઑપરેટ થતા આ રૅકેટમાં સંડોવાયેલા સાત મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં આવતાં તેમની આવા પ્રકારના ૫૧થી વધુ કેસમાં સંડોવણી હોવાનું સામે આવ્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪ના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર પ્રમોદ બડાખની ટીમે પકડી પાડેલા આરોપીઓની ઓળખ રોશનકુમાર સિથારામા શેટ્ટી, સાબિર મોહમ્મદ ખાન, સનદ સંજીવ દાસ, રાહુલકુમાર ઉર્ફે કૈલાશ રાકેશકુમાર, આમિર કરમ શેરખાન, અભિષેક અનિલ નારકર ઉર્ફે ગોપલ અને મોહમ્મદ રશીદ ફકીર મોહમ્મદ બલોચ ઉર્ફે લકી તરીકે થઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ મીરા રોડમાં રહેતી એક વ્યક્તિ સાથે થયેલા સાયબર ફ્રોડની તપાસમાં પોલીસ આરોપીઓ સુધી પહોંચી હતી. પોલીસને મોટી સફળતા ૧૨ નવેમ્બરે મળી હતી, જ્યારે મુંબઈ-અમદાવાદ હાઈવે પરના બાપાને ગાંવ ખાતેની એક લૉજિંગ ઍન્ડ બોર્ડિંગ પર રેઇડ પાડવામાં આવી હતી. એ સ્થળેથી પોલીસે પાંચ આરોપીની ધરપકડ કરી હતી.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આ ટોળકી મેટ્રોમોનિયલ સાઈટ તેમ જ અન્ય સોશ્યલ મીડિયાના માધ્યમથી નાગરિકોનો સંપર્ક સાધતી હતી. ■

॥ બેસણું ॥



શેઠશ્રી રાવલ સુરેન્દ્રકુમાર લક્ષ્મણદાસ
સ્વ.તા. ૦૫/૦૧/૨૦૨૬, સોમવાર
દુઃખ સાથે જણાવવાનું કે શાહપુર વડ નિવાસી હાલ રહે મુંબઈ વિલેપાર્લે
શેઠશ્રી રાવલ સુરેન્દ્રકુમાર લક્ષ્મણદાસ,
તા. ૦૫/૦૧/૨૦૨૬, સોમવાર ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રભુને પ્રાર્થના...

**પ્રાર્થના સભા**

મુંબઈ મુકામે
તા. ૦૮/૦૧/૨૦૨૬, ગુરુવાર
સમય: સાંજે ૦૪:૦૦ થી ૦૭:૦૦
સ્થળ: ઈસ્કોન મંદિર ઓડિટોરિયમ હરેકૃષ્ણ લેન્ડ, જુહુ.

ગુજરાત મુકામે
બેસણું, સૂતક અને ઉત્તરક્રિયા
તા. ૧૩/૦૧/૨૦૨૬, મંગળવાર
સમય: સવારે: ૦૯:૦૦ થી ૧૨:૦૦
સ્થળ: તપોધન બ્રાહ્મણ સમાજ વાડી, શાહપુર વડ, તાલુકો વડનગર, જિલ્લો મહેસાણા, ઉત્તર ગુજરાત - ૩૮૪૩૫૫.

સમસ્ત રાવલ લક્ષ્મણદાસ પીતાંબરદાસ પરીવાર

રાવલ જીતેંદ્રકુમાર સુરેન્દ્રકુમાર - 8082077770
રાવલ શશીકાંતભાઈ સુરેન્દ્રકુમાર - 9967777308
સ્વ. રાવલ રાજેશકુમાર સુરેન્દ્રકુમાર
રાવલ સંજય કુમાર સુરેન્દ્રકુમાર


# ૨૦ વર્ષ બાદ નાશિકમાં ઠાકરે બંધુઓ એકસાથે સભા સંબોધશે

નાશિક: મહાનગરપાલિકાની ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં નાશિકમાં રાજકીય વાતાવરણ ગરમાવા લાગ્યું છે અને આ પ્રચારમાં એક ઐતિહાસિક ઘટના બનવા જઈ રહી છે. શિવસેના (યુબીટી) પક્ષના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરે નવમી જાન્યુઆરીએ નાશિકમાં સંયુક્ત જાહેર સભા સંબોધશે. શિવસેના (યુબીટી) અને મનસે ઉમેદવારોના પ્રચાર માટે આયોજિત આ સભા હુતાત્મા અનંત કાન્હેરે મેદાનમાં યોજાશે અને અંદાજે ૨૦ વર્ષ બાદ ઠાકરે બંધુઓ એક જ મંચ પર આવવાના હોવાથી આ સભાનું મહત્વ વધી ગયું છે. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે દ્વારા સંયુક્ત રીતે પ્રચાર કરવાના નિર્ણયથી રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. મુંબઈ, થાણે અને નાશિક જેવા મુખ્ય શહેરોમાં બંને નેતાઓની સંયુક્ત બેઠકોનું ૩ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. ■

શોક સંદેશ



વડોદરાના મૂળ નિવાસી તથા
આનંદ સોસાયટી, અંધેરી (પશ્ચિમ),
મુંબઈ ખાતે નિવાસ કરતા
શ્રીમતી સરોજબેન દલાલ
નું તારીખ ૫ જાન્યુઆરી, ૨૦૨૬
ના રોજ દુઃખદ અવસાન થયું.
તેઓ સ્વર્ગસ્થ પ્રોફેસર બી. પી. દલાલના ધર્મપત્ની તથા રાકેશ, પ્રશાંત અને સુનાલી ના સ્નેહાળ માતા અને તેમના સંતાનોના લાડકવાયા દાદી/નાની હતા.
તેમની અંત્યેષ્ટિ વિધિ તારીખ
૮ જાન્યુઆરી, ૨૦૨૬
ના રોજ યોજાશે.




# પૂ.બજરંગદાસ બાપાના ૪૯મા પુણ્યતિથિ મહોત્સવ નિમિત્તે બગદાણામાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ બગદાણા ખાતે સંત શિરોમણી પૂજ્ય બજરંગદાસ બાપા (બાપા સીતારામ) ની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે ભક્તિમય માહોલ જામ્યો હતો. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ 'બાપા'ના દર્શન કરવા અને ગુરુવંદના કરવા બગદાણા ધામ ખાતે ઉમટી પડ્યા હતા. પુણ્યતિથિ મહોત્સવના પવિત્ર દિવસે ગુરુ આશ્રમ ખાતે વહેલી સવારથી જ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.



અગાઉથી જ ગુરુઆશ્રમ, બગદાણા દ્વારા ઘોષિત થયેલા આજના ધાર્મિક કાર્યક્રમોની રૂપરેખા મુજબ વહેલી સવારના પાંચ કલાકથી મંગળા આરતી થઈ હતી. બાદમાં ધ્વજા પૂજન અને ધ્વજા આરોહણ થયું હતું. ત્યારબાદ મહિમા પૂર્ણ ગુરુપૂજન યોજાયું હતું. જેમાં સૌ ભાવિકો જોડાયા હતા. ત્યારબાદ અહીં રાજભોગ આરતી થઈ હતી.બાદમાં અહીં દર વર્ષે યોજાતી પરંપરાગત પૂજ્ય બાપાની નગરયાત્રા યોજાઈ હતી. ગુરુ આશ્રમ મધ્યેથી પૂજ્ય બાપાની છબી સાથે ખાસ શણગારાયેલા રથમાં નગરયાત્રાનું પ્રસ્થાન થયું હતું. મુખ્ય ગેટની બહારથી જ નગરયાત્રામાં જોડાયેલા હજારો ભાવિકો બાપાના બાપાસીતારામ.... બાપા સીતારામ.... ના નાદ સાથે જોડાતા ઉલ્લાસ પૂર્ણ ધર્મમય વાતાવરણ સર્જાયું હતું. હજારો ભાવવિભોર ભક્તોએ અબીલ ગુલાલની છોળો તેમજ ચોકલેટ, પીપરમેન્ટનો વરસાદ વરસાવ્યો હતો. બાપાની આ નગરયાત્રા બગદાણા ગામની શેરીઓમાં ફરી હતી.

ગુરુ આશ્રમ બગદાણાના મહત્ત્વપૂર્ણ એવા પ્રસંગમાં સ્વયંસેવક ભાઈઓ અને બહેનોની અજોડ સેવા મળી હતી. રામ,રોટલો અને રાષ્ટ્રભક્તિની ઉમદા ભાવનાને વરેલા પૂજ્ય બાપાના સ્વયંસેવકોએ દર્શન વિભાગ, રસોડા વિભાગ, ભોજનશાળા, સફાઈ વિભાગ,પાર્કિંગ, સુરક્ષા,ચા પાણી સહિતના વિભાગોમાં ઉત્તમ સેવા બજાવી હતી.

ગુજરાતના ખૂણે-ખૂણેથી અને અન્ય રાજ્યોમાંથી પણ ભક્તો પદયાત્રા કરીને તેમજ ખાનગી વાહનો દ્વારા બગદાણા ગામ બાપાના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. ભોજન શાળા વિભાગમાં બહેનો તેમજ ભાઈઓ માટે અલગ અલગ ભોજન પ્રસાદની વ્યવસ્થાઓ રાખવામાં આવી હતી, જ્યાં સૌએ ભોજન પ્રસાદ લીધો હતો.

લાખોની મેદનીને ધ્યાનમાં રાખીને ભાવનગર જિલ્લા પોલીસ પ્રશાસન અને મંદિર ટ્રસ્ટ દ્વારા સુરક્ષાનો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં સરકારી તંત્ર તેમજ પોલીસ, હોમગાર્ડ જવાનોએ ખડેપગે ફરજ બજાવી હતી. ભક્તોને દર્શન કરવામાં સરળતા રહે તે માટે અલગ-અલગ કતારોની વ્યવસ્થા અને ટ્રાફિકના નિયમન માટે ખાસ પાર્કિંગ પ્લોટ્સ બનાવવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં ઠંડીનો ચમકારો, નલિયા સાથે અમદાવાદ પણ ઠર્યું

અમદાવાદઃ રાજ્યના હવામાનમાં ઘણો ફેરફાર જોવા મળ્યો હતો. છેલ્લા બે દિવસથી સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. અમદાવાદમાં સોમવારે લઘુતમ તાપમાન ૧૨.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જોકે મંગળવારે તાપમાન થોડું વધી ૧૩.૪ થયું હતું.

રાજ્યમાં તાપમાનનો પારો ધીમે ધીમે ગગડી રહ્યો છે. જેના કારણે હાલ કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આ દરમિયાન અમદાવાદમાં સીઝનની અત્યાર સુધીની સૌથી ઠંડી રાત નોંધાઈ હતી. લઘુતમ તાપમાન ઘટીને ૧૨.૫ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું. છેલ્લા ત્રણ દિવસમાં તાપમાનમાં આ મોટો ઘટાડો જોવા મળ્યો હતો. આજે તાપમાનનો પારો વધુ ગગડવાની આગાહી છે. આ સપ્તાહની શરૂઆતમાં રાત્રિનું તાપમાન ૧૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ હતું, પરંતુ સતત ઘટાડાને કારણે અમદાવાદ ઠંડુગાર થયું હોવાનું જણાઈ રહ્યું છે.

અન્ય શહેરોની વાત કરીએ તો વડોદરામાં ૧૩.૬ ડિગ્રી, ભુજ ૧૧.૪, ડીસા ૧૧ ડિગ્રી, ૧૧.૪, ડિગ્રીએ ઠર્યું હતું. ભાવનગર અને પોરબંદરમાં ૧૪ ડિગ્રી અને સુરતમાં ૧૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. શહેરી વિસ્તારમાં ગીચતા હોવાથી ઠંડીનો અનુભવ થોડો ઓછો થતો હોય છે, પરંતુ ગ્રામ્ય જનજીવન પર ઠંડીની ભારે અસર જોવા મળે છે.

હવામાન ખાતાએ આગામી અઠવાડિયા સુધી વાતાવરણ ઠંડું રહેવાની આગાહી કરી છે. જોકે તાપમાનમાં બે-ત્રણ ડિગ્રીનો ફેરફાર નોંધાશે એટલે કે થોડી ઠંડી ઓછી થવાની સંભાવના છે.

પવનની દિશામાં ફેરફાર થવાથી તાપમાનમાં આગળ પણ ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે. હવામાન વિભાગે આગામી અઠવાડિયા સુધી આબોહવા શુષ્ક રહેવાની આગાહી પણ કરી હતી.

# સૌરાષ્ટ્રમાં બે અલગ અલગ માર્ગ અકસ્માતમાં છનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર માટે મંગળવાર અમંગળ સાબિત થયો હતો. અહીં બે અલગ અલગ માર્ગ અકસ્માતમાં છ જણનાં મોત થયાં હતાં. ગીર-સોમનાથ અને જામનગર-લાલપુર પાસે થયેલા અકસ્માતમાં છ જણ મોતને ભેટ્યા હતા. જામનગર-લાલપુર નેશનલ હાઈ વે પર સણોસરા ગામ પાસે મોડી રાત્રે એક પંક્ચર પડેલી કારનું ચાર યુવાન ટાયર બદલી રહ્યા હતા. તે જ સમયે પાછળથી આવતી અન્ય એક કારે આ ચારેયને કચડી નાખ્યા હતા, જેમાં ત્રણ યુવાન મૃત્યુ પામ્યા હતા જ્યારે એકને ઈજા થતા હોસ્પિટલમાં ખસેડાયો હતો. મૃતકોમાં કમલેશ નારણ ગાગીયા (૩૬ વર્ષ), શ્રુદીપ દિનેશ ગોજીયા (૧૬ વર્ષ) અને ભરત લખમણ ડાંગર (૨૧ વર્ષ)નો સમાવેશ થાય છે, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી. અન્ય એક કિશોર શ્યામ અશોક ગાગીયા (૧૬ વર્ષ)ને ગંભીર ઈજા થતા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી અને તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

તો બીજો અકસ્માત ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકામાં સુરવા માધુપુર રોડ પર સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. આ અકસ્માત બાઈક, નારિયેળ ભરેલો છકડો રિક્ષા અને એક આઇસર ટ્રક વચ્ચે થયો હતો. નાળિયેર ભરેલો છકડો, આઇસર અને બાઇક વચ્ચે જોરદાર ટક્કર થતા આ અકસ્માત સર્જાયો હતો. આ ટ્રિપલ અકસ્માતમાં બાઇક પર સવાર એક જ પરિવારના કાકા-ભત્રીજા બંનેના મોત થયાં હતાં, તેની સાથે જ નારિયેળ ભરેલો છકડો ચલાવનાર ચાલકનું પણ મોત થયું હતું. મૃતકોની ઓળખ કિશોરભાઈ, પ્રભુદાસભાઈ અને દીક્ષિતભાઈ વડોદરિયા તરીકે થઈ છે. ઘટનાની જાણ થતાં જ તાલાલા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

# ભાજપને મોટો ઝટકો, ડેડિયાપાડાના પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા કૉંગ્રેસમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા રાજકારણમાં ભારે ગરમાવો આવી રહ્યો છે. ડેડિયાપાડાના પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા કૉંગ્રેસમાં જોડાતા ભાજપને મોટો ફટકો પડ્યો છે. ભરૂચ અને નર્મદા જિલ્લાના આદિવાસી પટ્ટામાં વસાવા પરિવારનો દાયકાઓથી દબદબો રહ્યો છે. હવે જ્યારે તેમણે ભાજપનો સાથ છોડ્યો છે તેનો સીધો લાભ કૉંગ્રેસને થશે તેવું માનવામાં આવી રહ્યું છે. મંગળવારે ગુજરાતના આદિવાસી રાજકારણમાં મોટી હલચલ જોવા મળી હતી. ભારતીય ટ્રાયબલ પાર્ટી (બીટીપી) ના સ્થાપક અને કદાવર આદિવાસી નેતા છોટુ વસાવાના પુત્ર મહેશ વસાવા વિધિવત રીતે કૉંગ્રેસમાં જોડાઈ ગયા હતા. દ

ાહોદના કાળીમહુડી ગામમાં યોજાયેલી જનસભામાં મહેશ વસાવા કૉંગ્રેસનો ખેસ પહેર્યો હતો. આ પ્રસંગે ગુજરાત કૉંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરી હાજર રહ્યા હતા અને તેમણે મહેશ વસાવાને કૉંગ્રેસનો ખેસ પહેરાવી પક્ષમાં સ્વાગત કર્યું હતું. કૉંગ્રેસમાં જોડાયા બાદ મહેશ વસાવાએ કહ્યું હતું કે, ભાજપ બંધારણ તોડનારી પાર્ટી છે અને તેની સામે આદિવાસીઓને એક કરી લડત આપશે.

કૉંગ્રેસની ગુજરાત જનઆક્રોશ યાત્રા હાલ દાહોદ જિલ્લામાં ફરી રહી છે. આ યાત્રા જ્યારે કાળીમહુડી સભા સ્થળ ખાતે પહોંચી ત્યારે ત્યાં મહેશ વસાવા પોતાના સમર્થકો સાથે પહોંચ્યા હતા. સભા પહેલા પ્રદેશના નેતાઓ અને મહેશ વસાવાએ ગુરુ ગોવિંદ કંબોઈ ધામ ખાતે દર્શન કર્યા હતા. કાળીમહુડી સભામાં મોટી સંખ્યામાં આદિવાસી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહેશ વસાવા ગત લોકસભા ચૂંટણી પહેલા પોતાના પિતાની પાર્ટી ભારતીય ટ્રાઈબલ પાર્ટી (ઇઝડ) છોડી ભાજપમાં જોડાયા હતા. જોકે, થોડા સમય પહેલા જ તેમણે ભાજપમાંથી રાજીનામું આપ્યું હતું. તેમણે ભાજપ અને છજીજ ની વિચારધારા સાથે મેળ ન ખાતો હોવાનું અને બંધારણનું પાલન ન થતું હોવાનું કારણ આપીને ભાજપનો સાથ છોડ્યો હતો.

# ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર સિંહણનું વાહનની ટક્કરથી મોત

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં ફરી અક્સમાતમાં સિંહણના મરણની ઘટના ઘટી હતી. રવિવારે મોડી રાત્રે અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના હેમલ ગામ નજીક ભાવનગર-સોમનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પાર કરતી વખતે વાહનની ટક્કરથી એક સિંહણનું મોત થયું હતું. વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે સિંહણને માથામાં ગંભીર ઈજા થઈ હતી અને તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આ ઘટના સોમવારે વહેલી સવારે પ્રકાશમાં આવી હતી, ત્યારબાદ જાફરાબાદ રેન્જની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતદેહને કબજે કરવામાં આવ્યો હતો અને પોસ્ટમોર્ટમ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટરમાં ખસેડવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, નજીકની હોટલો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા હતા. જેથી વાહનની ઓળખ થઈ શકે. જવાબદાર ડ્રાઇવરને શોધવાના પ્રયાસો ચાલુ છે, કારણ કે વન રક્ષકો અને ટ્રેકર્સે તપાસ શરૂ કરી છે.

# ઈસરોના ચેરમેન વી. નારાયણનો દાવો, બે વર્ષમાં ભારત ચંદ્ર પર પગ મૂકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈસરોના ચેરમેન વી નારાયણને ગુજરાત યુનિવર્સિટીના ૭૪મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે ઉપસ્થિત લોકોને સંબોધ્યા હતા અને ઈસરોની સિદ્ધિઓની ઝાંખી કરાવી હતી. આ કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે ભારત ૨૦૨૭ સુધીમાં એક એવું અવકાશયાન વિકસાવવાનું લક્ષ્ય રાખે છે જે માનવીઓને સુરક્ષિત રીતે ચંદ્ર પર ઉતારી શકે અને તેમને પૃથ્વી પર પાછા લાવી શકે. આ મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય માટે, ગગનયાન મિશન પહેલાથી જ શરૂ થઈ ગયું છે અને મંગળ મિશનની તૈયારીઓ પણ ચાલી રહી છે અને ૨૦૨૮ સુધીમાં તે આગળ વધવાની અપેક્ષા છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ભારતની અવકાશ યાત્રાના મુખ્ય સીમાચિહ્નો વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૧૯૬૨થી, ભારતે વિવિધ હેતુઓ માટે ૧૩૩ ઉપગ્રહો સફળતાપૂર્વક લોન્ચ કર્યા છે. ગયા મહિને એલવીએમ-૩ બાહુબલી ૧૬૪ કિલોગ્રામ વજન ધરાવતો અત્યાર સુધીનો લોન્ચ કરાયેલો સૌથી વજનદાર ઉપગ્રહ હતો.

ઇસરોના ચેરમેને વધુમાં જણાવ્યું હતું કે નેક્સ્ટ જનરેશન લોન્ચ વ્હિકલ માટે મંજૂરી આપવામાં આવી છે. તેમણે ભાર મૂક્યો કે ભારતે અત્યાર સુધીમાં ૩૪ દેશો માટે ૪૩૪ ઉપગ્રહો લોન્ચ કર્યા છે. ભારત એક જ દિવસમાં ૧૦૪ ઉપગ્રહો લોન્ચ કરવાનો વિશ્વ રેકોર્ડ પણ ધરાવે છે. ભવિષ્યના મિશન વિશે બોલતા, નારાયણને કહ્યું કે ભારત હવે સૂર્યનો અભ્યાસ કરતા રાષ્ટ્રોના એક ગ્રૂપ સાથે જોડાયું છે અને ટૂંક સમયમાં આદિત્ય મિશન લોન્ચ કરશે.

તેમણે ગૂગલની મેપિંગ સેવાઓની જેમ 'ભુવન' પોર્ટલ શરૂ કરવાની યોજનાની પણ જાહેરાત કરી હતી.

# ગુજરાતની છ કોર્ટને બૉમ્બથી ઉડાડી દેવાની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સરકારી કચેરીઓ અને શાળાને બૉમ્બથી ઉડાડી દેવાના ઈમેલ્સ બાદ ગુજરાત હાઈ કોર્ટ અને અન્ય પાંચ કોર્ટને બૉમ્બથી ઉડાડી દેવાના ધમકીભર્યા ઈમેલ્સે ફરી પોલીસતંત્રને દોડતું કર્યું હતું. ગુજરાત હાઈ કોર્ટ સહિત સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ, લાલ દરવાજા સ્થિત અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ તેમજ ભરૂચ, આણંદ અને રાજકોટની કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઇલ મળ્યો હતો.

સોમવારે મોડી રાત્રે સુરત અને અમદાવાદ કોર્ટના ઓફિશિયલ ઈ-મેલ આઈડી પર મેઈલ કરીને આખા બિલ્ડિંગને આરડીએક્સથી ઉડાડી દેવાની ધમકી આપી હતી. આ પ્રકારના ઈમેલની જાણ થતા અમદાવાદ પોલીસ, બૉમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ સાથે દોડી આવી હતી અને તપાસ કરી હતી. તપાસ દરમિયાન રાજકોટ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના પરિસરમાંથી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી)ને એક ડ્રોન મળ્યું હતું, પરંતુ આ ડ્રોન મહેસાણાના વકીલ સાથે લઈને આવ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. પોલીસે વકીલની પૂછપરછ કરી હતી, જોકે કંઈ સ્ફોટક મળ્યું ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગુજરાત હાઈ કોર્ટમાં ધમકીના પગલે સુરક્ષા વ્યવસ્તા સઘન બનાવવામાં આવી હતી. પ્રવેશબંધી કરવામાં આવી હતી અને કામકાજ બંધ રાખવામાં આવ્યાં હતાં. તમામને પરિસરમાંથી સલામતી સાથે બહાર મોકલવામાં આવ્યા હતા.

સોમવારે ઈન્કમટેક્સ પાસે આવેલી ગ્રામ્ય કોર્ટને આ પ્રકારે જ બૉમ્બથી ઉડાડી દેવાની ધમકી આપી હતી.

# સચિવાલયથી મહાત્મા મંદિર સુધીની મેટ્રો સર્વિસ આવતા અઠવાડિયેથી શરૂ થવાની સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદથી ગાંધીનગર વચ્ચે ચાલતી મેટ્રોસર્વિસ યુવાનો સહિત અમદાવાદીઓમાં લોકપ્રિય થઈ રહી છે ત્યારે હવે આ રૂટનો અંતિમ તબક્કો ખુલ્લો મૂકવાની તૈયારીઓ ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આગામી ૧૨ જાન્યુઆરીના રોજ અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ સેવાના ફેઝ ૨ અંતર્ગત સચિવાલયથી મહાત્મા મંદીર સુધીના અંતિમ રૂટનું પીએમ મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવે તેવી શક્યતા છે, જેનો લાભ હજારો મુસાફરોને મળી રહેવાનો છે.

મળતી વિગતો અનુસાર, આગામી ૧૨ જાન્યુઆરીના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ સેવાના ફેઝ-૨ અંતર્ગત સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના અંતિમ રૂટનું લોકાર્પણ કરી શકે છે. આ કાર્યક્રમ અંતર્ગત વડા પ્રધાન અમદાવાદના ઓલ્ડ હાઇ કોર્ટ સ્ટેશનથી મેટ્રોમાં સવાર થઈ ગાંધીનગરના મહાત્મા મંદિર પહોંચશે, જ્યાં તેઓ જર્મન પ્રતિનિધિમંડળ સાથેના એક નિર્ધારિત કાર્યક્રમમાં હાજરી આપશે. આ લોકાર્પણ સાથે જ બંને શહેરો વચ્ચે જાહેર પરિવહન સેવા વધુ સુદૃઢ અને ઝડપી બનશે.

૫.૩૬ કિલોમીટર લાંબા આ વિસ્તૃત કોરિડોર પર પાંચ નવા સ્ટેશન કાર્યરત થશે, જેમાં અક્ષરધામ, જૂનું સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ અને મહાત્મા મંદિરનો સમાવેશ થાય છે. આ વિસ્તરણને કારણે માત્ર ગાંધીનગરના ૨૦ જેટલા સેક્ટરો અને આસપાસના ગામડાઓના રહીશોને જ નહીં, પરંતુ પ્રવાસીઓને પણ મોટો ફાયદો થશે. હવે અક્ષરધામ મંદિર અને દાંડી કુટીર જેવા મહત્ત્વના પ્રવાસન સ્થળો સુધી મેટ્રો દ્વારા સરળતાથી પહોંચી શકાશે, જે અમદાવાદ આવતા પર્યટકો માટે મોટી સુવિધા સાબિત થઈ શકે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા વિકસિત આ નેટવર્ક હવે કુલ ૬૮ કિલોમીટરની લંબાઈ અને ૫૪ સ્ટેશનને આવરી લેશે.

# ગાંધીનગરમાં ટાઈફોઈડના રોગચાળા મુદ્દે મુખ્ય પ્રધાનની ઉચ્ચસ્તરીય બેઠક, રોગ નિયંત્રણ અંગે નિર્દેશ આપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર શહેરમાં ટાઈફોઈડના રોગચાળાના કારણે સર્જાયેલી સ્થિતિ અંગે ઉચ્ચ સ્તરીય સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજી હતી. મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં યોજાયેલી આ મીટિંગમાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી વીડિયો કોન્ફરન્સ મારફતે જોડાયા હતા. આ મીટિંગમાં તેમણે ગાંધીનગર મહાનગરપાલિકા અને રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સંયુક્તપણે લેવાઈ રહેલા દર્દીઓની સારવાર, રોગ નિયંત્રણ અને નિવારણ માટેના પગલાઓ વધુ સઘન બનાવવા માટેનાં સૂચનો કર્યાં હતાં.

આ બેઠકમાં ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનરે આ રોગચાળાના નિયંત્રણ માટે મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય વિભાગના સંકલનમાં રહીને થઈ રહેલી કામગીરીની વિગતો મુખ્ય પ્રધાનને આપી હતી. તેમણે કહ્યું હતું કે, હવે કેસોમાં ઉત્તરોત્તર ઘટાડો જોવા મળી રહ્યો છે. મહાનગરપાલિકા દ્વારા ૮૫ સર્વે ટીમ બનાવીને એક લાખ ૫૮ હજારથી વધુ લોકોનું સર્વેલન્સ કરવામાં આવ્યું છે. ક્લોરિન ટેબલેટ્સ અને ઓ.આર.એસ. પેકેટ પણ પૂરતા પ્રમાણમાં વિતરણ કરવામાં આવ્યાં છે. લીકેજીસના રિપેરિંગ કામ અગ્રતાના ધોરણે હાથ ધરાયા છે તેમજ તમામ પાણીના સ્ત્રોતોમાં સુપર ક્લોરિનેશન પણ કરવામાં આવ્યું છે.

મુખ્ય પ્રધાને પાણીજન્ય રોગચાળો ફેલાતો અટકાવવાના સઘન ઉપાયરૂપે ગાંધીનગર સહિત રાજ્યનાં શહેરી ક્ષેત્રોમાં પીવાના પાણીના સેમ્પલ દરરોજ લઈ તેની યોગ્યતા અને ક્લોરિનેશનના રિપોર્ટ્સ મેળવ્યા પછી જ પાણી વિતરણ વ્યવસ્થા થાય તે માટેના સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા હતા. તે ઉપરાંત હાલ પાઈપલાઈન અંગેના જે કામો પ્રગતિમાં છે, તેની ફિલ્ડ વિઝિટ કરીને ગુણવત્તા અને ચોક્સાઈ સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. તેમણે વોટર ટેસ્ટિંગનો વ્યાપ વધારવા અને લીકેજીસ તાત્કાલિક ધોરણે અટકાવવાના પગલાઓ લેવા તાકીદ કરી હતી.

# કેદીઓની સજા માફી અને જેલ મુક્તિ સંબંધિત નિયમ પાલન કોર્ટ સમક્ષ મૂકવા હાઈ કોર્ટનો સરકારને આદેશ

અમદાવાદઃ ગુજરાત હાઇકોર્ટે રાજ્ય સરકારને કેદીઓની સજા માફી અને સમય પહેલાં મુક્તિ સંબંધિત તેની નીતિઓની નકલ તેમજ આ નીતિઓના અમલ અંગેનો અહેવાલ કોર્ટ સમક્ષ રજૂ કરવા આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટ દ્વારા દેશભરના તમામ હાઇ કોર્ટોને સજા માફી નીતિઓના અમલની દેખરેખ અને સુપરવિઝન કરવા સૂચના આપવામાં આવી હોવાથી હાઇ કોર્ટે આ મુદ્દે સૂઓમોટો નિર્ણય લીધો હતો. હાઇ કોર્ટે આ વિગતો ૧૨ ફેબ્રુઆરી સુધીમાં રજૂ કરવા હુક કર્યો હતો.

હાઇ કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા રાજ્ય સરકારોની સજા માફી અને સમય પહેલાં મુક્તિની નીતિઓના અમલની દેખરેખ માટે આ બેન્ચની રચના કરવામાં આવી છે. સુનાવણી દરમિયાન સરકારી વકીલ જી.એચ.વીર્કે રજૂઆત કરી હતી કે, સુપ્રીમ કોર્ટના આદેશમાં ગુજરાત રાજ્યનું નામ દર્શાવાયું નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા સમયાંતરે વિવિધ ચુકાદાઓમાં આપવામાં આવેલી સૂચનાઓનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારની રજૂઆત સાંભળ્યા બાદ કોર્ટે જણાવ્યું હતું કે, આવી પરિસ્થિતિમાં નિયમોના પાલન થયાનું મૂલ્યાંકન કરવા તેમજ હાલની નીતિઓની તપાસ કરવા માટે સજા માફી સંબંધિત હાલની નીતિઓની નકલ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદામાં ઉલ્લેખિત એમિકસ ક્યુરીને આપવામાં આવેલા નિયમ પાલન અહેવાલની નકલ રેકોર્ડ પર રજૂ કરવા પણ આદેશ કર્યો હતો.

# મનપાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટે કેએફસી, મેકડોનાલ્ડ સહિત ૧૨ એકમ સીલ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે ગંદી ફેલાવતા એકમો સામે કડક પગલાં લીધા છે, જેમાં જાણીતી ફૂડ કંપનીઓનો પણ સમાવેશ થાય છે. તાજેતરમાં શહેરના વિવિધ ઝોનમાં ગંદકી ફેલાવતા કુલ ૧૨ કોમર્શિયલ એકમોને સીલ મારવામાં આવ્યા છે.

અમદાવાદ મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની પશ્ચિમ ઝોનની સોલિડ વેસ્ટ ટીમ દ્વારા સાબરમતી વોર્ડના મોટેરા વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં જાહેર રસ્તા પર કચરો ફેંકી ગંદકી ફેલાવતા છ એકમને સીલ કરીને રૂ. ૨.૫૩ લાખનો વહીવટી ચાર્જ વસૂલાયો હતો. ખાસ વાત એ છે કે, સીલ કરાયેલા આ છ એકમમાં મેકડોનાલ્ડ અને કેએફસીનો પણ સમાવેશ થયો હતો.

આ ઉપરાંત મોટેરામાં ફેશન ફેક્ટરી, વેક ફિટ, બીબા ફેશન, એડ્રાઇન ટોનીને પણ સીલ કરવામાં આવ્યા હતા. આ સિવાય ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ૧૨૦ એકમોની તપાસ કરવામાં આવી હતી, જે પૈકી કુલ ૧૦૬ એકમને નોટિસ આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# અમદાવાદમાં દૂષિત પાણીની લાખો ફરિયાદ, તંત્ર ગંભીર ન હોવાનો વિપક્ષનો આક્ષેપ

અમદાવાદઃ ઈન્દોર અને ત્યારબાદ ગાંધીનગરમાં દૂષિત પાણીને લીધે આરોગ્યની ગંભીર સ્થિતિ નિર્માણ થઈ છે. ત્યારે અમદાવાદમાં દૂષિત પાણીની ફરિયાદોની ફાઈલોનો ખડકલો જોતા શહેરમાં પણ સ્થિતિ ગંભીર થઈ શકે છે, તેવી શક્યતા વિપક્ષ સહિત નિષ્ણાતો દર્શાવી રહ્યા છે. મનપાના વિપક્ષી નેતા શહેઝાદ ખાન પઠાણે ચેતવણી આપતા જણાવ્યું હતું કે જો તાત્કાલિક સુધારો કરવામાં નહીં આવે તો શહેરમાં પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાનો ભય છે. સત્તાવાર ફરિયાદના આંકડા ટાંકીને, પઠાણે જણાવ્યું હતું કે ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન રહેવાસીઓએ પ્રદૂષિત પીવાના પાણી સંબંધિત ૩,૧૭,૧૬૭ ઓનલાઈન ફરિયાદો નોંધાવી હતી, છતાં શહેરના મોટા ભાગોમાં આ મુદ્દો હજુ પણ ઉકેલાયેલો નથી. તેમણે વધુમાં દાવો કર્યો હતો કે છેલ્લા ત્રણ વર્ષમાં ઝાડા, ઊલટી, ટાઇફોઇડ, કમળો અને કોલેરા સહિત પાણીજન્ય રોગોના ૪૪,૨૫૮ કેસ નોંધાયા છે.

# જૂનાગઢમાંથી નકલી બ્રાન્ડેડ દારૂ બનાવવાની ફેક્ટરી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનું ગુજરાત દારૂબંધી માટે જાણીતું છે, જો કે રાજ્યના વિવિધ ભાગોમાંથી અવારનવાર મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો મળતો રહે છે. પણ હદ તો ત્યારે થઈ જ્યારે જૂનાગઢમાં નકલી દારૂ બનાવટી ફેક્ટરી ઝડપાઇ હતી. જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલા મકાનમાં નકલી દારૂ બનાવવાની ફેક્ટરી ઝડપાઈ હતી. એ ડિવિઝન પોલીસને મળેલી બાતમી બાદ તપાસ કરતા મોટો ઘટસ્ફોટ થયો હતો. પોલીસે દરોડા દરમિયાન ફેક્ટરીમાંથી તૈયાર કરવામાં આવેલી ૧૪૦૦થી વધુ દારૂની બોટલો, ખાલી બોટલોનો જથ્થો, ૪૫૦ લિટર કેમિકલ, કેમિકલના કેરબા, એસેન્સની બોટલો અને પેકિંગ માટેનું મશીન કબજે કર્યું હતું.

કવર સ્ટોરી_નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# વેનેઝુએલાને આંચકો... ભારત માટે અવસર!

## વેનેઝુએલાની ઘટનાએ ભારત માટે જોખમો સાથે સાથે સ્પષ્ટ અને વ્યાવહારિક લાભોની તક પણ ઊભી કરી છે, જાણો કઇ રીતે?

અમેરિકા કારણો ભલે ગમે તે આપે, પરંતુ તેણે ફરી એક વખત પોતાની જગત જમાદારની ભૂમિકાને વધુ સક્ષમ પુરવાર કરવા અને પોતાનાં શસ્ત્રોના વેપાર માટે ગ્રાહક દેશોને પ્રભાવિત કરવા વેનેઝુએલા પર લશ્કરી હુમલો કર્યો છે. આ સંદર્ભમાં ઘણું લખવા જેવું છે. જોકે, આપણે મૈદાને જંગ પરથી પ્રસરતા આર્થિક વમળોની વાત કરવી છે. આ ઘટનાની બુલિયન માર્કેટ (ખાસ કરીને ચાંદી), ક્રૂડ ઓઇલ અને ફોરેક્સ માર્કેટ પર જોરદાર અસર થશે, એવી વાત વહેતી થઇ હતી.

વેનેઝુએલા પર અમેરિકાની તાજેતરની સૈન્ય કાર્યવાહીથી ફરી એકવાર સાબિત થયું છે કે ભૂ-રાજનીતિ કેવી રીતે યુદ્ધભૂમિથી મહાભારત કાળની ભાષામાં કહીએ તો, યોજનો દૂર સુધી આર્થિક સમીકરણો બદલી શકે છે! તાત્કાલિક અસર વોશિંગ્ટન અને લેટિન અમેરિકામાં ચર્ચાનો વિષય બની છે, પરંતુ આ ઘટનાનો ભારતની અર્થવ્યવસ્થા, બજારો અને વ્યૂહાત્મક સ્થિતિ પર પણ મહત્ત્વનો અને ઘણીવાર ધ્યાન બહાર રહી ગયેલો પ્રભાવ જોવા મળે એવી સંભાવના છે.




પ્રથમ નજરે, આ સંકટથી ભારતને સીધું મોટું જોખમ દેખાતું નથી. પાછલા દાયકામાં અમેરિકા દ્વારા લાગુ કરાયેલા પ્રતિબંધોને કારણે ભારત અને વેનેઝુએલા વચ્ચેનો વેપાર ઘણો ઘટી ગયો છે. એક સમયે આ દેશમાંથી થતી ખનીજ તેલની નોંધપાત્ર આયાત હવે બહુ જ મર્યાદિત રહી છે અને આજની દ્વિપક્ષીય વ્યાપારિક લેવડદેવડ એટલી નાની છે કે તેનાથી કોઈ મોટો આર્થિક ધક્કો લાગવાની શક્યતા નથી.

આ જ કારણ છે કે ભારતીય નીતિ નિર્માતાઓ અને બજારો શાંત દેખાય છે.

જોકે, એ વાત પણ યાદ રાખવી જોઇએ કે ભારત આંતરરાષ્ટ્રીય એનર્જી માર્કેટ સાથે સંકળાયેલું છે. વેનેઝુએલા પાસે ક્રૂડ ઓઇલના દુનિયાના સૌથી મોટા અને પુરવાર થયેલા ભંડાર છે, જોકે વર્ષોની ગેરવ્યવસ્થા અને પ્રતિબંધોને કારણે તેનું ઉત્પાદન ઘટ્યું હતું અને વૈશ્વિક વેપારમાં તેનો હિસ્સો એક ટકાથી પણ ઓછો છે!

કોઈપણ તેલ-સમૃદ્ધ દેશમાં સૈન્ય કાર્યવાહી થાય ત્યારે ઓઇલના ભાવમાં અનિશ્ચતતાનું 'રિસ્ક પ્રીમિયમ' ઉમેરાય છે. ભારત પોતાની ૮૫ ટકાથી વધુ ઓઇલ આવશ્યકતા માટે આયાત પર આધાર રાખતું હોવાથી વૈશ્વિક મોરચે ભાવની અસ્થિરતા મહત્ત્વની બાબત છે. આમ છતાં, ભારત માટે સારી બાબત એ છે કે વર્તમાન પરિસ્થિતિમાં પર્યાપ્ત વૈશ્વિક પુરવઠા અને નબળી માગના કારણે ભાવોમાં અત્યાર સુધી મોટો ઉછાળો આવ્યો નથી, જેના કારણે મોંઘવારીનો ઝટકો ટળી ગયો છે.

આ સ્થિરતા એક અવસર પણ ઊભો કરે છે. જો વેનેઝુએલામાં રાજકીય પરિવર્તનથી ઓઇલ ઉત્પાદન સ્થિર થાય અને પ્રતિબંધોમાં થોડી ઢીલ મૂકવામાં આવે, તો વૈશ્વિક બજારમાં વધુ ખનીજ તેલ ઠલવાઇ શકે છે.

જો આમ થાય તો ભારતને ઓછા ભાવનો લાભ તો મળે જ, પરંતુ એ જ સાથે ઓઇલ સપ્લાયર્સ દેશો સાથે ટૂંકાગાળા સુધી ભારતનો બાર્ગેનિંગ પાવર પણ વધી શકે. વિશ્વના સૌથી મોટા આયાતકારોમાંના એક તરીકે, ભારત વધુ લાભકારક કરારો અને વૈવિધ્યપૂર્ણ પુરવઠા સ્રોતો મેળવી શકે છે, જે લાંબા ગાળે એનર્જી સિક્યોરિટીને મજબૂત બનાવશે.

કોર્પોરેટ દૃષ્ટિએ પણ આ મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને ઓએનજીસી વિદેશ સહિતની જાહેર ક્ષેત્રની કેટલીક ભારતીય ઊર્જા કંપનીઓને વેનેઝુએલામાં અગાઉથી રોકાણ હતું. જો રાજકીય સ્થિતિ વધુ સ્થિર બને, તો અટવાયેલાં રોકાણો પાછા મેળવવાની કે નવા પ્રોજેક્ટ્સમાં ફરી પ્રવેશ કરવાની શક્યતા ઊભી થઈ શકે છે. વર્ષો પછી આવું થવું ભારત માટે વ્યૂહાત્મક લાભ ગણાશે.

ઊર્જા સલામતી ઉપરાંત, ક્રૂડ ઓઇલના નીચા ભાવ અર્થવ્યવસ્થાને અણધાર્યું પ્રોત્સાહન આપે છે. આને કારણે ઉત્પાદન, પરિવહન, વિમાન ઉદ્યોગ અને ઉપભોક્તા ક્ષેત્રને ખર્ચમાં રાહત મળે છે. નીચા આયાત બિલથી રૂપિયો મજબૂત રહેવા સાથે કરન્સી અકાઉન્ટ પર દબાણ ઘટે છે અને સરકારને નાણાકીય આયોજન માટે વધુ અવકાશ મળે છે. ઊર્જા સંબંધિત શેરોમાં જોવા મળેલી પસંદગીયુક્ત તેજી અને બજારની સ્થિરતા એ જ વાત દર્શાવે છે.

કૂટનીતિક રીતે પણ, ભારતનો સંતુલિત અભિગમ તેને એક વ્યવહારુ અને અલિપ્ત શક્તિ તરીકે વધુ મજબૂત બનાવે છે. ઉશ્કેરણીજનક નિવેદનો ટાળી અને સંવાદ પર ભાર મૂકીને, ભારત તમામ પક્ષો સાથે સંબંધ જાળવીને પોતાનાં આર્થિક હિતોને સુરક્ષિત રાખવામાં માને છે.

અનિશ્ચિત વિશ્વમાં દરેક ભૂરાજકીય આંચકો નુકસાનકારક જ હોય એવું નથી. વેનેઝુએલાની ઘટના ફરી યાદ અપાવે છે કે વ્યૂહાત્મક અંતર, વૈવિધ્યપૂર્ણ ઊર્જા પુરવઠા અને આર્થિક સ્થિરતા દ્વારા ભારત વૈશ્વિક ઊથલપાથલને શાંત રીતે અવસરમાં ફેરવી શકે છે. ■

### વધારાના આર્થિક અને વ્યૂહાત્મક લાભ

વેનેઝુએલા સંકટમાંથી ભારતને મળતા લાભો માત્ર ઓઇલના ભાવ સુધી સીમિત નથી. વૈશ્વિક સપ્લાય ચેઇનમાં થતી પુનઃરચનાના કારણે ભારત જેવી મોટી અને વિશ્વસનીય બજાર ધરાવતી અર્થવ્યવસ્થાની વાટાઘાટ ક્ષમતા વધુ મજબૂત બની શકે છે. ઊર્જા સપ્લાયર્સ લાંબા ગાળાના કરારો માટે ભારતને પ્રાથમિકતા આપવાની તૈયારી બતાવી શકે છે, જેનાથી ભાવની અસ્થિરતા સામે સુરક્ષા મળે છે.

આ ઉપરાંત, નીચા અથવા સ્થિર ભાવો ભારતના મોંઘવારી નિયંત્રણ પ્રયાસોને મજબૂતી આપે છે. ઇંધણ સસ્તું રહે તો પરિવહન ખર્ચ ઘટે છે, જેનો લાભ ખાદ્યવસ્તુઓ, એફએમસીજી અને લોજિસ્ટિક્સ ક્ષેત્રને મળે છે. પરિણામે ગ્રાહક માગ વધે છે અને અર્થવ્યવસ્થામાં વૃદ્ધિને વેગ મળે છે.

સરકારી દૃષ્ટિએ, ઘટતું આયાત બિલ રાજકોષીય ખાધ પરનું દબાણ ઘટાડે છે. સબસિડીનો ભાર ઓછો રહે છે અને સરકાર પાસે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉત્પાદન અને સામાજિક ક્ષેત્રોમાં વધુ રોકાણ કરવાની ક્ષમતા ઊભી થાય છે.

આ 'અપ્રત્યક્ષ ફિસ્કલ ડિવિડંડ' લાંબા ગાળે આર્થિક સ્થિરતા માટે મહત્ત્વપૂર્ણ છે. વૈશ્વિક સ્તરે, ભારતનું સંતુલિત અને સંયમિત વલણ તેને એક વિશ્વસનીય મધ્યસ્થ અને જવાબદાર શક્તિ તરીકે રજૂ કરે છે. આવી પ્રતિષ્ઠા ભવિષ્યમાં વેપાર, રોકાણ અને રાજદ્વારી ચર્ચાઓમાં ભારતને લાભ અપાવી શકે છે. આ રીતે, વેનેઝુએલાની ઘટનાએ ભારત માટે જોખમો સાથે સાથે સ્પષ્ટ અને વ્યાવહારિક લાભોની પણ તક ઊભી કરી છે..., જો તેને સમજદારીપૂર્વક ઉપયોગમાં લેવામાં આવે તો!

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# સાઉદી અરેબિયા - યુએઈ વચ્ચે વધતો જતો તણાવ...

## આની મુસ્લિમ વિશ્વ પર અનેકવિધ ભયંકર આડ અસર પડશે



પશ્ચિમ એશિયાના રણદ્વીપ પર અત્યારે સત્તાની એવી રમત ખેલાઈ રહી છે અને સિનારિયો 'એક મ્યાનમાં બે તલવાર ન સમાય' એવો છે.

દાયકાઓ સુધી ભાઈચારાનો દાવો કરનારા સાઉદી અરેબિયા અને યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) વચ્ચેના સંબંધમાં અત્યારે ગંભીર તિરાડ પડી છે. મુસ્લિમ વિશ્વના આ બે સૌથી શક્તિશાળી દેશ વચ્ચેની સ્પર્ધા હવે માત્ર આર્થિક નથી રહી, પરંતુ તે સૈન્ય અને રાજદ્વારી પ્રભુત્વ મેળવવાની હોડમાં ફેરવાઈ ગઈ છે. કહેવાય છે કે 'પારકી આશ સદા નિરાશ', આ બંને દેશ અમેરિકાના વ્યૂહાત્મક સાથી હોવા છતાં, પોતાનાં હિતોની વાત આવી ત્યારે એ એકબીજાને પછાડવા માટે સુદાનથી લઈને યમન સુધીનાં મેદાનોમાં આમને-સામને આવી ગયા છે.

સાઉદી અને યુએઈ વચ્ચેની આ ખેંચતાણ 'ઘર ફૂટે ઘર જાય' જેવી સાબિત થઈ રહી છે. યમનનો સંઘર્ષ આ તણાવનું જીવંત ઉદાહરણ છે. યમન સાઉદી અરેબિયાનો પાડોશી દેશ છે અને સાઉદી ત્યાં સ્થિરતા ઈચ્છે છે, જેથી તેની સીમાઓ સુરક્ષિત રહે, પરંતુ યુએઈની નીતિ અહીં સાઉદીથી તદ્દન અલગ છે. યુએઈ દક્ષિણ યમનમાં જમણેરી જૂથ સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ' (STC) ને ટેકો આપી રહ્યું છે, જે એક અલગ દેશની માગણી કરી રહ્યા છે. યુએઈનું લક્ષ્ય યમનના વ્યૂહાત્મક બંદરો અને લાલ સમુદ્રના વેપારી માર્ગો પર કબજો જમાવવાનું છે. સાઉદી માટે આ 'ગળે આંગળી નાખીને ઊલટી કરાવવા' જેવું છે, કારણ કે યમનનું વિભાજન સાઉદીના દક્ષિણ ભાગમાં કાયમી અસ્થિરતા લાવી શકે છે. તાજેતરમાં સાઉદી દળો દ્વારા યુએઈ સમર્થિત જૂથોના કાફલા પર થયેલા હુમલાઓએ સ્પષ્ટ કર્યું છે કે હવે પાણી પહેલાં પાળ બાંધવી અશક્ય છે.

યમનમાં ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ પણ એક મોટો પડકાર છે. સાઉદી અરેબિયા હુથીઓ સાથે સીધા સંઘર્ષમાં ઉતરતા ડરે છે, હુથીઓના મિસાઈલ હુમલા સાઉદીની તેલ સુવિધાઓ (Aramco) માટે પડખાના ભારે સોજા' સમાન છે. જ્યારે સાઉદી આ જૂથો સાથે શાંતિ વાટાઘાટો કરવા માગે છે ત્યારે યુએઈ પોતાની અલગ સેના બનાવીને મેદાનમાં ઊતર્યું છે. આ પ્રોક્સી વોરના કારણે યમન આજે વિશ્વની સૌથી મોટી માનવીય કટોકટીનો સામનો કરી રહ્યું છે.

આ સંઘર્ષ હવે આફ્રિકાના હોર્ન ક્ષેત્રમાં પણ ફેલાયો છે. સુદાનમાં ચાલી રહેલા ભીષણ ગૃહયુદ્ધમાં સાઉદી અરેબિયા સુદાની આર્મ્ડ ફોર્સિસ (SAF)ની પડખે ઊભું છે, જ્યારે યુએઈ રેપિડ સપોર્ટ ફોર્સિસ (RSF)ને આર્થિક અને લશ્કરી મદદ પૂરી પાડી રહ્યું છે. સુદાનમાં આ બંને દેશોની સ્પર્ધામાં સુદાનના સામાન્ય નાગરિકો કચડાઈ રહ્યા છે. યુએઈની નજર સુદાનના સોનાના ભંડાર અને કૃષિ ક્ષેત્ર પર છે, જ્યારે સાઉદી સુદાનને પોતાની પ્રાદેશિક સુરક્ષાના ભાગ રૂપે જુએ છે.

આ આરબ તણાવની સૌથી ગંભીર અસર દક્ષિણ એશિયાના મુસ્લિમ દેશો, ખાસ કરીને પાકિસ્તાન પર પડી રહી છે. પાકિસ્તાન માટે અત્યારે સ્થિતિ 'સૂડી વચ્ચે સોપારી' જેવી છે. પાકિસ્તાન પરંપરાગત રીતે સાઉદીનું દેવાદાર રહ્યું છે, પરંતુ તાજેતરમાં પાકિસ્તાને યુએઈ સાથે રોકાણના મોટા કરારો કર્યા છે. પાકિસ્તાને યુએઈના પ્રમુખનું લાલ જાજમ પાથરીને સ્વાગત કર્યું, એનાથી સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS) નારાજ થયા હતા. તેમણે પાકિસ્તાની આર્મી ચીફને મળવાનો ઈન્કાર કરીને દુનિયા સામે સિદ્ધ કરી દીધું છે કે સાઉદીના વર્ચસ્વને પડકારનાર પાકિસ્તાન જેવા દેશોને પણ તે માફ નહીં કરે. એટલું જ નહીં, સાઉદી હવે પાકિસ્તાનનાં પરમાણુ શસ્ત્રો અને મિસાઈલ ટેકનોલોજી સુધી પહોંચ મેળવવા માટે દબાણ કરી રહ્યું છે. પાકિસ્તાનનાં સંરક્ષણ પ્રધાનનું નિવેદન છે કે 'જરૂર પડ્યે પરમાણુ કાર્યક્રમ સાઉદી માટે ઉપલબ્ધ છે... આ વાત તે ભારત સહિત સમગ્ર વિશ્વ માટે ચિંતા અને ચેતણીનો વિષય છે. પાકિસ્તાનના આંતરિક રાજકારણમાં પણ આ બંને દેશ વચ્ચે ખેંચતાણ છે. સાઉદી ઈચ્છે છે કે ઈમરાન ખાનને મુક્ત કરવામાં આવે અને દેશમાં સ્થિરતા આવે, જ્યારે યુએઈ વર્તમાન શાસન અને નવાઝ શરીફની પુત્રી મરિયમ નવાઝના પક્ષમાં હોવાનું દેખાય છે. આનાથી પાકિસ્તાનમાં ખાડો ખોદે તે પડે જેવી સ્થિતિ સર્જાઈ છે, જ્યાં આંતરિક અસ્થિરતા દેશને વિભાજન તરફ ધકેલી રહી છે.


વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ મુસ્લિમ વિશ્વ માટે નિર્ણાયક સાબિત થશે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધો તળિયે પહોંચી ગયા છે. પાકિસ્તાને અફઘાનિસ્તાન પર કરેલા હવાઈ હુમલાઓએ તાલિબાનને ગુસ્સે કર્યું છે. આ તરફ બાંગ્લાદેશમાં શેખ હસીનાના પતન પછી જે અરાજકતા ફેલાઈ છે અને ૨૦૨૬ માં થનારી ચૂંટણીઓ પર જે જોખમ મંડરાઈ રહ્યું છે, તે દર્શાવે છે કે આખું દક્ષિણ એશિયા અસ્થિરતાના માર્ગે છે.

બીજા શબ્દોમાં કહીએ તો સાઉદી અને યુએઈ વચ્ચેની આ લડાઈ માત્ર તેલ કે પૈસાની નથી, પણ ઇસ્લામિક વિશ્વના અઘોષિત 'ખલીફા' બનવાની છે. જો આ બે મહાસત્તા વચ્ચે વાટાઘાટો દ્વારા ઉકેલ નહીં આવે, તો મુસ્લિમ વિશ્વના નબળા દેશો 'પત્તાના મહેલ' ની જેમ તૂટી જશે. અત્યારે જરૂર છે એકતાની, નહીં તો ઇતિહાસ સાક્ષી છે કે 'વડના વાંદરા ટેટા ખાય' તેમ સત્તાધીશોના અહંકારમાં સામાન્ય પ્રજાએ જ પાયમાલી ભોગવવી પડે છે. અમેરિકા અને પશ્ચિમી દેશો આ તણાવનો લાભ ઉઠાવી રહ્યા છે, જે મુસ્લિમ ઉમ્માહ ઓળખ માટે આવનારા સમયમાં વધુ મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# વી. પી. સિંહને બદલે કાવતરાના ખલનાયકો બરાબરના ખરડાયા


ચંદ્રાસ્વામી


પી. વી. નરસિંહ રાવ


વિશ્વનાથ પ્રતાપ સિંહ

બહુ ગાજેલા અને કાગળના વાઘ જેવા સેંટ કિટ્સ કૌભાંડ કેસમાં ૧૯૯૬ની ૨૬મી સપ્ટેમ્બરે સી.બી.આઈ.એ મોટું પગલું લીધું. વરસોના વિલંબ, ઠાગાઠૈયા અને સુપ્રીમ કોર્ટના ઠપકાર બાદ અંતે આ કેન્દ્રીય તપાસ સંસ્થાએ અદાલતમાં આરોપનામું દાખલ કર્યું. આરોપીઓ હતા ભૂતપૂર્વ વડા પ્રધાન પી. વી. નરસિંહ રાવ, ભૂતપૂર્વ વિદેશ પ્રધાન કે. કે. તિવારી અને બની બેઠેલા ગૉડમેન ચંદ્રાસ્વામી. જેમના નામ બહુ વગોવાયા હતા એવા વી. પી. સિંહ કે એના દિકરા અજેય સિંહના આરોપમાં નહોતા! આ ત્રણેય વિરુદ્ધ આરોપ હતો કે વી. પી. સિંહની જાહેર છબિ-પ્રતિભા ખરડવા માટે ગુનાહિત ષડ્યંત્ર રચવા અને ફોર્જરી - બનાવટ - કરવાનો.

આ મોટા રાજકીય ધડાકાએ દેશભરમાં કંપારી ફેલાવી હતી. આ તો જાણે શરૂઆત હો એમ અઠવાડિયામાં જ એટલે કે ચોથી ઑક્ટોબરે નરસિંહ વિરુદ્ધ બિન-જામીનપાત્ર એરેસ્ટ વૉરન્ટ બહાર પાડવામાં આવ્યું હતું, પરંતુ એજ સાંજે દિલ્હી હાઈ કોર્ટે મોડી સાંજે વિશેષ સુનાવણી હાથ ધરીને પી.વી. નરસિંહ રાવને આગોતરા જામીન આપ્યા હતા. કલ્પના કરો કે આ સુનાવણી - ચુકાદાને મીડિયાએ કેવા ગજવ્યા હશે?

ઘણાંએ ધારી લીધું કે આ રાજકીય ખેલ પૂરો થયો ને કેટલાંકને થયું કે લાંબો મધ્યાંતર આવી ગયો. પરંતુ નવમી ઑક્ટોબરે રાવની ધરપકડ થઈ. પણ એકદમ ટેક્નીનકલ અને કહેવા કે નામ પૂરતી. થોડો ટાઈમ કસ્ટડીમાં રખાયા અને કલાકોમાં જામીન મળી ગયા. ન જાણે કેટલાંએ 'સમરથ કે દોષ નહિ ગુસાંઈ' ઉક્તિ યાદ આવી ગઈ હશે. પરંતુ આ પોલિટિકલ સ્કેન્ડલમાં તો બેસ્ટ થ્રીલર વેબસીરિઝ જેવા આંચકા હતા, કહો કેઆંચકા પર આંચકા આવવાના હતા. જામીન અરજી, અરજીનો અસ્વીકાર, વળતી અરજી અને અંતે રાવને રાહત. પરંતુ ધોળા લૂંગડા પર બદનામી - બદમાશીના કાળા ડાઘ તો લાગી જ ગયા.

હવે મામલો શાંત પડી ગયો? ઘણાંએ એવું માની લીધું પરંતુ પી.યુ.સી.એલ. શાંત ન બેઠું. પિપલ્સ યુનિયન ઑફ સિવિલ લિબર્ટીઝે અદાલતમાં માગણી કરી કે ગાંધી પરિવારના એકદમ નિકટના સાથીદાર એવા સતીષ શર્મા અને આર. કે.ધવનના નામ પણ ચાર્જશીટમાં મૂળ ત્રણ નામો સાથે ઉમેરવા જોઈએ, પણ એમ થોડું કોઈના કહેવાથી ગમે તેને આરોપી બનાવી દેવાય? માગણી જરાય અતાર્કિક નહોતી. આના મૂળમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટર સ્વ. એ. પી. નાંદી અને બિઝનેસમેન એચ. સી. નાહરાની જુબાની - કબૂલાત હતી. પરંતુ ૧૯૯૭ના એપ્રિલમાં અદાલતે આ બે નામનો આરોપીઓમાં સમાવેશ કરવાની માગણી ફગાવી દીધી.

કદાચ આ કથિત ષડ્યંત્રને પાછળના સૂત્રધારોને પર્દાફાશ કરવાની એક મહત્ત્વની કડી ગુમાવી દેવાઈ. આ તો હજી શરૂઆત થઈ હોય એવો ઘાટ ઘડાયો.

૧૯૯૭ના જૂનમાં સેં કિટ્સ સ્કૅમની તપાસના કેસમાં અદાલતમાં મોટા મોટા માથાની અવરજવર થતી હતી કાં એમના વકીલોની દોડધામ ચાલુ હતી. આની વચ્ચે એકદમ નિર્ણાયક ચુકાદો આવ્યો. અદાલતે પી. વી. નરસિંહ રાવ અને કે. કે. તિવારીના નામ કેસમાંથી ખારીજ કરી નાખ્યા, કાઢી નાખ્યા. અદાલતને લાગ્યું કે આ બન્ને વિરુદ્ધ નક્કર પુરાવા નથી.

સેંટ કિટ્સ સ્કૅમમાં બન્નેના રોલ પર પડદો પડી ગયો કાયમ માટે. આ કનૂની બાબત હતી પણ સમજદારોને ઈશારો પૂરતો હતો.

હવે આ કેસમાં બે નામ રહ્યા. ગૉડમેન ચંદ્રાસ્વામી અને એના સાથીદાર મામાજી. અદાલતે આ બન્ને સામે આરોપ ઘડવાનો આદેશ આપી દીધો.

અપરાધમાં ગુનાહિત કાવતરું ઘડવું, બનાવટી પુરાવા ઊભા કરવા અને બનાવટી દસ્તાવેજને સાચામાં ખપાવવાના ગુના હતા. ફરિયાદ પક્ષે સ્પષ્ટ શબ્દોમાં અદાલતને જણાવી દીધું હતું કે આ કાવતરા પાછળ ૧૯૮૯ની લોકસભાની ચૂંટણી અગાઉ વિશ્વનાથ પ્રતાપ સિંહની ઈમેજ ખરડવાનો કારસો હતો.

રાજાસા'બના નસીબ કહો કે ભારતીય મતદારોની સજદારી, એમની ઈમેજ તો ન ખરડાઈ પણ કાવતરાખોરો ઉઘાડા પડી ગયા હતા. પણ અદાલતના આખરી ફેંસલામાં શું આવશે? કોને સજા થશે? કેટલી? ક્યારે? (ક્રમશઃ) ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## આધેડની આડેધડ આશિકી



'પ્યાર કિયા નહીં હો જાતા હૈ, દિલ દિયા નહીં જાતા હૈ ખો જાતા હૈ'

આવું આનંદ બક્ષી સાહેબ લખી ગયા છે. એની અનેક મિસાલ તમે જોઈ જાણી હશે. જોકે, આધેડવયના અમેરિકન મિસ્ટર માઈકલ અને 'જોબનિયું આજે આવ્યું ને કાલ્ય જાતું રહેશે' પંક્તિની બ્રાન્ડ એમ્બેસેડર જેવી લેસ્લી નામની નવયૌવના ઉંમરમાં ૨૫ વર્ષના તફાવત છતાં એકબીજાના ગળાડૂબ પ્રેમમાં હોવાનો દાવો કરી બક્ષી સાહેબની ભાવનાને ઉજાગર કરે છે. બાપ - દીકરીની ઉંમરના લોકો વચ્ચે પાંગરતી પ્રેમકથાને સોશિયલ મીડિયા પર ત્રાંસી નજરે જોવામાં આવે છે. માઈકલ - લેસ્લીએ ટીવી શોમાં નિખાલસપણે પોતાના સંબંધો વિશે વાત કરી ત્યારે લેસ્લીની બહેનપણી સારાએ 'પૈસાના મધપૂડા પાસે લેસ્લી બણબણ કરી રહી છે ' એવી ટીકા કરી. ફ્રેન્ડના આરોપની પરવા કર્યા વિના લેસ્લીએ માઈકલ પોતાની કોસ્મેટિક સર્જરીનો ખર્ચ ઉઠાવી રહ્યો છે એનો એકરાર કરી જણાવ્યું છે કે 'માઈકલ અમીર છે એટલે જ આય ફેલ ઈન લવ. મારી સર્જરીનું બિલ ભરી શકે એવી જ વ્યક્તિ સાથે મારે ગોઠવાઈ જવું હતું.' માઈકલ પણ લેસ્લીનો એવો દીવાનો છે કે અત્યાર સુધી સર્જરી પર દોઢ લાખ ડોલર (આશરે ૧ કરોડ ૩૫ લાખ રૂપિયા) ખર્ચી નાખ્યા છે. આ ઉપરાંત ફેસલિફ્ટ અને અન્ય સૌંદર્યલક્ષી સર્જરી લેસ્લી કરાવશે અને એનો ખર્ચ પણ માઈકલ હોંશે હોંશે ઉઠાવશે.

વાત આટલેથી અટકતી નથી. 'જો માઈકલ ખર્ચ કરવાની ના પાડશે એ જ ક્ષણથી 'યે રિશ્તા કુછ નહીં કેહલાયેગા' જેવી પરિસ્થિતિ થઈ જશે એમ લેસ્લીનું કહેવું છે. જોકે, આધેડવયનો માઈકલ તો કશું વિચાર્યા વિના આશિકી કરી રહ્યો છે. તારીફના પુલ બાંધી એ કહે છે કે 'લેસ્લીના લુકનો હું દીવાનો છું. મને એવી વ્યક્તિ પસંદ છે જે પોતાનું લક્ષ્ય હાંસલ કરવા બનતી મહેનત કરવા તૈયાર હોય.'

આમ પૈસો પ્રેમ કરાવે એ આધુનિક સમયનું લક્ષણ છે !

## ચેમ્પિયન ચીનની ચીલઝડપ




ચીનનું રાજકારણ, એની શાસનશૈલી, દમનકારી નીતિઓ વગેરે કેટલીક અણગમતી અને અણછાજતી બાબતો એના પ્રત્યેનો આદર ઘટાડે છે તો બીજી બાજુ પશ્ચિમના અવલંબન વિના ટેક્નોલોજી ક્ષેત્રમાં તેની હરણફાળ, એના કાંગારું કૂદકા હેરત પમાડે છે. ચીનને ચેમ્પિયન બનાવે છે.

તાજેતરમાં શિનજેંગ પ્રાંતમાં વિશ્વની સૌથી લાંબી (૨૨.૧૩ કિલોમીટર) ટનલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું એ જોઈ ચીનને સલામ મારવી પડે. જોખમી પર્વતીય સડક પરથી શિનજેંગ પ્રાંતમાં ઉત્તરથી દક્ષિણ છેડે પહોંચવા ત્રણેક કલાકનો સમય લાગતો હતો. હવે આ ટનલને કારણે આ અંતર માત્ર ૨૦ મિનિટમાં ઓળંગી શકાય છે. ખાસ્સી ઊંચાઈ પરની અઢી હજાર કિલોમીટર વિસ્તારને આવરી લેતી સડક શિયાળામાં સલામતીના કારણોસર બંધ કરવી પડતી અને આવનજાવન અટકી જતી. આધુનિક તંત્રજ્ઞાન - મોડર્ન ટેક્નોલોજીની મદદથી ત્રણ હજાર ફૂટની ઊંચાઈએ અને જ્યાં શિયાળામાં તાપમાન માઈનસ ૪૨ ડિગ્રી સેન્ટિગ્રેડ જેટલું નીચું ઉતરી જાય એવા પરિસરમાં ચેમ્પિયન ચીનની આ કમાલએ મુશ્કેલી અને અવરોધો હટાવી યાત્રા સુગમ બનાવી દીધી છે.

## ભૂલ ગયા સબ કુછ...



પંખીઓ અને એમની બોલી કાયમ અચરજનો વિષય રહ્યો છે અને એ દિશામાં અનેક સંશોધકોએ ઘણું કામ કર્યું છે. આજે આપણે ' રિજન્ટ હનીઈટર' તરીકે ઓળખાતા ઑસ્ટ્રેલિયાના પક્ષીની એવી વાત જાણીશું જે જાણીને તમને હેરત થશે. આ પંખી 'સોન્ગ બર્ડ' તરીકે પણ ઓળખાય છે. માદાને આકર્ષવા કે પછી પ્રેમ થઈ ગયા પછી એને રીઝવવા માટે નરપંખી પ્રેમ ગીત ગાવા માટે જાણીતું છે. જોકે, તાજેતરના સમયમાં થયેલા સંશોધન મુજબ આ રિજન્ટ હનીઈટર પ્રેમ ગીતનાસૂર વિસરી રહ્યું છે. આમ પણ આ પંખીની જાત લુપ્ત થઈ જવાનો ભય રહેલો છે અને ઑસ્ટ્રેલિયાના જંગલમાં એની સંખ્યા ઘણી ઘટી ગઈ છે. આ સંખ્યા ઘટવાનું કારણ વૈજ્ઞાનિકોને મળી ગયું છે. પ્રેમ ગીત ગાઈને માદાને રીઝવવાની કળા વિસરાતી જતી હોવાથી નર - માદા વચ્ચે સંવનન ઓછું થઈ રહ્યું છે જે વસતિ ઘટવાનું કારણ મનાય છે. અલબત્ત, નર પંખી અન્ય પક્ષીઓના ગીતની નકલ કરી રહ્યા છે, પણ સંશોધકોના કહેવા પ્રમાણે આ કોપી કળા માદાને પસંદ નથી આવી. પર્યાવરણના અભ્યાસુના કહેવા પ્રમાણે મનુષ્ય જેમ બીજાને સાંભળીને ભાષા શીખે એ જ રીતે ઘણા પક્ષી ગીત શીખતા હોય છે. પણ જો આ સાંભળવાની પ્રક્રિયા જ બંધ થઈ જાય તો શીખવાનું આપમેળે અટકી જાય. મોટાભાગના નર રિજન્ટ હનીઈટર એક વર્ષનું થાય ત્યાં સુધી સાંભળીને ગીત શીખતાં હોય છે અને એ ગાયનકળા જીવનભર તેમને સાથ આપે છે. કેટલાક પિતા પાસેથી શીખી લે છે પણ અમુક નર પંખી તો ગીત શીખવા પહેલા જ માળો છોડીને ઊડી જાય છે. પરિણામે થાય છે એવું કે આ ઊડી જતા પંખીઓ બીજી જાતના પંખીનું સંગીત સાંભળીને શીખે છે, પણ આ બદલાયેલું સંગીત માદાને નથી ગમી રહ્યું. આવા જુદા ગીત ગાતા નર સાથે સંવનન કરવાનું માદા ટાળી રહી છે અને એટલે આ પંખીઓની સંખ્યા ઘટી રહી છે.

## જમીન વિના વનસ્પતિ ઉછેર



જગતમાં જળ ઝવેરાત જેવી જણસ બની રહ્યું હોવાથી એના વપરાશ અંગે વધુ ને વધુ સાવચેતી જોવા મળી રહી છે. વિશ્વ હર્યુંભર્યું રાખવા જરૂરી લીલોતરી માટે ઝાડપાન - છોડવા જરૂરી ગણાય છે. અલબત્ત એના ઉછેર માટે જળ અને જમીન એ બે અત્યંત જરૂરી અને મહત્ત્વના ઘટક ગણાય છે. મર્યાદિત આવક ધરાવતો પરિવાર જેમ પાઈ પાઈ સાચવીને વાપરી કરકસર કરી ઘર ચલાવે એ જ રીતે છોડ ઉછેરમાં જળ - જમીનના મર્યાદિત ઉપયોગ અંગે સજાગતા જોવા મળી રહી છે. આ દિશામાં વધુ એક પ્રયાસ એરોપોનિક ડેસ્કટોપ સિસ્ટમ તરીકે જોવા મળી રહ્યો છે. આ પદ્ધતિમાં એક પારદર્શક ફ્લાવર પોટ હવામાં અધ્ધર લટકાવી રાખવામાં આવે છે. છોડ કે ઝાડના મૂળિયાં મોટેભાગે તો જમીનની અંદર હોય, પણ નવતર : 'એરોપોનીક્સ' નામથી ઓળખાતી પદ્ધતિમાં મૂળિયાં જળ - જમીનની મદદ લીધા વિના હવામાં અધ્ધર લટકતા દેખાય છે. તો પછી આ છોડવાને પોષણ ક્યાંથી અને કેવી રીતે મળતું હશે એવો સવાલ થવો સ્વાભાવિક કહેવાય. નાઈટ્રોજન, પોટેશિયમ, ફોસ્ફરસ જેવા પોષક દ્રવ્યો ધરાવતું દ્રાવણ ધુમ્મસ સ્વરૂપે હવામાં અધ્ધર રાખવામાં આવે છે. છોડ એ દ્રાવણમાંથી પોષણ મેળવી ઉછરે છે. જો વ્યવસ્થામાં કોઈ ખામી સર્જાય તો નરી આંખે જોઈ તાકીદના પગલાં ભરી શકાય છે. મૂળિયાંની ફરતે પોષક દ્રવ્યોનું પ્રમાણ જળવાઈ રહે એની તકેદારી રાખવામાં આવે છે. છોડની ફોટોસિન્થેસીસ પ્રક્રિયા બરાબર પાર પડે એ માટે નૈસર્ગિક સૂર્યપ્રકાશ મળતો રહે એની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. ટૂંકમાં જળ - જમીન ન હોવા છતાં છોડ ઉછેર વ્યવસ્થિત રીતે થાય છે. અજબ દુનિયાની ગજબ વાત, બીજું શું!

## લ્યો કરો વાત!

નોર્થ કોરિયાનું સરમુખત્યારી શાસન, એ દેશના વિચિત્ર કાયદા કાનૂનની અનેક વિચિત્ર વાતોથી વાકેફ થયા હશો. જોકે, તુર્કમેનિસ્તાનની જાણકારી નોર્થ કોરિયાને હંફાવે એવી છે. એક સમયે સોવિયેત રશિયાનો હિસ્સો ગણાતું તુર્કમેનિસ્તાન પ્રદેશમાં એક સમયે દાંતના ડોક્ટર તરીકે કામ કરતા ડેન્ટિસ્ટના શાસન હેઠળ છે. દેશની રાજધાનીમાં બધા વાહન ફરજિયાત સફેદ રંગના હોવા જોઈએ એવો કાનૂન છે. શહેરની મહત્તમ ઈમારત સફેદ રંગની છે. નવ લાખની વસ્તી ધરાવતી રાજધાનીના શહેરમાં દિવસ દરમિયાન સડક પર માણસો કરતા કાર વધુ જોવા મળે છે. રાતના ૧૧ પછી તો ચકલું પણ ન ફરકે કારણ કે કોવિડ મહામારી વખતે લાદવામાં આવેલો પ્રતિબંધ હજી પણ અમલમાં છે. અહીં જૂજ પર્યટકો આવે છે અને સહેલ વખતે અમુક જ ઠેકાણે ફોટોગ્રાફ લેવાની છૂટ છે. સોશિયલ મીડિયા ઍપ પર પ્રતિબંધ છે. હદ તો એ વાતની છે કે સુપરમાર્કેટમાં ૨૦૨૨ની એક્સપાયરી ધરાવતી વસ્તુ વેચાણ માટે રાખવામાં આવી હોય છે. ■

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# માળો તોડવાનો આનંદ...



જે દિવસે મહાનગરના ફૂટપાથ પર સૂતો ગરીબ, નિરાધાર માણસ એના

સૂવા- બેસવાની જગ્યા પર ઝૂંપડું બનાવવાનું શરૂ કરે, જેથી એ તડકો અને ગરમીથી બચી શકે ત્યારે જ સુખી ને સંસ્કારી સમાજની નજરમાં એ પહેલી વાર ગુનો કરે છે.

એ દિવસે ચોકીદારી કરવાવાળો પોલીસ શું કરતો હતો? શું એને દેખાતું નહોતું કે આ જમીન ગઈ કાલ સુધી સરકારની ખાલી પ્રોપર્ટી હતી, જેના પર આજે એક માણસે ઝૂંપડું બનાવી નાખ્યું છે!

એ દિવસે એ સબ ઇન્સ્પેક્ટર, જે પોતાના એરીયાના નાના-મોટા ગુનાઓને સુંઘીને શોધી કાઢે છે, એ જ્યારે ત્યાંથી પસાર થયો ત્યારે કોના આદેશથી આજુબાજુ જોઈ ન શક્યો? એ સફાઈ કર્મચારી, જેને માથે ફૂટપાથના સફાઈની જવાબદારી છે, એ દિવસે એ ઝૂંપડું, જે એના માલિક અને સમાજની નજરમાં ગંદકી છે, એણે કેમ જોયું નહીં? અને જોયું તો કેમ એને ત્યાંથી કાઢ્યું નહીં? અને જો એને કાઢવા ના દીધું

તો એણે હોબાળો કેમ ના કર્યો? ફરિયાદ કેમ ન કરી? એનો અર્થ એવો કે ફૂટપાથવાસીઓ માટે માથું ઢાંકવું ગુનો છે તો એ જ દિવસે એ ગુનો જાહેર કેમ ના કર્યો, જ્યારે એને કરવામાં આવ્યો?

એ દિવસે ઓછી કે વધારે ઠંડી હતી. સંસ્કારી અને પૈસાદાર લોકો માટે એ મજા કરવાની રાત હતી. એ બધા એમની કારમાં ધાબળા ભરીને ક્લબો અને સામાજિક સેવા સંસ્થાઓ તરફથી ગયા અને સૂતેલા ફૂટપાથવાસીઓના શરીર પર ધાબળા ઓઢાડ્યા. ત્યાં પત્રકારો એમની સાથે હતા અને ફોટોગ્રાફર પણ ત્યાં હશે જ!

ધાબળો જે હેતુથી ઓઢાડવામાં આવ્યો હતો, ઝૂંપડું પણ એજ હેતુથી બનાવવામાં આવ્યું હતું. એ ગરીબે ઠંડી, ગરમી, વરસાદથી બચવા માટે એ ઝૂંપડું બનાવ્યું હતું , પરંતુ તમે જે ધાબળો ઓઢાડ્યો એ પુણ્યનું કામ હતું અને એ ગરીબે જે ઝૂંપડું બનાવ્યું એ પાપ હતું. પૈસાવાળા લોકો એવું માનતા હોય છે કે નિરાધાર, ગરીબ લોકો આપણી દયા પર જીવતા હોવા જોઈએ, એમના પોતાના પ્રયત્નોથી નહીં. એ લોકો અમારી સેવા કરે અને અમારા બિલ્ડિંગની સીડીઓની નીચે સૂઈ જાય પછી પોતાને માટે ઝૂંપડું બનાવવાની હિંમત કરે એ સુંદર શહેર માટે શરમની વાત છે. મહાનગરનો સંદેશ એ છે કે તમે અપરાધ કરો અને હોટલમાં રૂમ રાખીને રહો. એનાથી શહેરની સુંદરતા વધે છે. મહેનત કરીને કે પ્રમાણિકતાથી જીવવું અને ઝૂંપડામાં રહેવું એ મહાનગર માટે કલંકની વાત છે. ગરીબ, ઈમાનદાર લોકોના ઝૂંપડા તોડો અને ત્યાં દાણચોરો, કાળા બજારીયાઓ માટે મકાનો ઊભાં કરો. એનાથી દેશ ને શહેરની સુંદરતા વધે છે.

સમાજસેવીઓ ત્યાં ધાબળા વહેંચી ગયા, સ્થાનિક નેતા ત્યાંથી વોટ લઈ ગયો અને પોલીસવાળો ત્યાંથી હપ્તો લઈ ગયો. ગુનો એની જગ્યા પર જ રહ્યો એટલે કે ઝૂંપડી ત્યાંની ત્યાં જ રહી!

કહેવાય છે કે ઈંડા ચોરવાના સુખથી મોટું સુખ માળો તોડવાનું હોય છે. જ્યારે પક્ષી એક એક તણખલું જોડી રહ્યું હતું, ત્યારે આપણે એને મજાથી જોઈ રહ્યા હતા. હવે જ્યારે માળો બની ગયો ત્યારે આપણું ધ્યાન ગયું- 'અરે એણે અહીંયાં માળો બનાવી દીધો!' આપણે એને ઉપાડીને બહાર ફેંકી દઈએ છીએ. એમાં એક પ્રકારનો દુઃખનો આનંદ છે, એક પ્રકારની ઉદાસીનતા છે. એવી જ રીતે કેટલાક લોકોને ગરીબ લોકોના ઝૂંપડા તૂટે એ વાત બહુ સારી લાગે છે. મોટા ગણાતા અને પૈસાદાર લોકોમાં મનોવૈજ્ઞાનિક વિકૃતિઓ હોવી કોઈ નવાઈની વાત નથી. કેટલાક લોકોને એમાં જ તો આનંદ મળતો હોય છે! ■

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# મગજને તેજસ્વી તથા હૃદયને સંવેદનશીલ બનાવે તે શિક્ષણ



શિક્ષણ માત્ર પુસ્તકોમાં લખાયેલા શબ્દોનું જ્ઞાન નથી, પરંતુ માનવ જીવનને સંવેદનશીલ, સંસ્કાર સભર અને મૂલ્યનિષ્ઠ બનાવવાની એક પવિત્ર પ્રક્રિયા છે.

સાચું શિક્ષણ માનવના મગજને જ નહીં , પરંતુ તેના હૃદયને પણ સ્પર્શે છે. આથી જ કહેવામાં આવે છે કે 'શિક્ષણનું હૃદય તે જ હૃદયનું શિક્ષણ'. જ્યારે શિક્ષણ માનવના હૃદય સુધી પહોંચે છે, ત્યારે જ તે વ્યક્તિને સારો નાગરિક, સારો માનવ અને જવાબદાર સભ્ય બનાવે છે. આજના સમયમાં શિક્ષણ મોટે ભાગે ડિગ્રી, નોકરી અને આવક સુધી સીમિત થઈ ગયું છે. શાળાઓ અને કોલેજોમાં વિષયનું જ્ઞાન, ટેક્નોલોજી, સ્પર્ધા અને સફળતાને મુખ્ય સ્થાન આપવામાં આવે છે, પરંતુ આ દોડમાં માનવીય મૂલ્યો, સંવેદના, કરુણા, સત્ય, અહિંસા, સહાનુભૂતિ અને સેવાભાવ જેવી બાબતો પાછળ રહી જાય છે. પરિણામે આપણે બુદ્ધિશાળી તો બનીએ છીએ, પરંતુ સંવેદનશીલ બની શકતા નથી. અહીં જ હૃદયના શિક્ષણની જરૂરિયાત ઊભી થાય છે.

હૃદયનું શિક્ષણ એટલે શું?

હૃદયનું શિક્ષણ એટલે માનવમાં માનવતા જગાડવાનું શિક્ષણ. તે વ્યક્તિને બીજાના દુઃખમાં પોતાનું દુઃખ અનુભવી શકે તેવી દૃષ્ટિ આપે છે. તે વ્યક્તિને માત્ર 'હું' નહીં પરંતુ 'અમે' વિચારતા શીખવે છે. હૃદયનું શિક્ષણ પ્રેમ, દયા, સહનશીલતા, ક્ષમા, સહકાર અને જવાબદારી જેવા ગુણોનું સિંચન કરે છે. આ ગુણો વગરનું શિક્ષણ અધૂરું અને નિર્જીવ છે. ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણને હંમેશાં મૂલ્ય આધારિત માનવામાં આવ્યું છે. ગુરુકુલ પ્રણાલીમાં શિષ્યોને માત્ર શાસ્ત્રોનું જ્ઞાન જ નહીં, પરંતુ જીવન જીવવાની કળા શીખવવામાં આવતી હતી. ગુરુ શિષ્યના જીવનમાં સંસ્કાર, શિસ્ત, સત્યનિષ્ઠા અને કર્તવ્યભાવ વિકસાવાતો હતો. શિક્ષણનો હેતુ માત્ર વ્યવસાય નહીં, પરંતુ જીવનનું કલ્યાણ હતો. આ પરંપરામાં હૃદયનું શિક્ષણ કેન્દ્રસ્થાને હતું. આજના યુગમાં ટેક્નોલોજી અને વૈજ્ઞાનિક વિકાસ અતિ ઝડપી છે. બાળકો નાની ઉંમરે જ સ્માર્ટ બની જાય છે, પરંતુ ભાવનાત્મક રીતે ઘણી વખત નબળા રહે છે. ગુસ્સો, ઈર્ષા, તણાવ, અસહનશીલતા અને એકલતા જેવી સમસ્યાઓ વધતી જાય છે. આ બધાનું મૂળ કારણ હૃદયના શિક્ષણનો અભાવ છે. જો શિક્ષણ સાથે ભાવનાત્મક બુદ્ધિ (Emotional Intelligence)નો સમાવેશ કરવામાં આવે, તો વિદ્યાર્થીઓ પોતાની લાગણીઓ સમજી શકે, નિયંત્રિત કરી શકે અને અન્ય સાથે સારા સંબંધો બાંધી શકે.

શિક્ષકની ભૂમિકા હૃદયના શિક્ષણમાં અત્યંત મહત્ત્વપૂર્ણ છે. શિક્ષક માત્ર પાઠ ભણાવનાર નથી, પરંતુ જીવન ઘડનાર શિલ્પકાર છે. જ્યારે શિક્ષક પ્રેમ, ધીરજ અને સમજણ સાથે ભણાવે છે, ત્યારે વિદ્યાર્થીઓના હૃદયમાં જ્ઞાન સાથે સંસ્કાર પણ વસે છે. શિક્ષકનું વર્તન, શબ્દો અને વ્યવહાર વિદ્યાર્થીઓ પર ઊંડો પ્રભાવ પાડે છે. તેથી શિક્ષક પોતે હૃદયથી સમૃદ્ધ હશે, તો જ તે વિદ્યાર્થીઓને હૃદયનું શિક્ષણ આપી શકશે. પરિવાર પણ હૃદયના શિક્ષણની પ્રથમ પાઠશાળા છે. માતા-પિતા બાળકને જે મૂલ્યો આપે છે, તે તેના સમગ્ર જીવનનો આધાર બને છે. પ્રેમ, સન્માન, સહાનુભૂતિ અને સંવાદ પરિવાર પાસેથી શીખવા મળે છે. જો ઘરમાં માત્ર સફળતા અને ગુણાંકનું જ દબાણ હશે, તો બાળક હૃદયથી ખાલી રહે છે. તેથી શિક્ષણ સાથે સંસ્કાર આપવાની જવાબદારી પરિવાર અને શાળા બંનેની છે.

હૃદયનું શિક્ષણ સમાજ માટે પણ અત્યંત જરૂરી છે. આજે સમાજમાં વધતી હિંસા, ભ્રષ્ટાચાર, અસમાનતા અને અસહિષ્ણુતા આપણને વિચારવા મજબૂર કરે છે કે આપણે ખોટા માર્ગે તો નથી જઈ રહ્યા ને ? જો શિક્ષણ દ્વારા માનવમાં નૈતિકતા અને જવાબદારી વિકસાવવામાં આવે, તો સમાજ વધુ સુમેળભર્યો અને શાંતિપૂર્ણ બની શકે. હૃદયથી શિક્ષિત વ્યક્તિ ક્યારેય સમાજને નુકસાન પહોંચાડતો નથી. વિદ્યાર્થી જીવનમાં હૃદયનું શિક્ષણ વ્યક્તિને જીવનના ઉતાર-ચઢાવમાં સંતુલિત રાખે છે. સફળતા મળ્યે અહંકાર ન આવે અને નિષ્ફળતામાં નિરાશા ન ઘેરી લે, આ સંયમ હૃદયના શિક્ષણથી જ મળે છે. આવી વ્યક્તિ જીવનમાં માત્ર સફળ જ નહીં, પરંતુ સંતોષી અને સુખી પણ બને છે. આથી નિષ્કર્ષરૂપે કહી શકાય કે શિક્ષણનું સાચું હૃદય હૃદયના શિક્ષણમાં જ વસે છે. મગજને તેજસ્વી બનાવતું શિક્ષણ અને હૃદયને સંવેદનશીલ બનાવતું શિક્ષણ - આ બંનેનો સમન્વય જ સંપૂર્ણ શિક્ષણ છે.

જ્યારે શિક્ષણ માનવના વિચારો સાથે તેની લાગણીઓને પણ સ્પર્શે છે, ત્યારે જ તે સાચા અર્થમાં જીવનોપયોગી બને છે. આવું શિક્ષણ જ સશક્ત વ્યક્તિ, સુસંસ્કૃત સમાજ અને સુમેળભર્યા વિશ્વની રચના કરી શકે છે. તેથી આજના સમયમાં શિક્ષણને માત્ર બુદ્ધિનું નહીં, પરંતુ હૃદયનું પણ બનાવવું-એ જ સમયની સૌથી મોટી જરૂરિયાત છે. ■

તસવીરની આરપાર___ભાટી એન.
feedback@bombaysamachar.com

# અશ્વ શોમાં વિવિધ રમતો જોવા મળી



*'સૌરાષ્ટ્રે પંચરત્નાનિ નદી, નારી, તુરંગમ્ઃ*
*ચતુર્થ સોમનાથાશ્વ પંચમ હરિદર્શનમ્॥'*

ગુજરાત કક્ષાનો ૧૭મો કામા અશ્વ પ્રદર્શન, રમતોત્સવ વાંકાનેર ખાતે અશ્વ શોનાં ચેરમેન મહારાણા શ્રી કેસરીદેવસિંહ ઝાલા દ્વારા તા. ૨૬/૨૭/૨૮/ ડિસેમ્બર ૨૦૨૫ ત્રણ દિવસીય શોનું આયોજમ કરવામાં આવ્યું હતું. શોમાં સમગ્ર ગુજરાતમાંથી ૨૦૦ જેટલા અશ્વ (ઘોડા) આવેલા, જેમાં કાઠિયાવાડી, મારવાડી, સિંધી ઘોડાઓનો કાફલો આવેલો હતો. જેમાં મુખ્ય સ્પર્ધા એન્ડ્યુરન્સ રેસ ૨૦ કિ. મી. સુધી દોડી ગોંડલનાં અશ્વએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલું. સાથે રેવાલ, ચાલ, અશ્વ શણગારમાં કાઠિયાવાડી અશ્વ સોળે શણગાર સજી ધજી આવ્યા હતા. તેમાં મહામૂલા અશ્વ શાનદાર લાગતા હતા, ગુજરાત સરકારે આ કામા અશ્વ શોને આર્થિક સહાય કરી વિસરાય જતા ઘોડાની નસલને પુનઃ જીવિત કરી અને ઘોડા પ્રત્યે લગાવ રહે તેવો ભાવ વ્યક્ત કરવા ખુદ ગુજરાતના ગવર્નર આચાર્ય દેવવ્રતજી, પશુ પાલન કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, રીવાબા જાડેજાએ અશ્વ શોને પ્રોત્સાહન આપ્યું. ઘોડા પ્રત્યે જાણકારી આપતી બુકનું વિમોચન કરવાની સાથે આ અશ્વ શો સ્વ. મહારાણા દિગ્વિજયસિંહજી ઝાલાની સ્મૃતિમાં યોજાયો.

દુનિયાભરમાં વિખ્યાત એવા કાઠિયાવાડી અશ્વો આપણા ગુજરાતની મહામૂલી મૂડી છે, જેણે સૌરાષ્ટ્રને દુનિયાના નકશામાં અદકેરું સ્થાન અપાવ્યું છે. આ અશ્વો અતિ દુર્લભ પ્રજાતિ છે. રણસંગ્રામમાં પોતાના કૌશલથી યોદ્ધાના ખમીરને ટકાવીને લડવામાં તેમનો સાથ-સહકાર સાંપડે છે. માનવી દિનપ્રતિદિન પ્રગતિ કરતો ગયો તેમ તેમ સુવિધા વધારવા લાગ્યો. આજે યુદ્ધના મોરચે મશીનગનથી માંડી લડાયક વિમાન અને છેલ્લે અણુબોમ્બ આવી ગયા. વર્ષો અગાઉ યુદ્ધો લડાતાં ત્યારે ઘોડાઓનો પુષ્કળ ઉપયોગ થતો. ઘોડા પરનો સવાર પોતાના ઘોડાને પોતાનો વફાદાર સાથીદાર ગણી તેની માવજત કરતો. કાળક્રમે યુદ્ધમાંથી પણ અશ્વો બહાર નીકળી ગયા અને મુસાફરીનાં સાધનો, જેવાં કે મોટર, સ્કૂટર, રેલગાડી અને વિમાનો આવી જતાં અશ્વોની તેમાંથી પણ બાદબાકી થતી ગઈ છે. આજે તો લગ્નપ્રસંગો કે અન્ય કોઈ ખાસ કાર્યક્રમમાં જ અશ્વની ઉપસ્થિતિ દેખાય છે, જેના એક કારણ પૈકી તેમને પાળવા ખૂબ જ કઠિન કાર્ય પણ છે.

અશ્વો તેનાં મૂળ કાર્યોથી દૂર થતા ગયા છે. તો બીજી તરફ, એક રજવાડી શોખ તરીકે પણ તેને વસાવતા હોય એવા અમીરો પણ વધ્યા છે. અમદાવાદ અને સુરત જેવાં શહેરોમાં તો સ્ટડ ફાર્મ પણ વિકસ્યાં છે.

ઉપરાંત હવે તો અશ્વને સાચવવા તેની સારી જાતોને વિકસાવવી જોઈએ તે વિશે અશ્વપાલકોને પૂરતી માહિતી સાંપડે, પોતાના અશ્વમાં રહેલી તાકાતનો પરચો આપવા માટે હરીફાઈ યોજાય છે, જાતવાન અશ્વને ઇનામ પુરસ્કાર આપવા વગેરે પ્રવૃત્તિ માટે શ્રી કાઠિયાવાડી અને મારવાડી અશ્વપાલક મંડળી લિમિટેડની સ્થાપના કરવામાં આવી છે અને આ મંડળી દ્વારા સૌરાષ્ટ્રનાં અનેક ગામોમાં અશ્વ શોનાં આયોજન થાય છે. ગુજરાત સરકારે 'ગ્રામીણ ઓલિમ્પિક'માં અશ્વોનો સમાવેશ કર્યો છે અને તરણેતરના મેળામાં ખાસ અશ્વ શો યોજે છે અને અશ્વ હરીફાઈનું પ્રતિ વર્ષ આયોજન કરે છે. વીસરી રહેલી અશ્વ જેવી આપણી આ દુર્લભ વિરાસત વિશે એક દૃષ્ટિ કરીએ.

*'સૌરાષ્ટ્રે પંચરત્નાનિ નદી, નારી, તુરંગમ્ઃ*
*ચતુર્થ સોમનાથાશ્વ પંચમ હરિદર્શનમ્*

આ શ્લોકમાં દર્શાવ્યા પ્રમાણે સૌરાષ્ટ્રનાં પાંચ રત્નોમાં એક સ્થાન (તુરંગ) અશ્વે મેળવ્યું છે. ■

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# રાહુલ-પ્રિયંકાઃ ગાંધી પરિવારમાં ત્રીજું 'મહાભારત'?

**રાહુલ ગાંધી-પ્રિયંકા ગાંધી વાડ્રા વચ્ચે શું કૉંગ્રેસની ધૂરા માટે ગાદીયુદ્ધ ચાલી રહ્યું છે? એક તરફ પ્રિયંકા ગાંધીની વડા પ્રધાન સાથે વધતી જતી નિકટતા તો બીજી બાજુ તેમના દીકરાની મુસ્લિમ યુવતી સાથે સગાઈના સમાચાર કોણે લીક કર્યા? આમેય ગાંધી પરિવારમાં ગાદી માટે ભાઈ-બહેન, દેરાણી-જેઠાણી વચ્ચે આવાં આંતરિક યુદ્ધની વાત નવી નથી.**

પ્રિયંકા ગાંધી વાડ્રા વિશે આજકાલ ચર્ચાઓ ખૂબ જ છે. એક તો તેમણે વડા પ્રધાન મોદી સાથે ચા પીધી. બીજું કેન્દ્રિય પ્રધાન નીતિન ગડકરી સાથે હળવાશસભર વાતચીત કરી.. ત્રીજું, કૉંગ્રેસમાંથી તેમને વડા પ્રધાન બનાવવાના સૂર ઊઠી રહ્યા છે. અને ચોથું, તેમના દીકરા રેહાનની સગાઈના સમાચાર લીક થવાની વાત... આ બધું કંઈક રંધાઈ રહ્યું હોવાના સંકેત છે.

સોનિયાજી અને રાહુલ ગાંધીને હજુય પચતું નથી કે ભાજપી વડા પ્રધાન મોદી સતત ત્રણ વખતથી સત્તામાં છે. ઈન્દિરા ગાંધી વિદેશ ગયાં હતાં ત્યારે તેમણે મોરારજી સરકાર વિરુદ્ધ નિવેદન આપવાનું ટાળ્યું હતું અને કહ્યું હતું કે એ અમારા ઘરનો વિષય છે. અમે ફોડી લઈશું. રાજીવ ગાંધીએ ૧૯૮૯ની ચૂંટણીમાં કૉંગ્રેસ મોટો પક્ષ થયો હોવા છતાં વિપક્ષમાં

બેસવાનું પસંદ કર્યું હતું. તેમનાં નિવેદનોમાં વી. પી. સિંહ, અટલજી, ચંદ્રશેખર વગેરે વિપક્ષી નેતાઓની ટીકા સાંભળવા મળતી હતી, પરંતુ તુચ્છકારો, ઉદ્ધંડતા નહોતા જોવા મળતા.જ્યારે રાહુલ ગાંધી એ બધી મર્યાદા ક્યારના વળોટી ગયા છે. એ ઘણી વાર વડા પ્રધાન માટે તુંકારો કરે છે. તેમનો ગુસ્સો સંસદની અંદર અને બહાર પણ જોવા મળે છે. વડા પ્રધાન સાથે એક મંચ પર આવવાનું એ લગભગ પસંદ નથી કરતા. સોનિયા ગાંધીએ પણ મોદીજી માટે ક્યારેય માનવાચક વાત નથી કરી, પરંતુ પ્રિયંકા ગાંધી વાડ્રા આ બાબતે અલગ પડ્યાં છે.

ચૂંટણી સભામાંય એ હળવાશથી સંબોધન કરતાં હોય છે. ટીકા કરતી વખતે તેમના હસતાં હોય તેવા ઘણા ફોટોગ્રાફ જોવા મળે છે. રાહુલ ગાંધી ચૂંટણી સભામાં આકરા પાણીએ હોય છે. પ્રિયંકા સંસદની અંદર અને સભામાં ભાજપ પર પ્રહાર બરાબર કરે છે, પરંતુ તેમનામાં સોનિયા-રાહુલ પ્રકારની તીખાશ કે ખટાશ જોવા નથી મળતી.

ગત લોકસભા સત્ર પછી અધ્યક્ષ શાસક અને વિપક્ષના નેતાઓ માટે ચા-પાણી રાખતા હોય છે. આ વખતે પ્રિયંકા ગાંધી વાડ્રા ત્યાં ગયાં. બંને તરફથી કોઈ કડવાશ જોવા નહોતી મળી.



પ્રિયંકાની કોઈ વાત પર વડા પ્રધાન અને કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ સહિતના શાસક પક્ષના લોકો મોકળા મને હસતા જોવા મળ્યાં હતાં.

સંસદમાં પ્રિયંકા ગાંધી વાડ્રાએ હળવાશથી માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીને કહ્યું કે હું જૂન મહિનાથી સમય માગી રહી છું, પણ સમય નથી મળતો. તો નીતિનભાઉએ હસતાં- હસતાં કહ્યું, ગમે ત્યારે આવો, મારા કાર્યાલયનાં દ્વાર ખુલ્લાં જ છે.

દરમિયાનમાં, ગત ૨૩ ડિસેમ્બરે સાંસદ ઈમરાન મસૂદે સાર્વજનિક રીતે પ્રિયંકા ગાંધી વાડ્રાને વડા પ્રધાનના અભ્યર્થી બનાવવા માગણી કરી. ઈમરાન મસૂદની આ માગણીને પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ રોબર્ટ વાડ્રાએ પણ ટેકો આપ્યો. એવામાં અચાનક માધ્યમોમાં સમાચાર આવ્યા (લીક થયા) કે પ્રિયંકાના દીકરા રેહાનની સગાઈ મુસ્લિમ પરિવારની દીકરી અવિવા બૈગ સાથે થવાની છે. આનાથી ભાજપ સમર્થકોને મુદ્દો મળી ગયો કે ગાંધી પરિવારે હિન્દુ યુવક કે યુવતીને જીવનસાથી તરીકે પસંદ નથી કર્યા. ઈન્દિરાજીએ પારસી ફિરોઝ ગાંધી સાથે અને રાજીવ ગાંધીએ ખ્રિસ્તી સોનિયા સાથે લગ્ન કર્યાં હતાં.

રાહુલ ગાંધીનાં સ્પેનિશ આર્કિટેક્ટ સ્ત્રીમિત્ર વેરોનિક સાથે પ્રેમ સંબંધની અવારનવાર ચર્ચા થાય છે. અને ૨૦૦૪ના ઇન્ટરવ્યૂમાં રાહુલે આ વાત સ્વીકારી હતી. ( 'આઉટલૂક' : ૧૭ ઑગસ્ટ ૨૦૧૨). પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ ખ્રિસ્તી રોબર્ટ વાડ્રા સાથે લગ્ન કર્યાં, પરંતુ

પ્રિયંકાના દીકરાની વાત સગાઈ પહેલાં જ કેમ જાહેર થઈ ગઈ? તે પણ એવા જ સમયે જ્યારે ઈમરાન મસૂદે પ્રિયંકા ગાંધી માટે દાવો કર્યો ત્યારે?

કારણ સમજવા જેવું છે. સોનિયા-રાહુલની છાપ તો કટ્ટર લઘુમતી તરફી છે, પરંતુ પ્રિયંકા ગાંધીની છાપ એવી નથી. એ પૂજા પણ કરે છે. તિલક પણ લગાવે છે. અને ઈમરાન મસૂદે એવું કહ્યું કે બાંગ્લાદેશમાં હિન્દુ સહિતના લઘુમતીઓ સામે હિંસાનો મુદ્દો પ્રિયંકા ગાંધીએ મુખર રીતે ઉઠાવ્યો હતો. તેમને જો વડા પ્રધાન બનાવવામાં આવે તો ઈન્દિરાજીએ જેમ પાકિસ્તાનના બે ટુકડા કર્યા હતા તેમ એ પણ ઉત્તર આપી શકે તેમ છે એટલે દિલ્હીનાં રાજકીય વર્તુળોમાં ચર્ચા એવી છે કે પ્રિયંકાનું પત્તુ કાપવા રાહુલ જૂથના લોકોએ સગાઈના સમાચાર લીક કરી દીધા... !

સગાઈના સમાચારમાં 'ન્યૂ ઇન્ડિયન એક્સપ્રેસ'એ તો લખ્યું, 'આ સમારંભમાં સોનિયા ગાંધી ઉપસ્થિત રહેવાનાં નથી.' સોનિયાનું સ્વાસ્થ્ય ખરાબ હોય તો સમજી શકાય કે એ હાજર ન પણ રહે, પરંતુ ગત ૧૬ ડિસેમ્બરે સંસદની અંદર આશા અને આંગણવાડી કાર્યકર્તાઓ મુદ્દે તેમણે ગોગલ્સ પહેરીને ભાષણ આપ્યું હતું. પ્રદૂષણ વિરોધી કૂચમાં પણ એ જોડાયાં હતાં. તો પછી દોહિત્ર રેહાનની સગાઈમાં ગેરહાજર કેમ? આથી ચર્ચા છે કે પ્રિયંકાને વડાં પ્રધાન બનાવવાની માગણીથી સોનિયા ક્રોધિત છે. સોનિયાનો પુત્ર મોહ જાણીતો છે.

આવા સિનારિયા વચ્ચે રાજકીય નિષ્ણાતો કહે છે કે ગાંધી પરિવારમાં આ ત્રીજું મહાભારત છે. નહેરુ અને વિજયાલક્ષ્મી પંડિત વચ્ચે પણ સત્તાની સ્પર્ધા હતી, પરંતુ નહેરુએ વિજયાલક્ષ્મી પંડિતને યુનો અને યુએસએસઆરમાં રાજદૂત બનાવીને બહાર જ રાખ્યાં. આ પહેલું મહાભારત હતું. ઈન્દિરાજીએ તો ફઈ વિજયાલક્ષ્મીજીને સ્પષ્ટ કહ્યું હતું, મને તમારામાં વિશ્વાસ નથી. વિજયાલક્ષ્મીજીએ પણ ઈન્દિરાજીનો કટોકટી માટે કડક વિરોધ કર્યો હતો. તે પછી સોનિયા ગાંધી અને મેનકા ગાંધી વચ્ચે સ્પર્ધા ચાલી હતી. ઈન્દિરાએ મેનકા ગાંધીને ઘરની બહાર કાઢી મૂક્યાં હતાં. સંજય ગાંધીનાં મૃત્યુ પછી મેનકાને ઈન્દિરાજી પોતાના સચિવ બનાવવાનાં હતાં અને રાજકારણમાં લાવવાનાં હતાં, પરંતુ તેના બદલે આ નિર્ણય કર્યો તેમાં સોનિયા ઉત્તરદાયી હતાં. પરિણામે, મેનકા ગાંધી આજેય વિપક્ષમાં જ છે. તે બીજું મહાભારત હતું.

રાહુલ-પ્રિયંકા વચ્ચે આ ત્રીજું મહાભારત ચાલી રહ્યું છે. બરાબર નહેરુના જન્મદિને જ

બિહારની ચૂંટણીનાં પરિણામોમાં ભવ્ય વિજય પછી વડા પ્રધાન મોદીએ આગાહી કરી હતી કે કૉંગ્રેસમાં ટૂંક સમયમાં જ ભાગલા પડશે.

શું પ્રિયંકા ગાંધી વાડ્રા આ ભાગલાનું નિમિત્ત બનશે? ■




## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**પાણી ગાળીને- દૂધ ઉકાળીને અને છાશ ફૂંકીને પીવાય તો દારૂ?**
* થર્મોસમાં રાખીને સંતાઈને પીવાય.... ખાસ કરીને ગુજરાતમાં!

**બનાવટમાં વટ કેમ રહેતો નથી?**
* ચોખવટ ના કરી હોય એટલે...

**ભારે હૈયે, ભારે પગલે, ભારેખમ.. તો હલકું શું?**
* હાસ્ય અને હલકાફૂલકા રોટલી...

**મારી પાડોશણ વારંવાર પિયર જતી રહે છે....**
* પડોશણના દર્શન બંધ કરો,નહીંતર ઘરવાળી કાયમ માટે પિયર જતી રહેશે.

**ભેદરેખા પાતળી હોય તો જાડી રેખા કેવી હોય?**
* અમિતજીને ને ન ગમે તેવી...

**ચર્ચાનું ચગડોળ હોય તો વિવાદનું?**
* વાવાઝોડું....

**મારે હીરોઈન સાથે લગ્ન કરવા છે....**
* અત્યારે એનો ફોટો રાખીને કામ ચલાવી લો.

**કોઈને બળથી જીતાય કે કળથી?**
* ક્યારેક કળ બળથી નહીં , એને છળથી પણ જીતાય.!

**નાચવાથી કમરનો દુઃખાવા દૂર થાય?**
* હા, પણ એ પહેલાં દુઃખાવો ના હોય તો શરૂ પણ થાય.!

**નોકરીમાં હાર્ડ વર્ક કરવું કે સ્માર્ટ વર્ક?**
* શેઠને પોસાય એટલા પગાર જેટલું.

**કામના અને નકામા માણસ કેવી રીતે ઓળખવા?**
* પૈસા ઉછીના માગીને.

**સૌથી અઘરું ઓપરેશન કયું?**
* પત્ની પર સ્ટિંગ ઓપરેશન....

**લેડી સેક્રેટરી કેવી પસંદ કરવી?**
* એવી સેક્રેટરી જે બધું જ સિક્રેટ રાખે ... ■

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ચોવકોમાં લક્ષણોના લેખાં જોખાં

કોઈ વ્યક્તિના મનમાં કોઈ કારણસર ક્ષોભ ઉત્પન્ન થયો હોય તો તેની પ્રતિક્રિયા રૂપે તેના હૃદયના ધબકારા વધી જાય છે, મોં ઝંખવાણું થઈ જાય છે. શ્વાસ પણ રૂંધાવા લાગે, છાતીમાં ડૂમો ભરાઈ જવાની અનુભૂતિ પણ થાય છે. જો આંખોનો રંગ રાતો થતો જાય. હોઠ કાંપવા લાગે, દાંત કચકચાવા લાગે તો એ ક્ષોભનું કારણ ક્રોધ હોઈ શકે! હવે આ તમામ લક્ષણોને કચ્છી રૂઢિપ્રયોગ આ રીતે ઓળખાવે છેઃ **'અખ રતી થીણી'** - આંખો લાલ થવી, **'કોડા કઢણા'** - ગુસ્સાથી જોવું. **'ચપ ખૂલણા'** - જબાન ખૂલવી, **'આડી અખસે ન્યારણું'** - ઈર્ષાથી જોવું, **'મોં છણી પોણું'** - ભોંઠપ અનુભવવી જેવા આંગિક ચેષ્ટારૂપ અભિનય રૂઢિપ્રયોગોના નિર્માણમાં કારણરૂપ બને છે.

વળી, સંશોધકોએ તો એવું પણ નોંધ્યું છે કે, રૂઢિપ્રયોગોમાં સ્નેહ, પ્રેમ અથવા સૌહાર્દ પૂર્ણ વાર્તાલાપ કરતાં ઉત્તેજના, નિંદા, વ્યંગ કે વક્રોકિત વધારે પ્રમાણમાં જોવા મળે છે. લો, આ રહ્યાં એવાં કેટલાંક ઉદાહરણઃ **'અખ રખણી'** - દ્વેષપૂર્વક કોઈ પર નજર રાખવી, **'અખ વતાયણી'** - ગુસ્સો વ્યક્ત કરવો, **'ખો ભૂલાય ડોણી'** - બોધપાઠ શીખવવો... વગેરે વગેરે... પરંતુ કચ્છી ચોવકોમાં જ્ઞાન, ઉપદેશ, માર્ગદર્શન, વહેવાર, વરતારો ઉપરાંત કટાક્ષ અને વક્રોકિત જોવા અને માણવા મળે છે.

એટલે જ એમ કહેવાય છે કે, કચ્છી ભાષા સમાન મંગળસૂત્રમાં સૌથી મોંઘેરો માલ એ ચોવક છે? લો, આ એક ચોવક ઘણું બધું કહી જાય છેઃ **'હિકડી નીંયાણી ની સો ભ્રામણ'** સીધો અર્થ એવો થાય છે કે, સો બ્રાહ્મણ કરતાં એક નિયાણી ચઢિયાતી! ધાર્મિક આસ્થાનો અર્થ આ ચોવકમાં અભિપ્રેત છે. 'નિયાણી' કોને કહીએ, એ આપણે સૌ જાણીએ છીએ. વળી વક્તા શોધવી હોય તો ચોવક બ્રાહ્મણોના દંભ પર કટાક્ષ પણ કરે છે!

સમાન અર્થ ધરાવતી પણ ઘણી ચોવકો છે. જેમ કે 'હેસિયતથી વધારે તાયફો' કરવો. તેના માટે ચોવક છેઃ **'કાંણી લાડી ને કરોડ વિનાંણ'** ઉપરાંત **'અક જી કાઠી ને રાવરી આંણ'**નો પણ પ્રયોગ થાય છે. અર્થમાં કદાચ દોરા ભાર ફરક પડતો હશે! મૂળ વાત અહીં 'હેસિયત'ની છે.

હવે આ ચોવક માણોઃ **'ડોકડે જી ડૂશી નેં ઢીંગલો મૂંઢાણી'** મતલબ કે હેસિયતથી વધારે દેખાડો કરવો! એજ વાત કહેવા માટે **'શેર સાગને પખાલ પાણી'** અર્થ એવો છે કે, એક શેર શાક બનાવવા માટે પખાલ ભરીને પાણી નાખવું! જરૂરથી વધારે...! ક્ષમતાથી વધારે ખેંચાઈ જનારા માટે એમ પણ કહેવાય છે કે, 'હિકડા માઠા નેં વરી મારકણા'.. વાત એની એજ હેસિયતની જ આવે છે.

કોઈ વ્યક્તિને તેની લાયકાત કે જરૂરિયાતથી વધારે કંઈક મળી રહે તો તેના માટે ચોવક છેઃ **'આંમરી મેં આમાં પકા'** ગુજરાતીમાં તેનો સીધો અર્થ કરીએ તો આંબલીના વૃક્ષમાં આંબા પાકયાં! એવો થાય.

ઘણી વખત લોકો બહુ વધારે અપેક્ષાઓ કે આશા સાથે જીવતા હોય છે. એવા લોકોની ઓળખ આપતી ચોવક છેઃ **'અણકમાઉ નેં ઉનાં પાણી'** અહીં 'ઉનાં' શબ્દનો અર્થ 'ઊંડો' થાય છે. કમાણી કોડીની ન હોય પણ અપેક્ષાઓ આકાશને આંબતી હોય તેવા લોકો માટે છે આ ચોવક.

તમે જોયું હશે કે, ઘણા લોકો સારો સમય આવે તે પહેલાં જ સોનેરી સપનાં જોવા લાગે છે. એવા લોકો પર કટાક્ષ કરતી ચોવક છેઃ **'આમેં મોર નેં કલાણેં લેખો'** હજુ આંબામાં મોર લાગ્યા છે અને કેટલી કેરી પાકશે તેનાં લેખાં શરૂ થઈ જાય છે! ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PORE | ચોખ્ખું |
| PORT | રેડવું |
| POUR | છિદ્ર |
| PURE | છાપરાવાળું પ્રવેશદ્વાર |
| PORCH | બંદર |

### માતૃભાષાની મહેક

વલકુું એટલે કામ કઢાવવા ખોટું ખોટું વહાલ કરવું. શહેરી ભાષામાં મસ્કો મારવો એમ કહી શકાય. પોતાનો મતલબ સાધવા કોઈ ખોટા નખરા કરે ત્યારે 'જા જા હવે બહુ વલકુડી થા મા!' એમ કહેવાતું હોય છે. વળોટ એટલે રીતભાત કે પદ્ધતિ એવો અર્થ છે. અસલના વખતમાં પુત્ર માટે કન્યા પસંદ કરતી વખતે એનો ઘરકામમાં વળોટ હોવો જોઈએ એવો આગ્રહ રાખવામાં આવતો.

### ગુજરાત મોરી મોરી રે

'કશું જ ન મળે તે કરતાં થોડું મળે તે સારું સમજવું' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

**મામા મામા સારા કહેણા કરતાં ન**

### ઈર્શાદ

આટઆટલી પથરાઈ છે રેતી તોયે સાવ એકલો દરિયો,
મોજાંઓની માયા અહીંયાં વહેતી તોયે સાવ એકલો દરિયો!

**- સુરેશ દલાલ**

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ■ | ૨ | | | ૩ | ■ | ૪ | ■ |
| ૫ | | | | ■ | ■ | ૬ | ૭ | | ૮ |
| ૯ | | ■ | | ■ | ૧૦ | | | ■ | |
| | ■ | ૧૧ | | ૧૨ | ■ | ■ | ૧૩ | ૧૪ | |
| ૧૫ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | | ■ | | ■ |
| ■ | | ■ | ૧૯ | | | ■ | ૨૦ | | ૨૧ |
| ૨૨ | | ૨૩ | ■ | ■ | ૨૪ | ૨૫ | | ■ | |
| | ■ | ૨૬ | ૨૭ | | ■ | | ■ | ૨૮ | |
| ૨૯ | ૩૦ | | | ■ | ■ | ૩૧ | | | |
| ■ | | ■ | ૩૨ | | | | ■ | | ■ |

**આડી ચાવી**

૨. મોં પર પહેરાતો નકલી ચહેરો (૪)
૫. ભોગવટો કરનાર, વારસ (૪)
૬. વ્યાયામ (૪)
૯. ઉપનગર (૨)
૧૦. પ્રતિસ્પર્ધી (૩)
૧૧. વહાણનો દોરનાર (૩)
૧૩. લાત, પાટુ (૩)
૧૫. જાગીરદાર કે શ્રીમંત માણસ (૩)
૧૭. ઘા (૩)
૧૯. ચાલુ પ્રણાલી કે રૂઢિ (૩)
૨૦. કુલીનતા, ખાનદાની (૩)
૨૨. તંદુરસ્ત (૩)
૨૪. રોંચું, ગામડિયું (૩)
૨૬. ખોટી આદત, છંદ (૩)
૨૮. નજર સમક્ષ, રૂબરૂ (૨)
૨૯. એક જૈન તીર્થંકર (૪)
૩૧. શોરબકોર (૪)
૩૨. કમકમાટીભર્યું, નિર્દય (૪)

**ઊભી ચાવી**

૧. છાજ, મકાન પર કરેલું ઢાંકણ (૩)
૨. મોતી (૪)
૩. ઘંટડી (૩)
૪. બાણ (૨)
૫. આભાર (૪)
૭. સાર્થક, સિદ્ધ (૩)
૮. બારીક તડ (૩)
૧૧. મહિનો (૨)
૧૨. સાટે કે પેટે આપેલું (૩)
૧૪. ભાવાર્થ, મતલબ (૩)
૧૬. સંકેત (૩)
૧૮. તલવાર (૩)
૨૦. કપડા પર ચડાવાતી કાંજી (૨)
૨૧. ટાપટીપ, ઉપર ઉપરનો ભપકો (૪)
૨૨. નીલા રંગનું રત્ન (૩)
૨૩. ગીરો કે ઘરેણે મૂકેલું (૩)
૨૫. માલિક સ્ત્રી (૪)
૨૭. વારનાર, રોકનાર (૩)
૨૮. સજ્જ, તૈયાર (૩)
૩૦. હિંમત (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | દા | ૨ કા | ૩ ર | ■ | ૪ સા | ખ | ૫ પ | ૬ ડો | ૭ શી |
| ણ | ■ | ૮ પ | ક્ષા | ૯ પ | ક્ષી | ■ | ૧૦ ત | લ | પ |
| ૧૧ પ | ખા | લી | ■ | મ | ■ | ■ | ■ | ર | ■ |
| ઠ | ■ | ■ | ૧૨ ક | રા | ર | ■ | ૧૩ ગં | ■ | ■ |
| ■ | ૧૪ ખ | ૧૫ ટ | પ | ટ | ■ | ૧૬ અ | ભિ | ૧૭ જા | ત |
| ૧૮ ત | ર | ક | ટ | ■ | ૧૯ ઈ | મા | ર | ત | ■ |
| ■ | ■ | વું | ■ | ૨૦ ઉ | જા | સ | ■ | ૨૧ વા | ૨૨ ત |
| ■ | ૨૩ મ | ■ | ■ | ■ | જ | ■ | ૨૪ મા | ન | દ |
| ૨૫ વ | હે | ૨૬ મ | ■ | ૨૭ વી | ત | ૨૮ રા | ગ | ■ | બી |
| ૨૯ શ | ર | ણા | ગ | ત | ■ | ૩૦ વ | ણ | ક | ર |

### ઓળખાણ પડી?

મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં જોવા મળતી ગાય, બકરાં, ઘેટાં વગેરે દૂધાળ પશુ રાખનાર અને પાળનાર જાતિ કયા નામે ઓળખાય છે?

અ) રબારી બ) કોળી
ક) વૈશ્ય ડ) વણકર



### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ઉતારું છું પછી એને થોડું ઘણું મઠારું છું' વાક્યમાં મઠારું શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) મહેનત બ) ઉમેરવું ક) સુધારવું ડ) બદલવું .

### માઈન્ડ ગેમ

૮૪ ચોરસ સે.મી.ના ક્ષેત્રફળના લંબચોરસની લંબાઈ ૧૨ હોય તો પહોળાઈ કેટલી હોય?

અ) ૧૨ બ) ૭૨ ક) ૭ ડ) ૪૮

### સુડોકુ-૯૧૮૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૬ | ૪ | | ૩ | ૭ | | ૨ |
| | | | ૫ | | ૯ | | | |
| ૫ | ૪ | | | | | | ૮ | ૧ |
| ૭ | ૧ | ૮ | | | | ૪ | ૯ | ૩ |
| | | | | | | | | |
| ૩ | ૬ | ૪ | | | | ૨ | ૭ | ૫ |
| ૬ | ૩ | | | | | | ૪ | ૭ |
| | | | ૩ | | ૬ | | | |
| ૯ | | ૧ | ૮ | | ૭ | ૫ | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૩ | ૨ | ૭ | ૫ | ૮ | ૬ | ૪ |
| ૮ | ૭ | ૫ | ૬ | ૯ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૬ | ૨ | ૪ | ૧ | ૮ | ૩ | ૯ | ૭ | ૫ |
| ૫ | ૬ | ૭ | ૩ | ૧ | ૯ | ૪ | ૮ | ૨ |
| ૩ | ૪ | ૯ | ૫ | ૨ | ૮ | ૭ | ૧ | ૬ |
| ૨ | ૧ | ૮ | ૪ | ૬ | ૭ | ૫ | ૯ | ૩ |
| ૯ | ૫ | ૬ | ૭ | ૪ | ૧ | ૨ | ૩ | ૮ |
| ૭ | ૩ | ૧ | ૮ | ૫ | ૨ | ૬ | ૪ | ૯ |
| ૪ | ૮ | ૨ | ૯ | ૩ | ૬ | ૧ | ૫ | ૭ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| MAGAZINE | સામાયિક |
| MAGENTA | કિરમજી |
| MAGGOT | ઈયળ |
| MAGIC | જાદુ |
| MAGISTRATE | ન્યાયાધીશ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
ચીંદરડી બળે પણ વળ ન છોડે

**ઓળખાણ પડી?**
AMERICAN WOODCOCK

**માઈન્ડ ગેમ :**
મહારાષ્ટ્ર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
ઘોડો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટરિયા (૪) વિપીન શાહ (૫) શ્રદ્ધા આશર (૬) નૂતન વિપીન શાહ (૭) હર્ષા મહેતા (૮) જ્યોતિ ખાંડવાલા (૯) ભારતી બુચ (૧૦) મહેશ સંઘવી (૧૧) મીનળ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) અમીશી બંગાળી (૧૪) પુષ્પા પટેલ (૧૫) કમલ માતલિયા (૧૬) નયના ગિરીશ મિસ્ત્રી (૧૭) ભરત કજરિયા (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કિરીટ છેડા (૨૪) ખુશરૂ કાપડિયા (૨૫) ચેતના છેડા (૨૬) અરવિંદ કામદાર (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અંજુ ટોલિયા (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) અલકા વાણી (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) ઈનાક્ષીબેન દલાલ (૩૩) હિનાબેન દલાલ (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) ડાયના સંતોકે (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિણા સંપટ (૩૮) નિતીન જયંતિલાલ બજરિયા (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) પ્રવીણ વોરા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) પ્રકાશ કટકિયા (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬)મહેશ દોશી

## ૯. લગ્ન સંબંધી

**કંકોત્રી - 50**
અસંખ્ય વેરાયટી ડિલિવરી પાંચ દિવસમાં, વ્યાજબી ભાવ - વોટ્સએપમાં પ્રુફિંગ કરી આપીશું. જલારામ - 9820441711 / 9820000538. (૬૯૯-એ)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
લગ્નપ્રસંગના બોરીવલી / કાંદિવલીમાં AC ફૂલ્લી ફર્નિશ - બાપલી બંગલો. 9821112796. (૬૮૨-એ)

**કાનનાં મોટાકાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુઝી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૬૮૯૩)

## ૧૨. યાત્રા સહેલગાહ

**લોનાવાલામાં**
ફેમેલી, સીનીયર, સીટીઝનને DAILY/ WEEKLY/ MONTHLY રૂમ ભાડેથી મળશે. (શુદ્ધ શાકાહારી જમવાનું) "પ્રેમ નિવાસ": 7977986364, 816 939 2216. (૭૦૪-આઈ)

**ગંગાસાગર - જગન્નાથ**
**15551/-**
પ્રસ્થાન 11 માર્ચ દિવસ - 9, 9967894750/ 9702303009. (બી-૧૬૯૩૭)

**શ્રીયમુના**
અધિક મહિનામાં, ભાગવત સપ્તાહ, જતિપુરામાં સાથે ગોકુળ, મથુરા, બરસાના, બસમાં ફરવાનું, મનોરથ, વહેલા તે પહેલા. 9892377559. (૫૧૪/સી)

**વ્રજ અયોધ્યા**
કાશી 23/3 થી 2/4 એસી પેકેજ કથા સાથે 18000, 9 દિવસ 9870122631. (૫૧૪/બી)

**શ્રીયમુના**
બનારસ, અયોધ્યા, નેપાળ, પ્રયાગ, શ્રીનાથજી, ખાટુશ્યામ, કાશ્મીર, વૈષ્ણોદેવી, ચારધામ. 9892377559. (૫૧૪/એ)

## ૧૪. નોકરી ખાલી છે

■ સેન્ટ્રલ માટુંગા (પૂર્વ)માં એકાઉન્ટ અને કોમ્પ્યુટરના કામ માટે છોકરા/છોકરીની જરૂર છે. (જોડાણી ભૂલો નહીં). ઓફિસ સંપર્ક: 9967468199. સવારે 11 થી સાંજે 7 વાગ્યા સુધી). (૭૦૭-એ)

**ફીમેલ**
હાર્ડવેર શોપ સ્વતંત્રપણે સંભાળવા લેડી (9.00 - 2.30 / 2.30 - 8.00) - 7000/- રવિવાર ચાલુ, દહિસર:- 9820120537. (૬૯૮-એ)

**ઓફિસ બૉય જોઈએ છે**
પગાર : રૂા.૧૮૦૦૦/-
ઉંમર : ૧૮ - ૩૫ વર્ષ
સંપર્ક કરો
શ્રી કૃષ્ણ વુવન ફેબ્રિક્સ, ૧૧૭/૧૨૧, વિઠ્ઠલવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ- ૪૦૦૦૦૨
(એસડીબી-૩૦૨૫)

**રસોઈ**
અમેરિકામાં રહેતા ગુજરાતી વેલ સેટલ્ડ સિનિયર સિટીઝન કપલને ગ્રીન કાર્ડ હોલ્ડર ધરાવતા અથવા લાંબા સમય માટેના વિઝા ધરાવતા વ્યક્તિ, હોશિયાર, સુઘડ, સમજુ અને સારી રસોઈ બનાવી શકે તેવા 24 કલાક માટે બહેનની તાત્કાલિક જરૂરિયાત છે. સંપર્ક કરો - 9892247498. (11 થી 5). (૭૧૧-સી)

**50,000/-**
મલાડ: માર્કેટિંગ - પાર્ટ ટાઈમ જોબ, ગ્રેજ્યુએટ ઉમેદવાર સંપર્ક: 9930774809. (૭૧૦-એ)

**OPPORTUNITY**
For Retirees, Pensioners, Sr. Citizens. Flexible Hours. Good Pay + Incentives:- 9867621481. (711-A)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતા કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૪. નોકરી ખાલી છે

**VALUE PROPERTIES REAL ESTATE**
Broking Requires in Age (25-45) Calling Executives Language any 2 must Marathi, Hindi, English, Gujarati, Prior experience of Credit Cards, Insurance, BPO Callers, Home Loans, will be advantage, Only Long Term Candidate Apply for Locations Sewri, Dadar E-W, Mahim, Base Salary + Incentives Priyankit +918976954472. (B-16939)

## ૧૭. જગ્યા આપવી છે

**REDEVELOPMENT ગયેલા** બિલ્ડિંગમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે). 7666644727. (૭૦૪-એ)

■ **સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ** GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૭૦૧-એ)

**ચોપાટી**
ન્યુ ટાવર, ૨ BHK.
રેરા કાર્પેટ ૮૦૦ સ્કે ફીટ
૧ રિઝર્વ પાર્કિંગ
જૈન મંદિર પાસે
૬ CR વેચવાનું છે.
8080753577
(બી-૧૬૮૯૮)

**રીડેવલપમેન્ટમાં ગયેલો ફ્લેટ**
ઈન્વેસ્ટર્સ માટે સુવર્ણ તક... બોરીવલી (વેસ્ટ), હરિદાસનગર, ફર્નીશ્ડ 2 બેડરૂમ 725' (1 રૂમ કિચનની જોડી) ફુલેર દરવાજો (2.35 કરોડ) (ઓનર) 7666644727. (૭૦૪-ડી)

**દહીસર (ઈસ્ટ)**
3 BHK - 1106' કાર્પેટ, હાયર ફ્લોર, સારી સોસાયટી, ઓ.સી. સાથે. ઓનરશીપથી સંપર્ક : બાબુભાઈ 93217 22820. (૬૯૪-એ)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/વેચાણથી લેવા - વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૬૯૦-બી)

**ગોરેગામથી - બોરીવલીમાં**
રેસિડેન્શિયલમાં - કોમર્શિયલમાં @ 18501/- "ઈન્વેસ્ટર માટે સુવર્ણ તક". "શ્રીજી" 9820045571. (જેપી/૪૫૩૪-સ)

**દેવલાલી - વેચાણથી**
૧, ૨ બેડરૂમના ફ્લેટો, 600', 775', 1024' કારપેટ, ગ્રાઉન્ડ ફ્લોર. પરેશ - 9930803959, 9930106054. (૬૯૦-એ)

**જુહુ**
શીવશક્તિ, 10મો રોડ, 2 BHK, 1100' કાર્પેટ, ભાડેથી- 9833766747. (૫૧૨-એ)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
સ્ટેશન/હાઈલાઈફ મોલ અને ઉપાશ્રયનીપાસે, નવા બિલ્ડિંગમાં 3 બેડરૂમના ૪થી ૫ ફ્લેટો તાત્કાલિક વેચવાના છે. લેવા - "દુષ્યંતભાઈ" 9820150453 "રશ્મિભાઈ" 9323319056. (બી-૧૬૯૬૪)

**ઘાટકોપર (ઈસ્ટ)**
એરીયા 1472, 4 બેડરૂમ હોલ કિચન, ઓફ 60 ફીટ રોડ, પાર્કિંગ સાથે 4.50 Cr નેગોશીએબલ કોલ ગુરુકૃપા એસ્ટેટ્સ 9870001602/ 9773575357. (એસડીબી-૩૦૧૫)

**ઘાટકોપર (ઈસ્ટ) નીલકંઠવેલી**
3 બેડરૂમ હોલ કિચન ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ, 1.35 લાખ ભાડું, હાઈયર ફ્લોર, તેમજ 2 બેડરૂમ હોલ કિચન, સેમીફર્નિશ્ડ, 700 કાર્પેટ 70000/- ભાડેથી, 2 બેડરૂમ હોલ કિચન સેમીફર્નિશ્ડ વેચાણથી 2.51 Cr. કોલ મોર્ડન એમેનિટીસ, કોલ ગુરુકૃપા એસ્ટેટ્સ 9870001602/ 9773575357. (એસડીબી-૩૦૧૪)

**શાંતાક્રુઝ (ઈસ્ટ)**
૨ બેડરૂમનો ક્વર્ટેડ ફ્લેટ એરિયા ૪૨૦' કારપેટ, ગ્રાઉન્ડ ફ્લોર, ફૂલ્લી ડનપ્ષ, તુરંત વેચવાનો. અન્ય ૧/૨ બેડરૂમના ફ્લેટો લેવા / વેચવા ફોન :- ૯૮૨૧૯૮૧૭૭૪. (બી-૧૬૯૧૪)

**માટુંગા**
પાંચ બગીચા બે નવા તૈયાર મકાન ત્રણ બેડરૂમ કાર્પેટ ૧૨૩૦ એક મકાન અધોચ્ચ પ્લાન, બીજું મકાન જબરદસ્ત સરસ પ્લાન, ભાવ ૬.૫૦ કરોડ, વિનોદ: ૯૮૯૨૯૮૦૫૯૩. (બી-૧૬૯૦૪)

**તારદેવ**
એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ - 2 બેડરૂમ હાયરફ્લોરનો ફ્લેટ - દેરાસર નજીક - પાર્કિંગ સુવિધા લેવા સંપર્ક ચેતન શેઠ - 9820062638. (૬૧૫-ઈ)

## ૧૭. જગ્યા આપવી છે

**પ્રભાદેવી**
3 - 4 બેડરૂમના આકર્ષક ફ્લેટ - નવા બિલ્ડીંગમાં આધુનિક સુવિધા - દેરાસર નજીક લેવા સંપર્ક ચેતન શેઠ - 9820062638. (૬૧૫-બી)

**પેડર**
2 બેડરૂમનો ટેરેસ ફ્લેટ - પ્રતિષ્ઠિત સોસાયટી - પાર્કિંગ સુવિધા લેવા ચેતન શેઠ - 9820062638. (૬૧૫-સી)

**તારદેવ**
2 બેડરૂમનો રજવાડી ફ્લેટ (3 શક્ય) - હાયરફ્લોર પાર્કિંગ સુવિધા - દેરાસર નજીક - નેકલેશ વ્યુ - લેવા ચેતન શેઠ - 9820062638. (૬૧૫-ડી)

**પ્રભાદેવી**
4 બેડરૂમનો ફર્નીશ ફ્લેટ - દેરાસર નજીક - ભાડેથી લેવા - સંપર્ક ચેતન શેઠ - 9820062638. (૬૧૫-ઈ)

**માટુંગા ફાઈવ ગાર્ડન**
ત્રણથી પાંચ બેડરૂમના લક્ઝરીયસ ફ્લેટો, નવા બિલ્ડીંગમાં, OC સાથે, લેવા, જવાહર ઠક્કર ૯૮૨૧૩૬૩૧૧૩. (૩૨૪)

**વાલકેશ્વર**
4 બેડરૂમ 1950' કાર્પેટ- ગેરેજ- સી.વ્યુ, 13,50,00000/- નેગોશીએબલ- 9820068382. (૫૧૩-એ)

**ગ્રાન્ટરોડ**
3 બેડરૂમ - જુનુભાડુ 1300' - કાર્પેટ - 3,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૧૩/બી)

**ગ્રાન્ટરોડ**
1 બેડરૂમ - 650' - કાર્પેટ - વેલે-પાર્કિંગ - 2,75,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૧૩/સી)

**તારદેવ**
2 બેડરૂમ - 752' - કાર્પેટ - પાર્કિંગ - 3,85,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૧૩/ડી)

**વડાલા**
બે બેડરૂમ બે કરોડમાં બે લીફ્ટ બે પાર્કિંગ વિનોદ ૯૮૯૨૯૮૦૫૯૩. (બી-૧૬૯૩૮)

**ખાર (વેસ્ટ)**
મધુપાર્કની બાજુમાં ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦', ૪ બેડરૂમ ૧૬૦૦', ૬ બેડરૂમ ૨૩૦૦', (બધા જ ફ્લેટો કાર્પેટ એરિયામાં), ઓ.સી. સાથે, એરકંડીશન્ડ લોબી, જીમ, સર્વન્ટ ટોઈલેટ, પ્રોપર પાર્કિંગ સાથે, વેચવાના. ફોનઃ- 9820156133. (બી-૧૬૯૦૨)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૭૦૬-એ)

**સી. પી. ટેન્ક પાસે**
2 બેડરૂમ પાર્કિંગ સાથે વેચાણમાં તુરંત કબ્જો, સીવ્યુ. નટુભાઈ દવે. 9029450460. (૭૧૫-એ)

**માટુંગા (ઈસ્ટ)**
1) 2 બેડ નવી બિલ્ડિંગ OC સાથે 750' લિફ્ટ પાર્કિંગ સાથે. 2) 3 બેડ FIVE GARDEN પાસે, OC, 2 લિફ્ટ + 2 પાર્કિંગ, 1220' આ બંને ફ્લેટ રીઝનેબલ ભાવે આપવા છે. પ્રભાદેવીથી માહિમ, પરેલથી સાયન, ફ્લેટ કોમર્શિયલ જગ્યા વેચાતી/ ભાડે, લેવા/ આપવા વિશ્વાસુ નામ. The Indian Properties, Jayesh Gadda 9869030405 / Prasanna Thakkar 9820071007. (૭૦૮-સી)

**દહિસર**
31મા માળે સુંદર SGNP વ્યુ સાથેનું 2 BHK ફ્લેટ ભાડે "AVANYA DYNAMIX" કાર્પેટ 536 ચો. ફૂટ પાર્કિંગ સાથે (ભાડું - 36,000/-, ડિપોઝિટ 1,70,000/-), અદ્ભુત ગ્રીન વ્યૂ આધુનિક લાઈફ સ્ટાઈલ સુપર કનેક્ટિવિટી સંપર્ક: 9820054365. (૭૧૧-ઈ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
2 BHK: દેરાસર પાસે 870' ઉસેબલ કાર્પેટ: 3 કરોડ., 710' કાર્પેટ: ફૂલી/ ફર્નિચર: 3 કરોડ જીમ/ લિફ્ટ/ પાર્કિંગ, 3 BHK: 1008'/ 1050': હાયર ફ્લોર: 5.25 કરોડ. "કૃષ્ણકાંત" 9821161579/ "દેવેન્દ્ર" 9619793728. (૭૧૩-એ)

**વિલેપાર્લે**
4 BHK: જૈન દેરાસર: 1500' કાર્પેટ: 7.10 કરોડ., 2 BHK + 2 BHK જોડી: નેહરુ રોડ: હાયર ફ્લોર: 730' + 670': 6.65 કરોડ., 2 BHK 600' કાર્પેટ - 2.75 કરોડ. નવા બિલ્ડિંગમાં, 3 BHK 915' કાર્પેટ 4.20 કરોડ., ઓલ ઈન્ક્લુસિવ. "કૃષ્ણકાંત" 9821161579/ "દેવેન્દ્ર" 9619793728. (૭૧૩-સી)

**કાંદિવલી વેસ્ટ**
સુંદરબાગ 1, 2, 3 BHK, ભાડે તેમજ ખરીદવા. 9867932447. (૫૧૫/એ)

**પારલા ઈસ્ટ**
2 બેડરૂમની જોડી 4 બેડરૂમ 1470' કાર્પેટ હાયર ફ્લોર વેસ્ટ ઓપન નવી બિલ્ડિંગ વેચાણથી અમિત 7045622403. (બી-૧૬૯૪૧)

**GULALWADI BUILDING**
For Sale/ Rent Ground + 4 at Kika Street, Opp. 3rd Bhoiwada, Bhuleshwar in Immitation Market Mumbai 400004. Contact Owner 8692929252. (666-A)

## ૧૭. જગ્યા આપવી છે

**VILEPARLE WEST**
1 Bedroom 450' Carpet 1.75 Cr., 2 Bedroom 777' Carpet 2.80 Cr., 3 Bedroom 800' Carpet 3.80 Cr., Near Jain Temple. 9930207780, 9930933398. (512-H)

**MALAD WEST**
AVAILABLE FLATS IN IMPERIAL HAWA HIRA
1 BHK - 385 Sq.Ft
1.11 Cr. All Inclusive
2 BHK - 510 Sq.Ft
1.55 Cr. All Inclusive
(With All Major Amenities)
Possession March 2026
A Project By: Shree Sai Realty Builders & Developers
98212 91100
75069 53114
RERA NO.PR1180002500372
(B-16935)

**VILEPARLE WEST**
Rent - 1 Room Kitchen 38,000/=, 1 Bedroom 60,000/=, 2 Bedroom 65,000 - 85,000/=, 3 Bedroom 1,20,000/=. 9930207780, 9930933398. (512-F)

**PAREL SEWRI BIGGEST**
New Launches Builder from Bangalore and Dubai now in Mumbai 2, 3 Bed 3.75 and 5.75 cr++ Atal Setu views Plethora of Amenities Pre Register for Group Bookings and Bulk Discount + 91 9819082468. (B-16742)

**WADALA WEST MOST PREMIUM**
Luxurious 2200 Carpet Deck Flats 13 Cr. Possn 2027, 5 Star Amenities Rooftop Pool/ Club Ready OC Dadar Investors Flats 2100 cpt 10-13 Cr. 2500 cpt 13-16 Cr. Matunga 1 Flat per Floor, 12.5 Cr. Revised to 10.5 Cr. Brokers excuse +919004078342. (B-16797)

**Matunga (E)**
Jame Jamshed Road
3BHK Super Delux Flat for Sale
* Near Five Garden
* New Unused Flat
* 1159 sq.ft carpet
* 2 car parkings
* Higher Floor, 3 sides open
* Centrally A. C. Flat
* Italian Marble Walls
* Makwana modular kitchen
* Newly furnished

Dhirajlal Bhulabhai Gala
Gala Estate Agencies
Mob. : 9821156556
(714-A)

**DADAR - MATUNGA WEST**
Mega Launches Luxury high rises 2 Bed 2.9 to 3.9 Cr. 3 Bed 4.9 to 5.9 Cr. Pool, Gym, Play Area Get lowest Group Booking Price - 9819016316. (B-16798)

**BORIVALI (WEST)**
6 BHK (3 BHK Jodi) Available for Sale Individual or Jodi Fully Furnished 2000 sq ft on 15th Floor @ Pushpvinod - 1, S. V. Road, Borivali (W). Contact: 93243 67594 / 81088 02978. (SDB-3022)

**BORIVALI (WEST)**
For Sale 2 BHK - 672 sq ft & 638 sq ft Unfurnished on 10th & 19th Floor @ Pushpvinod - 2, S. V. Road, Borivali (W). Contact: 93243 67594 / 81088 02978. (SDB-3023)

**PAREL SEWRI**
Prelaunch Sobha Bldrs, Sattva Bldrs Rustomjee, Lodha Excellent Connectivity Nr. Sewri Worli and Atal Setu. 2, 3, 4 Bed 3.5 Cr., 5.5 Cr., n 10 Cr. onwards. 7 Star Amenities Join Group Bookings Better Pricing +919819227923. (B-16942)

**PRABHADEVI, INVESTORS UNITS**
Sea Views Oceanstar, 4 BHK 1800 cpt 20 Cr. + 2670 cpt 28 Cr. + Possn in Sept 2026 +91 98192 27923 Brokers Excuse. (B-16940)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૨-એ)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી
ઋષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૦૧૯)

**ભીવંડી**
પ્રાઈમ લોકેશનમાં, હાઈવે ટચ, કલીયર ટાઈટલ પ્રોજેક્ટમાં પ્રી-લીઝડ વેરહાઉસ, વેચાણથી લેવા. 9082301177. (7 થી 7.50% રીટર્ન). (૭૧૬-ડી)

## ૨૦. ધંધાદારી જગ્યા

**WANTED PRELEASED COMMERCIAL PROPERTY**
ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા બેંક, બ્રાન્ડ, કોરપોરેટ ઓફિસ, રેસ્ટોરન્ટ માટે સંપૂર્ણ મુંબઈમાં વેંચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૭૦૪-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**PRELEASED OFFICE**
મહિને 60,000/- ભાડેથી લાગેલી ઓફિસ વેચવાની. (1.44 CR) (2 પાર્કિંગ સાથે). (300' + 300' LOFT) યુઝેબલ 600' મહાવીરનગર, CROMA, DMART પાસે, કાંદિવલી (વેસ્ટ). OWNER - 7666644727. (૭૦૪-બી)

**ફોર્ટ કાલાઘોડા**
ઓફિસ 450'+ એટેચ વોશરૂમ + પેન્ટ્રી, જૂના ભાડાની જગ્યા વેચાણથી. ઓનર 9821231563. (૬૮૮/એ)

**મુલુંડ (વેસ્ટ)**
ભાડેથી દુકાન આપવાની છે, એરીઆ ૨૦૦ સ્કવેર ફિટ કારપેટ, વોટર કનેક્શન સાથે, રેલવે સ્ટેશન નજીક. 9322280333. (૬૮૪-એ)

**સેન્ટ્રલ / વેસ્ટર્ન સબર્બમાં**
ચપ્પલ/બૂટનાં શોરૂમ માટે દુકાન 500' થી 1000' મેઈન રોડટચ ભાડેથી જોઈએ છે. 9821321232. (૭૦૯-એ)

**KEMPS - CORNER**
3000 sqft on Ownership 1st Flr Premises as is where is basis Front Side 2 Reserve Parking throw away Price must Sell Today suitable for Doctors Clinic, Banks, Corporate Office, Branded Showroom. For Inspection & further details. Contact: 9987310819 Brokers Welcome. (713-D)

## ૨૩. મનોરંજન

**સંગીત સંધ્યા**
ઓરકેસ્ટ્રા + લગ્નગીત + એન્કરીંગ + કોરિયોગ્રાફી + મિમિક્રી + ગેમ્સ. 9820464530. (૬૯૮-સી)

**પ્રાર્થના - 6,500/-**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૬૯૧/એ)

**બજેટથી પ્રાર્થનાસભા**
લગ્નગીત, સાંજી, સંગીતસંધ્યા, દાંડિયા, ભજન, Anniversary. મનસુખભાઈ - 9326801860. (૬૯૯/એ)

**નાટ્ય ગ્રુપ**
વર્ષના 6 નાટક વ્યક્તિ દીઠ માત્ર 1000/- ભરી બુક કરો. 9619538663 / 9820419608. (બી-૧૬૯૩૬)

## ૨૭. ઔષધ ઉપચાર

■ ડાયાબિટીસ, મધુમેહમાં ઉપયોગી શ્રેષ્ઠ આયુર્વેદિક ઔષધ, "જામુનઆમલા રસાયન." ખાત્રી કરો. સંપર્ક 9223347483. (બી-૧૬૯૦૫)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**બ્રહ્મ જ્યોતિષ સંસ્થાન (રજી.)**
જ્યોતિષ, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્રના વર્ગો.
જાન્યુઆરી થી નવા સત્રનો આરંભ
ત્રીવર્ષીય સર્ટીફીકેટ કોર્સ
ગુજરાતી
અંધેરી - રવિ બપોરે ૨ થી ૬ - મહિલા પરિષદ, અંધેરી, વીવીના બીલ્ડીંગ ન -૨, સ્વામી વિવેકાનંદ રોડ, અંધેરી (પ.) મુંબઈ -૫૮
ઘાટકોપર - સાંજે ૭ થી ૯ સોમ મંગળ - એસ. એન. ડી.ટી કોલેજ, કામા લેન, ઘાટકોપર (પ.), મુંબઈ - ૮૬
મુલુંડ - સાંજે ૭ થી ૯ બુધ ગુરુ - મુલુંડ વિદ્યા મંદિર, જે. એન. રોડ, વાણી વિદ્યાલયની બાજુમાં, મુલુંડ, મુંબઈ - ૮૦
પ્રવેશ માટે સંપર્ક : ૯૮૯૨૦ ૫૩૧૫૦ : ૯૬૩૦૧ ૯૬૩૨૮
પ્રવેશ માટે અગાઉથી ફોન ઉપર રજિસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે.
(બી-૧૬૯૩૪)

## ૩૧. નાણાકીય

**ઓછા વ્યાજે**
નવા અથવા જુના ધંધાદારીઓ માટે ફન્ડીંગ કરાવીને આપીશું. 9594998118. (૭૧૦બી)

**DHUMAVATI CONSULTING**
LLP 1) Grow your Business with External Commercial Borrowings (ECB), access competitive Foreign Capital. For eligible Indian entities under RBI Guidelines 2) Get immediate funds by discounting your approved trade bills and invoices. Bill discounting (T & C Apply). Call - 8655811111. (675-A)

## ૩૨. જમીન - મિલ્કત

**જુનાગઢ જીલ્લો માંગરોળ**
બંધ મકાન પ્લોટ / જમીન જુના ભાડુઆત / કબજા / સાંસણ ગીરમાં ફાર્મ હાઉસ લેવા/ વેચવા સંપર્ક: ભૂપતભાઈ: 6354281601. (એસડીબી-૩૦૨૧)

## ૩૩. ધંધાદારી

**"પાર્ટ ટાઈમ કામ"..**
પૂર્ણ સમય આવક.. ઉત્તમ જીવન સાથે.. (Part Time Work.. Full Time Income with Best Life). 'રીટી' - 9429991857. (બી-૧૬૯૦૭)

**રીયલ ટેસ્ટ, પ્યોર ક્વોલીટી**
Dr. NARAM'S VINIDAS
ફૂલોના/નટસના/હર્બલ સીરપ - શરબત
ઠંડાઈ, પીસ્તા, મિક્સ ડ્રાયફ્રુટ, રોઝ, રોઝ-બદામ, વરિયાળી, કેશર એલચી, ચોકલેટ, ખસ, બટરસ્કોચ, મોગરા, કાફે મોચા, ગુલકંદ, જાસ્મિન
લો કેલેરી સુગર લેસ સીરપ રોઝ, ઓરેન્જ, ખસ વગેરે
મુંબઈ, થાણે, વાશી, પુના, નાશિક, ગુજરાત, હૈદરાબાદ, ચેન્નાઈ અને બેંગ્લોરનાં અગ્રગણ્ય ડ્રાયફ્રુટ, જનરલ પ્રોવિઝન સ્ટોર્સ અને સુપર-સ્ટોર્સમાં મળશે.
નરમસ્ ફૂડ પ્રોડક્ટસ (રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ)
M: 7977174474, 7506953328
www.naramsfood.com
વેપારિક પૂછ-પરછ આવકાર્ય
(એસડીબી-૩૦૨૦)

BRASS, COPPER, EPNS, MOP and Wooden Wash Basins available with 50% Discount. Please Contact 9892043912. (SDB-3024)

**EXPORT HOUSE, EPCG** Licence Issuance / Closure. 9820936980. (514/D)

**ડીમ કન્વેયન્સ**
પ્રોપર્ટીકાર્ડ ટ્રાન્સફર
સ્ટ્રકચર ઓડિટ
મેન્ટેનન્સ રીકવરી
પોઈંટ એડવાઈઝરી
9029077715
(બી-૧૬૮૩૭)

**IMPORT EXPORT CODE** / Rodtep / Drawback / New / Closure Advance Licence. 9820936980. (514/F)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**જન્માક્ષર-50**
કોમ્પ્યુટરાઈઝ - લેટર પેકેજ - જ્યોતિષભાઈઓને વોટ્સએપ સુવિધા - સમગ્ર દેશમાં- જલારામ - 9820441711/ 9820000538. (૬૯૯-સી)

**વૈદિક જ્યોતિષ સંસ્થાન (રજી.)**
જ્યોતિષ, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્ર તથા સ્વરજ્ઞાનનો વિસ્તૃત ત્રીવર્ષીય સર્ટીફીકેટ અભ્યાસક્રમનાં ગુજરાતી તથા હીન્દીમાં નિઃશુલ્ક શિક્ષણના વર્ગો મલાડ તથા બોરીવલીમાં, જાન્યુઆરી ૨૦૨૬થી પ્રારંભ. રજિસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે. સંપર્ક: આચાર્ય અશોકજી 93222 61709. (૭૧૨-એ)

# પુણે જમીન સોદાની આરોપી શીતલ તેજવાનીની લોન છેતરપિંડીના કેસમાં ધરપકડ

પુણેઃ પુણેના મુંઢવામાં જમીન સોદા કેસની આરોપી શીતલ તેજવાનીની હવે પિંપરી-ચિંચવડમાં સેવા વિકાસ કો-ઓપરેટિવ બેંકને સંડોવતા જૂના લોન ડિફોલ્ટ અને છેતરપિંડીના કેસમાં મહારાષ્ટ્ર સીઆઇડીએ ધરપકડ કરી છે.

ગયા વર્ષના અંતમાં પ્રકાશમાં આવેલા ૩૦૦ કરોડ રૂપિયાના વિવાદાસ્પદ પુણે જમીન સોદામાં શીતલ તેજવાની પાવર ઓફ એટર્ની (પીઓએ) ધારક હતી.

મુંઢવાની સરકારી જમીન અમેડિયા એન્ટરપ્રાઇઝીસ એલએલપીને વેચવાનો તેજવાની પર આરોપ છે, જેમાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનો પુત્ર પાર્થ પવાર સહ-ભાગીદાર છે.

જમીન સોદાના કેસમાં તેજવાની જુડિશિયલ કસ્ટડીમાં હતી અને તેની હવે ૭.૨૫ કરોડ રૂપિયાથી વધુના લોન ડિફોલ્ટ કેસમાં ધરપકડ કરવામાં ાવી હતી. કોર્ટે તેજવાનીને સોમવારે ૬ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઇડી)ના જણાવ્યા અનુસાર તેજવાનીએ વાહન ખરીદી અને વ્યવસાય વિસ્તરણ માટે બેંક પાસેથી અનેક લોન લીધી હતી, પણ કથિત રીતે ભંડોળને અનધિકૃત હેતુઓ માટે વાળ્યું હતું.

લક્ઝરી રેન્જ રોવર ખરીદવા માટે લીધેલી ત્રણ કરોડ રૂપિયાની લોનમાંથી તેજવાનીએ વપરાયેલી લેમ્બોર્ગિની ખરીદીધી હતી, જ્યારે વ્યવસાય વિસ્તરણ માટે લીધેલા બે કરોડ રૂપિયા સ-આરોપીને ટ્રાન્સફર કર્યા હતા. અન્ય ૨.૨૫ કરોડ રૂપિયાની લોન વાહન ખરીદી માટે લેવામાં આવી હતી, જે અન્ય આરોપીના સેવિંગ અકાઉન્ટમાં ડાયવર્ટ કરાઇ હતી. આ કેસમાં વ્યાજ સહિત કુલ બાકી રકમ ૨૦.૪૯ કરોડ રૂપિયા થઇ ગઇ છે, એમ પોલીસે જણાવ્યું હતું.

આ કેસ સેવા વિકાસ કો-ઓપરેટિવ બેંકમાં મોટા લોન કૌભાંડનો એક ભાગ છે, જેમાં ૨૩૮ કરોડ રૂપિયાની લોન નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ)માં ફેરવાઇ ગઇ છે. (પીટીઆઇ)

# અકોલામાં કૉંગ્રેસના જયેષ્ઠ નેતા પર ચાકુથી હુમલો

અકોલાઃ અકોલા જિલ્લાના અકોટ તાલુકામાં મોહાળા ગામમાં કૉંગ્રેસના જ્યેષ્ઠ નેતા હિદાયત પટેલ પર ચાકુથી હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી આરોપીઓની શોધ આદરી હોઇ હુમલા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.અકોલાના કૉંગ્રેસના જ્યેષ્ઠ નેતા હિદાયત પટેલે ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી લડી હતી. મોહાળા ગામમાં રાજકીય સંઘર્ષને લઇ મતીન પટેલ જૂથ દ્વારા હિદાયત પટેલ પર હુમલો કરાયો હોવાની પોલીસને શંકા છે.

હિદાયત પટેલ હુમલામાં ગંભીર રીતે ઘવાયા હતા અને તેમને સારવાર માટે અકોલમાંની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**લગ્ન યોગ**
તારીખ - સમય - સ્થાન વોટ્સએપ કરો 11 થી 5 - 7304586200. (૭૦૮-એ)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૭૦૪-ઈ)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપોર. - 9769691025 / 26822572. (એસડીબી-૧૬૮૨૪)

**ફોરેન**
પાર્સલ માટે એકમાત્ર જુનુ વિશ્વસનીય નામ રમેશભાઈ- 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

# પુત્રીએ પિતાને પોલીસની નોકરી પાછી અપાવી: ભારતની વર્લ્ડ ચૅમ્પિયન બોલરનો કરિશ્મા

ઇન્દોર: મૂળ મધ્ય પ્રદેશની બાવીસ વર્ષીય ભારતીય ફાસ્ટ બોલર ક્રાંતિ ગૌડે નાનપણમાં ક્રિકેટ રમવાનું શરૂ કર્યું અને સમય જતાં રાજ્યની ટીમ વતી રમીને કરીઅર શરૂ કરી ત્યારે તેના પિતા મુન્ના સિંહે કલ્પના પણ નહીં કરી હોય કે એક દિવસ પુત્રી તેમને વર્ષોથી ગુમાયેલી પ્રતિષ્ઠા પાછી અપાવશે અને સરકારી સન્માન પણ અપાવશે, પરંતુ આ હવે હકીકત છે કારણકે ક્રાંતિની ખ્યાતિ થકી જ પિતાને ૧૪ વર્ષ પહેલાં ગુમાયેલી પોલીસની નોકરી પાછી મળી ગઈ છે.




મુન્ના સિંહ ગૌડ મધ્ય પ્રદેશમાં પોલીસ કૉન્સ્ટેબલ હતા. ૨૦૧૨માં ચૂંટણી વખતની ફરજ દરમ્યાન તેમનાથી કથિત લાપરવાહી થઈ હતી જેને લીધે તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જોકે વર્લ્ડ ચૅમ્પિયન ક્રિકેટર-પુત્રી ક્રાંતિની અપ્રતિમ સફળતાને લીધે પિતા મુન્ના સિંહનો ૧૪ વર્ષનો વનવાસ દૂર થયો છે અને તેમને માન-મરતબા સાથે પોલીસની નોકરી પાછી મળી છે.

બીજી નવેમ્બરે નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતની મહિલા ટીમે (૫૦ ઓવરમાં ૭/૨૯૮) ફાઇનલમાં સાઉથ આફ્રિકા (૪૫.૩ ઓવરમાં ૧૦/૨૪૬)ને બાવન રનથી હરાવીને પહેલી વખત વર્લ્ડ કપની ટ્રોફી જીતી લીધી હતી. ક્રાંતિને ફાઇનલમાં વિકેટ નહોતી મળી, પણ તેણે ટૂર્નામેન્ટમાં કુલ નવ વિકેટ લઈને ભારતને વિશ્વ વિજેતા બનાવવામાં મોટું યોગદાન આપ્યું હતું. વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયા સામેની ફાઇનલમાં ક્રાંતિએ મુખ્ય બૅટર તેમ જ કૅપ્ટન-વિકેટકીપર અલીઝા હિલી (પાંચ રન)ની બહુમૂલ્ય વિકેટ લીધી હતી તેમ જ ઍશ્લેઇ ગાર્ડનર (૬૩ રન)ને રનઆઉટ પણ કરાવી હતી. ક્રાંતિ આક્રમક ફાસ્ટ બોલર છે. નવેમ્બરમાં ભારતીય મહિલા ટીમે ક્રાંતિના સુપર પર્ફોર્મન્સની મદદથી વર્લ્ડ કપ જીતી લીધો ત્યાર બાદ મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન ડૉ. મોહન યાદવે જાહેરમાં (ભોપાલના સમારોહમાં) વચન આપ્યું હતું કે તેઓ ક્રાંતિના પિતાને પોલીસની નોકરી પાછી અપાવવા પૂરતી મદદ કરશે. સોમવારે રાજ્યના પોલીસના વડા મથકેથી મુન્ના સિંહને નોકરીમાં પુનઃસ્થાપિત કરતો આદેશ-પત્ર બહાર પાડવામાં આવ્યો હતો. જોકે મુન્ના સિંહ ૮ જૂન, ૨૦૧૨ પછીના લગભગ ૧૪ વર્ષના સમયગાળામાં નોકરી પર ન હોવાથી તેમને એ સમયગાળાનો કોઈ પગાર નહીં મળે. મુન્ના સિંહે નોકરી ગુમાવ્યા બાદ ક્રાંતિની કરીઅર બનાવવામાં તેમ જ પરિવારનું ગુજરાન ચલાવવામાં ખૂબ સંઘર્ષ કર્યો હતો. ■

### ક્રાંતિ ગૌડને ઇનામમાં કરોડો રૂપિયા મળ્યા

ઉલ્લેખનીય છે કે વર્લ્ડ કપ જીત્યા પછી ભારતીય મહિલા ટીમને (આઇસીસી અને બીસીસીઆઇ તરફથી) ઇનામમાં કુલ મળીને લગભગ ૯૧ કરોડ રૂપિયા મળ્યા હતા જેમાંથી ક્રાંતિ ગૌડના ભાગે આશરે ૬.૦૦ કરોડ રૂપિયા આવ્યા હતા. આ ઉપરાંત, દોઢ વર્ષમાં તેને ભારત વતી પ્રત્યેક મૅચ રમવા બદલ બીસીસીઆઇ તરફથી સારી એવી રકમ પણ મળી છે. એ ઉપરાંત, વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં ક્રાંતિ યુપી વૉરિયર્ઝ ટીમ વતી રમે છે અને આ ટીમે તેને આ વખતે ૫૦ લાખ રૂપિયામાં રીટેન કરી છે. બીજી રીતે કહીએ તો યુપીની ટીમ વતી રમવા બદલ ક્રાંતિએ લગભગ એક કરોડની કમાણી પણ કરી છે. ■

## વિરાટ કોહલી વિશે સંજય માંજરેકરની આકરી ટિપ્પણી
# ટેસ્ટમાંથી જલદી વિદાય લીધી, પરંતુ કેટલીક ભૂલ પણ સુધારી નહોતી

મુંબઈ: ૨૦૨૪માં ટી-૨૦ આંતરરાષ્ટ્રીય અને પછી ૨૦૨૫માં ટેસ્ટ-ક્રિકેટમાંથી પણ નિવૃત્તિ લઈ લેનાર વિરાટ કોહલી હવે માત્ર વન-ડે ફૉર્મેટમાં બહુ સારા ફૉર્મમાં રમી રહ્યો છે, પરંતુ ભૂતપૂર્વ ભારતીય બૅટ્સમૅન અને કૉમેન્ટેટર સંજય માંજરેકરે કોહલી વિશે કેટલીક ટિપ્પણી કરી છે જેમાં તેણે એક તરફ કહ્યું છે કે કોહલીએ ટેસ્ટમાંથી વહેલી વિદાય લઈ લીધી અને બીજી બાજુ તેણે તેની કેટલીક ભૂલ પણ બતાવી છે.




માંજરેકરે ઇન્સ્ટાગ્રામ પર શૅર કરેલા વીડિયોમાં જણાવ્યું છે કે ‘ કોહલીએ ટેસ્ટ ક્રિકેટને બહુ જલદી અલવિદા કરી દીધી. તેણે થોડો વધુ સંઘર્ષ કરવો જોઈતો હતો. જેમાં ઇંગ્લૅન્ડનો જૉ રૂટ નવા રેકૉર્ડ બનાવી રહ્યો છે એ જ તબક્કામાં કોહલીએ ટેસ્ટને ગુડબાય કરી એ મને બહુ ખૂંચે છે. આ એ તબક્કો છે જેમાં કોહલીના સમકાલીન ખેલાડીઓ રૂટ ઉપરાંત સ્ટીવ સ્મિથ અને કેન વિલિયમસન ટેસ્ટ કરીઅરને વધુ મજબૂત બનાવી રહ્યા છે.’

માંજરેકરના મંતવ્ય મુજબ કોહલીએ સંન્યાસ અગાઉનાં પાંચ વર્ષમાં સતત ખરાબ પ્રદર્શન કર્યું હતું, પરંતુ તેણે બૅટિંગ-ટેક્નિક અને માનસિક રીતે કહેવાય એવી ખામીઓ પૂર્ણપણે સુધારવાની કોશિશ નહોતી કરી. માંજરેકરે એવું પણ કહ્યું છે કે ‘ કોહલી ધારત તો ટેક્નિક અને મનોબળ વધારવા પર કામ કરી શક્યો હોત અને થોડો સમય ટીમની બહાર બેસવાનું પણ પસંદ કરી શક્યો હોત. મને વધુ નિરાશા એ છે કે તેણે ટેસ્ટ-ક્રિકેટ છોડીને વન-ડે રમવાનું ચાલુ રાખ્યું છે.’

માંજરેકર એવું પણ જણાવે છે કે ‘ ટૉપ-ઑર્ડર બૅટ્સમૅન માટે વન-ડે સૌથી આસાન ફૉર્મેટ છે, અસલી પરીક્ષા ટેસ્ટ-ક્રિકેટ લેતી હોય છે જેમાં ધૈર્ય, ટેક્નિક અને મનોબળ હોવું જોઈએ. ટી-૨૦ના પોતાના અલગ જ પડકારો છે, પણ ટેસ્ટ સૌથી કઠિન છે. કોહલીએ ત્રણેય ફૉર્મેટમાંથી નિવૃત્તિ લીધી હોત તો સમજી શકાત, પરંતુ ટેસ્ટ છોડીને વન-ડે રમવાનું ચાલુ રાખ્યું એ મને ઠીક નથી લાગ્યું. કોહલીની ફિટનેસ બહુ જ સારી છે એટલે તે થોડા વધુ વર્ષ ટેસ્ટમાં ફૉર્મ પાછું મેળવવા માટેની લડાઈ લડી શક્યો હોત.’

૨૦૨૦થી ૨૦૨૫ સુધીમાં કોહલીનું ટેસ્ટમાં પ્રદર્શન સારું નહોતું. આ સમયગાળામાં તેણે ૩૯ ટેસ્ટમાં ૩૦.૭૨ની સરેરાશે ૨,૦૨૮ રન કર્યા હતા જેમાં ત્રણ સેન્ચુરી અને નવ હાફ સેન્ચુરી સામેલ હતી. છેલ્લા થોડા વખતથી સ્ટમ્પની બહારના બૉલમાં રમવામાં તેની નબળાઈ છતી થઈ ગઈ હતી જેનો હરીફ ટીમના બોલર્સ ફાયદો લેતા હતા. ઑસ્ટ્રેલિયામાં છેલ્લે રમેલી સિરીઝમાં તે નવ ઇનિંગ્સમાં ફક્ત ૧૯૦ રન કરી શક્યો હતો. સ્કૉટ બૉલેન્ડે તેને પાંચ વખત આઉટ કર્યો હતો. તેણે એકંદરે ૧૨૩ ટેસ્ટમાં કુલ ૩૦ સદીની મદદથી ૯,૨૩૦ રન કર્યા હતા.

માંજરેકરનું સ્પષ્ટપણે માનવું છે કે કોહલી જેવા મહાન ખેલાડી પાસેથી ટેસ્ટમાં વધુ સંઘર્ષની તેમને આશા હતી. ટેસ્ટમાંથી તેની વહેલી નિવૃત્તિ આ ફૉર્મેટ માટે નુકસાન છે. ■

# વિરાટ વગર પણ જીતીને દિલ્હી પહોંચી ગયું ક્વૉર્ટર ફાઇનલમાં
## ગિલ ફ્લૉપ છતાં પંજાબ વિજેતા, શ્રેયસે મુંબઈને ક્વૉર્ટરમાં પહોંચાડ્યું: બરોડા, સૌરાષ્ટ્ર, ગુજરાતના વિજય

અલુર (કર્ણાટક): વિરાટ કોહલી મંગળવારે અહીં વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં રમ્યો નહોતો એમ છતાં તેના વિનાની દિલ્હીની ટીમે રેલવે સામે વર્ચસ્વ સાથે છ વિકેટે વિજય મેળવીને ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવી લીધો હતો.

રેલવેની ટીમ ૧૭૯ રનમાં આઉટ થયા બાદ દિલ્હીએ પ્રિયાંશ આર્યના ૮૦ રન, નીતીશ રાણાના અણનમ ૩૮ તથા કૅપ્ટન રિષભ પંતના ૨૪ રનની મદદથી ૨૧.૪ ઓવરમાં ચાર વિકેટે ૧૮૨ રન બનાવીને વિજય મેળવી હાંસલ કર્યો હતો.

શુભમન ગિલ ઈજાઓ બાદ ફરી રમવા આવ્યો છે, પણ સોમવારે ગોવા સામેની મૅચમાં પંજાબ વતી ઓપનિંગમાં તે ફક્ત ૧૧ રનમાં વિકેટ ગુમાવી બેઠો હતો.

જોકે ગોવાના ૨૧૧ રનના જવાબમાં પંજાબે હરનૂર સિંહના અણનમ ૯૪ અને નમન ધીરના ૬૮ રનની મદદથી ચાર વિકેટે ૨૧૨ રન કરીને વિજય મેળવી ક્વૉર્ટરમાં એન્ટ્રી કરી હતી.

જયપુરમાં મુંબઈએ કમબૅકમૅન શ્રેયસ ઐયર (૮૨ રન, ૫૩ બૉલ, ત્રણ સિક્સર, દસ ફોર) અને મુશીર ખાન (૭૩ રન, ૫૧ બૉલ, ત્રણ સિક્સર, આઠ ફોર)ની મદદથી નવ વિકેટે ૨૯૯ રન કર્યા ત્યાર પછી હિમાચલ પ્રદેશની ટીમ ૨૯૨ રનના સ્કોર પર આઉટ થઈ જતાં મુંબઈનો સાત રનથી રોમાંચક વિજય થયો હતો.

અન્ય મૅચોમાં બરોડા (૩૩૨ રન)નો જમ્મુ-કાશ્મીર (૨૫૬ રન) સામે ૭૬ રનથી, ગુજરાત (૬/૩૩૩)નો ઓડિશા (૧૦/૧૦૦) સામે ૨૩૩ રનથી અને સૌરાષ્ટ્ર (૫/૩૪૯)નો સર્વિસીઝ (૧૦/૨૩૮) સામે ૧૧૧ રનથી વિજય થયો હતો. ■

# સાઉથ આફ્રિકાએ ટ્રિસ્ટેન સ્ટબ્સને પડતો મૂકીને જેને પસંદ કર્યો એ જેસન સ્મિથ કોણ છે?

ડરબન: સાઉથ આફ્રિકાએ ગયા વર્ષે પહેલી વાર ક્રિકેટમાં પહેલી વખત વિશ્વ વિજેતા બનીને (ટેસ્ટનો વર્લ્ડ કપ જીતીને) ચૉકર્સ તરીકેની વર્ષો જૂની છાપ દૂર કરી હતી, પરંતુ વર્લ્ડ કપ માટે ટીમ સિલેક્ટ કરવામાં એકાદ આશ્ચર્ય ફેલાવવા માટે એના સિલેક્ટરો જાણીતા છે જ. ફેબ્રુઆરીમાં ભારત અને શ્રીલંકામાં રમાનારા ટી-૨૦ના મેન્સ વર્લ્ડ કપ માટેની ટીમમાં જાણીતા બૅટ્સમૅન ટ્રિસ્ટેન સ્ટબ્સને પસંદગીકારોએ સ્થાન નથી આપ્યું અને તેના સ્થાને જેસન સ્મિથને સ્ક્વૉડમાં સમાવ્યો છે.

આ મહિનાના અંત સુધીમાં અન્ય દેશોની જેમ સાઉથ આફ્રિકા પણ ટીમમાં ફેરફાર કરી શકશે અને બની શકે કે સ્ટબ્સને ૧૫ ખેલાડીની ટીમમાં સમાવી લેશે, પણ એ વાત બાજુ પર રાખીએ તો હમણાં આપણે જેસન સ્મિથ વિશે થોડું રસપ્રદ જાણી લઈએ.

ઉલ્લેખનીય છે કે પચીસ વર્ષના ટ્રિસ્ટેન સ્ટબ્સે સાડાત્રણ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં કુલ ૭૧ મૅચમાં ત્રણ સેન્ચુરી અને આઠ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૧,૯૦૦થી પણ વધુ રન કર્યા છે જેમાં બાવન છગ્ગા અને ૧૫૧ ચોગ્ગાનો સમાવેશ છે. તેણે સાઉથ આફ્રિકાને ઘણી મૅચો જિતાડી છે, પરંતુ નવેમ્બરમાં ભારત સામેની ટેસ્ટ સિરીઝ પછી તેણે ફૉર્મ ગુમાવી દીધું છે. ૨૦૨૫માં તે સાત ટી-૨૦માંથી એકેયમાં ૪૦થી વધુ રન નહોતો કરી શક્યો. આઇપીએલમાં તે મુંબઈ ઇન્ડિયન્સ અને દિલ્હી કૅપિટલ્સ વતી રમ્યો છે.

જોકે ભારતમાં અને આઇપીએલમાં રમવાના અનુભવ છતાં સ્ટબ્સને ડ્રૉપ કરવામાં આવ્યો છે. જેસન સ્મિથ માત્ર પાંચ આંતરરાષ્ટ્રીય મૅચ રમ્યો છે અને તેને વર્લ્ડ કપની ટીમમાં આવવા મળ્યું છે. તે પોતાના દેશમાં બહુ જાણીતો નથી, પણ હેડ-કોચ શુક્રી કૉન્રૅડને તેને ટીમમાં લેવડાવ્યો છે. ૩૧ વર્ષનો રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન સ્મિથ સીમ બોલિંગ પણ કરી જાણે છે. તે ૩-૭ ક્રમ દરમ્યાન કોઈ પણ નંબર પર સારી બૅટિંગ કરી શકે છે. તેણે ૧૧ વર્ષમાં ટી-૨૦ ફૉર્મેટની ૯૭ મૅચમાં ૧૨૭.૯૨ના સ્ટ્રાઇક-રેટથી રન કર્યા છે જે સાધારણ કહેવાય. જોકે આ ૯૭ મૅચમાં તે ૬૪ છગ્ગા અને ૧૧૭ ચોગ્ગા ફટકારી ચૂક્યો છે. ■

# હાર્દિકને મળતાં જ અમિતાભ ભેટી પડ્યા, ઑલરાઉન્ડરે ગર્લફ્રેન્ડ માહિકાની પણ મુલાકાત કરાવી

મુંબઈ: તાજેતરમાં મોટી હસ્તીઓની હાજરીવાળા એક મોટા સમારોહમાં ભારતીય ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ ગર્લફ્રેન્ડ માહિકા શર્માની મુલાકાત બૉલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન સાથે કરાવી હતી અને એ મુલાકાત દરમ્યાન હાર્દિકને બિગ બી ભેટ્યા હતા તેમ જ માહિકાને શુભેચ્છા આપી હતી.




રવિવારે રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા આયોજિત ‘યુનાઇટેડ ઇન ટ્રાયમ્ફ’ બૅનર હેઠળના સમારંભમાં હાર્દિક અને માહિકા કાળા રંગની આઉટફિટમાં આવ્યાં હતાં. હાર્દિક-માહિકાની જોડીએ લાલ જાજમ પરથી એન્ટ્રી મારી ત્યારે સૌની નજર આ સેલિબ્રિટી કપલ પર જ હતી.

હાર્દિક બ્લૅક સૂટમાં સજ્જ હતો અને માહિકા પણ કાળા રંગના ડ્રેસમાં ખૂબ સુંદર દેખાતી હતી. બન્નેએ સાથે પોઝ આપ્યો હતો અને પછી વૅન્યૂમાં એન્ટ્રી કરી હતી. અંદર આવ્યા બાદ હાર્દિકે માહિકાની મુલાકાત હિન્દી સિનેમાના શહેનશાહ સાથે કરાવી હતી. મુલાકાત શરૂ થતાં જ હાર્દિકને અમિતાભ ભેટ્યા હતા. બિગ બી ત્યાર બાદ માહિકાને મળ્યા હતા અને તેને કંઈક કહ્યું હતું. માહિકા આ મુલાકાત દરમ્યાન ભાવવિભોર થઈ ગઈ હતી. અમિતાભ તેની સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યારે હાર્દિક હસતાં હસતાં એકીટસે અમિતાભને જોતો રહ્યો હતો.

આ ઇવેન્ટ ભારતીય ક્રિકેટરોની તાજેતરની સફળતાઓની ઉજવણી માટેની હતી જેમાં પુરુષ ક્રિકેટરોની ચૅમ્પિયન્સ ટ્રોફી તથા એશિયા કપની સફળતા તેમ જ મહિલાઓની વર્લ્ડ કપમાં ઐતિહાસિક સિદ્ધિને બિરદાવવામાં આવી હતી. ભારતની મહિલા ક્રિકેટરો બ્લાઇન્ડ વર્લ્ડ કપ જીતી એ બદલ તેમની પણ પ્રશંસા કરવામાં આવી હતી. આ ખેલાડીઓ ઉપરાંત અનેક ઍથ્લીટો, સેલેબ્સ તેમ જ અન્ય ક્ષેત્રોની હસ્તીઓની પણ સમારોહમાં હાજરી હતી.

ફૅન્સ હાર્દિકની પરિપક્વતા અને પ્રભાવની પ્રશંસા કરી રહ્યા છે. ચાહકોનું કહેવું છે કે હાર્દિક અને માહિકાની જોડી હિટ છે.

૨૦૨૦માં હાર્દિકે સર્બિયાની અભિનેત્રી નતાશા સ્ટૅન્કોવિચ સાથે લગ્ન કર્યાં હતાં. ૨૦૨૪માં તેમણે ડિવૉર્સ લઈ લીધા હતા. નતાશાને હાર્દિકથી એક પુત્ર થયો છે જેનું નામ અગસ્ત્ય છે. ■

# ચૂંટણી પંચે શમીને મોકલી નોટિસ! જાણો કારણ

કોલકાતા: ભારતના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી ઘણા સમયથી ટીમની બહાર છે. ચર્ચા થઇ રહી છે કે બીસીસીઆઇ તેની ઉપેક્ષા કરી રહ્યું છે, હાલમાં તે વિજય હઝારે ટ્રોફીમાં બેન્ગાલની ટીમ તરફથી રમી રહ્યો છે. તે ડોમેસ્ટિક ક્રિકેટમાં સારું રમી રહ્યો હોવા છતાં ભારતીય ટીમમાં ફરી સ્થાન નથી મેળવી શકતો. એવામાં ચૂંટણી પંચે શમી અને તેના ભાઈને સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસ. આઇ. આર.) પ્રક્રિયા હેઠળ ચાલી રહેલી સુનાવણી માટે હાજર રહેવા માટે નોટિસ પાઠવી છે. અહેવાલ મુજબ દક્ષિણ કોલકાતાના જાદવપુર વિસ્તારમાં આવેલી કાર્તજુ નગર સ્કૂલ તરફથી સોમવારે મોહમ્મદ શમી અને તેના ભાઈ મોહમ્મદ કૈફને સત્તાવાર રીતે નોટિસ પાઠવવામાં આવી હતી.

શમી કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર ૯૩માં મતદાર છે, જે રાશબિહારી વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે. શમીએ ગણતરી ફોર્મ યોગ્ય રીતે ભર્યું ન હતું. શમીને ૯ થી ૧૧ જાન્યુઆરી વચ્ચે સુનાવણી માટે હાજર રહેવા કહેવામાં આવ્યું છે. ■

# ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા ઇન્ટર સ્કૂલ ક્રિકેટ ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન

મુંબઈ: ૧૫ વર્ષથી ઘાટકોપર જૉલી જિમખાના ઇન્ટર-સ્કૂલ ક્રિકેટ ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન કરતું આવ્યું છે અને આ વર્ષે ૦૫-૦૧-૨૦૨૬થી ૧૪-૦૧-૨૦૨૬ દરમ્યાન આઠ સ્કૂલ વચ્ચે નૉકઆઉટ ધોરણે ૩૫ ઓવર્સની લેધર બૉલ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજવામાં આવી છે.



ઇન્ટર-સ્કૂલ ક્રિકેટ ટૂર્નામેન્ટના આરંભ વખતે જોઇન્ટ સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર ધર્મેશ મહેતા, ક્રિકેટ-ઇન્ચાર્જ નિશિથ ગોલવાળા, મૅનેજિંગ કમિટીના સભ્યો નલિન મહેતા, કૅપ્ટન સ્વામિનાથન, નીતિન ઠક્કર, ક્રિકેટ કન્વીનર મથુરાદાસ ભાનુશાળી, બન્ટી દોશી તેમ જ ક્રિકેટ સબ-કમિટીના સભ્યો.

ચૅરમૅન રજનીકાંત શાહ, મેનેજિંગ ટ્રસ્ટી મનોજ અજમેરા, સેક્રેટરી મુકેશ બદાણી તથા પરેશ શાહના સુંદર માર્ગદર્શન તેમ જ ટ્રસ્ટીઓ, કારોબારીના સભ્યોના સહકારથી તથા ક્રિકેટ-ઇન્ચાર્જ નિશિથ ગોલવાળા અને ક્રિકેટ સબ-કમિટીના સભ્યોની અથાક મહેનતથી ઘાટકોપર જૉલી જિમખાના સ્કૂલ-સ્તરથી જ યુવાન ખેલાડીઓને આગળ લાવવાની કોશિશ કરે છે.

સહભાગી સ્કૂલો: અમૂલખ અમીચંદ હાઈસ્કૂલ, બી. કે. સ્વાધ્યાય ભવન, ચેમ્બુર કર્ણાટક હાઈસ્કૂલ, એમ. ડી. ભાટિયા હાઈસ્કૂલ, સેન્ટ ગ્રેગૉરિયસ હાઈસ્કૂલ, સેન્ટ સેબૅસ્ટિયન હાઈસ્કૂલ, સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ અને પવાર પબ્લિક સ્કૂલ.

પાંચમી જાન્યુઆરીના પ્રારંભિક દિવસે સવારે ૯.૩૦ વાગ્યે આ પ્રસંગે જોઇન્ટ સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર ધર્મેશ મેહતા અને કારોબારી સભ્યો તથા ક્રિકેટ-ઇન્ચાર્જ નિશિથ ગોલવાળા તથા ક્રિકેટ સબ-કમિટીના સભ્યો તેમ જ અન્ય હોદ્દેદારો પણ ઉપસ્થિત હતા.

પ્રથમ મૅચ અમૂલખ અમીચંદ હાઈસ્કૂલની વિરુદ્ધ સેન્ટ સેબૅસ્ટિયન હાઈસ્કૂલ વચ્ચે રમાઈ હતી જેમાં સેન્ટ સેબૅસ્ટિયન હાઈસ્કૂલનો ૭૧ રનથી વિજય થયો હતો. સેન્ટ સેબૅસ્ટિયને પ્રથમ બૅટિંગ કરતા ૨૦૨ રન બનાવ્યા જેમાં રિઝવાન ખાનનો ૪૩ રનનો ફાળો હતો, જ્યારે અમૂલખ અમીચંદ વતી વિહાન મામણિયાએ ૫૪ રનમાં ચાર વિકેટ લીધી હતી. જવાબમાં અમૂલખ અમીચંદ સ્કૂલની ટીમ ફક્ત ૧૩૧ બનાવી શકી હતી. સેન્ટ સેબૅસ્ટિયન વતી આર્યન ચાવલેએ ૨૭ રનમાં ચાર વિકેટ લીધી હતી. ટૂર્નામેન્ટની ફાઇનલ ૧૪મી જાન્યુઆરીએ રમાશે. ■

# રાઇટી બૅટ્સમૅન ગ્લેન ફિલિપ્સ અચાનક કેમ લેફ્ટ-હૅન્ડ બૅટિંગ કરવા લાગ્યો?
## રવિવારે વડોદરામાં ભારતીય સ્પિનર્સ સાવચેત થઈ જશે

નવી દિલ્હી: ન્યૂ ઝીલૅન્ડનો ૨૯ વર્ષની ઉંમરનો રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન ગ્લેન ફિલિપ્સ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેમ જ આઇપીએલમાં (ગુજરાત, હૈદરાબાદ, રાજસ્થાન વતી) આક્રમક બૅટિંગની ઝલક ઘણી વાર આપી ચૂક્યો છે, પણ હવે તે લેફ્ટ-હૅન્ડ બૅટિંગની સઘન તાલીમ પણ લઈ રહ્યો છે જેમાં (ખાસ કરીને રવિવારે વડોદરામાં શરૂ થઈ રહેલી વન-ડે સિરીઝ તથા એ પછીની ટી-૨૦ શ્રેણીમાં તેમ જ ફેબ્રુઆરીના ટી-૨૦ વર્લ્ડ કપમાં) તેની નવી બૅટિંગ-કલાની ઝાંખી થશે. એટલું જ નહીં, તેણે તાજેતરમાં પોતાના દેશની ટી-૨૦ લીગની એક મૅચ દરમ્યાન એક તબક્કે લેફ્ટ-હૅન્ડ બૅટિંગ કરી હતી.




ક્રિકેટના નિયમ મુજબ ઓવર દરમ્યાન પોતે જો સ્ટાન્સ બદલવાનો હોય તો બૅટ્સમૅને અમ્પાયરને અગાઉથી જાણ કરવી પડતી હોય છે. ગ્લેન ફિલિપ્સ બીબાઢાળ અભિગમથી મોટા ભાગે દૂર રહેવાનું પસંદ કરતો હોય છે અને એ રીતે તે આઉટ-ઑફ-બૉક્સ વલણ અપનાવવામાં માને છે. તે ખાસ કરીને લેફ્ટ-આર્મ સ્પિનનો સારી રીતે સામનો કરવાના હેતુથી લેફ્ટ-હૅન્ડ બૅટિંગ શીખી રહ્યો છે.

**નવા સ્ટાન્સમાં ફટકારી સિક્સર**

ન્યૂ ઝીલૅન્ડમાં સુપર સ્મૅશ ટૂર્નામેન્ટ ચાલી રહી છે જેમાં ઑટેગો વતી એક મૅચમાં ફિલિપ્સે સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ્સ સામે ૪૮ બૉલમાં અણનમ ૯૦ રન ખડકી દીધા હતા જેમાં ચાર સિક્સર અને સાત ફોર સામેલ હતી. નવાઈની વાત એ છે કે તેણે પોતાના જ દેશના લેફ્ટ-આર્મ સ્પિનર જેડન લેનૉક્સની ઓવરમાં લેફ્ટ-હૅન્ડ બૅટિંગ કરી હતી. ફિલિપ્સે એ ઓવરના એક બૉલને એક્સ્ટ્રા કવર પરથી સીધો બાઉન્ડરી લાઇનની બહાર મોકલી દીધો હતો. જો તેણે એ બૉલનો રાબેતા મુજબ રાઇટ-હૅન્ડ બૅટિંગથી સામનો કર્યો હોત તો બૉલ મિડવિકેટ પરથી બાઉન્ડરી લાઇનની પાર ગયો હોત. જોકે ફિલિપ્સને એમાં લેફ્ટ-હૅન્ડ બૅટિંગથી જે સિક્સર મળી એ તેના માટે, તેની ટીમ માટે તેમ જ તેના ચાહકો માટે યાદગાર કહી શકાય.

**ફિલિપ્સે એક કરતાં વધુ કારણ આપ્યા**

ફિલિપ્સને એક મુલાકાતમાં એવું કહેતો ટાંકવામાં આવ્યો હતો કે ‘લેફ્ટ-હૅન્ડ બૅટિંગ કરવી મને ખૂબ ગમી. આ રીતે સ્ટાન્સ બદલવા પાછળ એક કરતાં વધુ કારણો છે. લેફ્ટ-હૅન્ડ સ્પિનરના બૉલને હું સારી રીતે ટ્રીટમેન્ટ આપી શકું છું. એ ઉપરાંત, હું મારા બન્ને હાથને અને બન્ને મગજને કાર્યરત રાખી શકું છું. હું બે વર્ષથી આ પ્રૅક્ટિસ કરું છું. ખાસ કરીને જે મૅચમાં મારે વધુ પડતાં લેફ્ટ-આર્મ સ્પિનનો સામનો કરવાનો હોય એમાં ક્યારેક સ્ટાન્સ બદલું છું.’

**લેફ્ટ-હૅન્ડ બૅટિંગમાં કઈ ખાસ કાળજી**

ભારતના વન-ડે અને ટી-૨૦ સિરીઝના પ્રવાસે આવેલા ગ્લેન ફિલિપ્સે એવું પણ કહ્યું, ‘મને જે પ્રકારની તાલીમ મળી રહી છે એના પર હું વિશ્વાસ રાખું છું. હું લેફ્ટ-આર્મ સ્પિનરના બૉલને ખૂબ ઝડપથી બારીકાઈથી પારખી લઉં છું અને મેં જે પ્રકારની તાલીમ મેળવી છે એને આધારે શૉટ મારું છું. સામાન્ય રીતે હું વિચારું છું કે સ્ટાન્સ બદલવાથી મારી વિકેટ પડી જશે તો પણ મારી ટીમને કોઈ નુકસાન નહીં થાય એવી મૅચમાં જ હું (લેફ્ટ-આર્મ સ્પિન સામે) રાઇટીમાંથી લેફ્ટી બની જાઉં છું.’ ■

# ટેરિફથી ૬૦૦ અબજ ડોલરની આવક થવાનો ટ્રમ્પનો દાવો

## જોકે નિષ્ણાતો માને છે કે આ આંકડો ૨૦૦-૨૨૦ અબજ ડોલરથી વધુ નહીં હોય

વોશિંગ્ટનઃ વર્ષ ૨૦૨૫માં અમેરિકાએ વિશ્વના દેશો પર જુદા જુદા દરનો ટેરિફ લાદવાનો નિર્ણય કર્યો હતો. જેના પરિણામે વિશ્વના દેશો આજે અમેરિકાને ટેરિફની ભરપાઇ કરી રહ્યા છે. જેની અસર અમેરિકાના અર્થતંત્ર પર પડી રહી છે. ટેરિફથી અમેરિકાને મોટી આવક થઈ હોવાનો ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે. ટ્રુથ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર ટ્રમ્પે દાવો કર્યો છે કે, અમે ટેરિફના રૂપમાં ૬૦૦ અબજ ડોલરથી વધુની રકમ મેળવી છે અને બહુ જલદી તેનાથી વધારે મેળવીશું. પરંતુ ફેક ન્યૂઝ મીડિયા આના વિશે વાત નથી કરતું કારણ કે તે અમારા દેશથી નફરત કરે છે અને અનાદર કરે છે. અમેરિકી સુપ્રીમ કોર્ટનો આગામી ટેરિફ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવા માગે છે, જે અત્યાર સુધીના સૌથી મહત્ત્વપૂર્ણ નિર્ણયો પૈકીનો એક છે. ટેરિફના કારણે, અમારો દેશ નાણાકીય રીતે અને રાષ્ટ્રીય સુરક્ષાના દૃષ્ટિકોણથી પહેલાં કરતાં વધારે મજબૂત અને સમ્માનિત બન્યો છે. ભગવાન અમેરિકા પર કૃપા વરસાવે.


વિવિધ આર્થિક અહેવાલો મુજબ અમેરિકાની ટેરિફ આવક ૨૦૦-૨૨૦ અબજ ડોલર રહેવાની શક્યતા છે, જ્યારે ટ્રમ્પ આ આંકડો ૬૦૦ અબજ ડોલર ગણાવી રહ્યા છે. પ્રમુખ દ્વારા સત્તાના દુરુપયોગના આરોપો હેઠળ અમેરિકી સુપ્રીમ કોર્ટ આ ટેરિફ સિસ્ટમની તપાસ કરી રહી છે. નવેમ્બર ૨૦૨૫માં સુનાવણી બાદ કોર્ટે પોતાનો આખરી નિર્ણય ૨૦૨૬ સુધી મુલતવી રાખ્યો છે. જ્યારે ટ્રમ્પે આક્ષેપ કર્યો છે કે, મીડિયા અને વિરોધીઓ સુપ્રીમ કોર્ટના નિર્ણયને પ્રભાવિત કરવા માટે ખોટા આંકડા રજૂ કરી રહ્યા છે. ■

# ઈરાનમાં ભભૂકી રહ્યો છે વિરોધઃ ૩૫ જણનાં મોત

દુબઈઃ અમેરિકા સ્થિત હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ્સ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે ઈરાનમાં વિરોધ પ્રદર્શનોને લગતી હિંસામાં મૃત્યુઆંક ઓછામાં ઓછો ૩૫ લોકો સુધી પહોંચી ગયો છે અને ૧૨૦૦ લોકોની અટકાયત કરવામાં આવી છે.

કાર્યકર્તાઓએ મંગળવારે જણાવ્યું હતુ કે દેશના ધર્મશાસને એક પશ્ચિમી પ્રાંતમાં અશાંતિનો સ્વીકાર કર્યો છે જ્યાં સુરક્ષા દળોએ એક હોસ્પિટલ પર દરોડા પાડ્યા હોવાના અહેવાલ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ૨૯ વિરોધી, ચાર બાળક અને ઈરાનના સુરક્ષા દળોના બે સભ્ય માર્યા ગયા છે. ઈરાનના ૩૧ પ્રાંતમાંથી ૨૭માં ૨૫૦થી વધુ સ્થળોએ પ્રદર્શનો પહોંચ્યા છે,

ઈરાનના અર્ધસૈનિક રિવોલ્યુશનરી ગાર્ડની નજીક માનવામાં આવતી અર્ધસત્તાવાર ફાર્સ ન્યૂઝ એજન્સીએ સોમવારે મોડી રાત્રે અહેવાલ આપ્યો હતો કે પ્રદર્શનોમાં લગભગ ૨૫૦ પોલીસ અધિકારી અને ગાર્ડના સ્વયંસેવક બાસીજ ફોર્સના ૪૫ સભ્ય ઘાયલ થયા છે. જોકે, ઈરાનની સરકારે અશાંતિ અંગે કોઈ એકંદર આંકડા કે માહિતી આપી નથી. વાયરલ થયેલા વીડિયો ફૂટેજ મામલે સોમવારે મોડી રાત્રે, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને દેશના ગૃહ મંત્રાલયને ઇલામ પ્રાંતમાં શું થઈ રહ્યું હતું તેની સંપૂર્ણ તપાસ માટે એક ખાસ ટીમ બનાવવાનું કામ સોંપ્યું હતું. ■




**આ છે જેન-નેક્સ્ટ પૉસ્ટઑફિસઃ** સુરતસ્થિત સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલોજી (એસવીએનઆઈટી) કૅમ્પસ હવે શહેરની સૌપ્રથમ નેક્સ્ટ જનરેશન પૉસ્ટઑફિસ ધરાવે છે. નવા સુધારા સાથેની આ પૉસ્ટઑફિસ વિદ્યાર્થીઓ માટે અત્યાધુનિક સેવાઓ પૂરી પાડે છે. (એજન્સી)

# રખડતા શ્વાનો માટે જેટલી અરજી આવી તેટલી તો માણસો માટેય નથી આવતીઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મંગળવારે રખડતા કૂતરા મામલે દાખલ થયેલી વચગાળાની અરજીઓની સંખ્યાની નોંધ લીધી અને જણાવ્યું હતું કે સામાન્ય રીતે માણસોને લગતા કેસોમાં પણ આટલી મોટી સંખ્યામાં અરજીઓ મળતી નથી. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે બે વકીલોએ રખડતા કૂતરાઓનો મુદ્દો ઉઠાવ્યો ત્યારે આ ટિપ્પણી કરી હતી. એક વકીલે તેમને જાણ કરી કે તેમણે આ મામલે વચગાળાની અરજી દાખલ કરી છે. ત્યારે જસ્ટિસ મહેતાએ ટિપ્પણી કરી હતી કે, માણસોને લગતા કેસોમાં પણ સામાન્ય રીતે આટલી મોટી સંખ્યામાં અરજીઓ મળતી નથી. બેન્ચે કહ્યું હતું કે રખડતા કૂતરાના કેસની સુનાવણી બુધવારે સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવશે. જ્યારે અન્ય એક વકીલે આ મામલે ટ્રાન્સફર પિટિશનનો ઉલ્લેખ કર્યો ત્યારે સુપ્રીમ કોર્ટે કહ્યું કે બુધવારે ઘણી અરજીઓ પર સુનાવણી કરવામાં આવશે અને બેન્ચ તમામ વકીલોને સાંભળશે.

જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ સંદીપ મહેતા અને જસ્ટિસ એન.વી. અંજરીની બનેલી ત્રણ ન્યાયાધીશોની ખાસ બેન્ચ બુધવારે આ કેસની સુનાવણી કરશે. શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો અને રેલવે સ્ટેશનો જેવા સંસ્થાકીય વિસ્તારોમાં કૂતરા કરડવાના બનાવોમાં ચિંતાજનક વધારાને જોતાં સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે સાતમી નવેમ્બરના રોજ નિર્દેશ આપ્યો હતો કે રખડતા કૂતરાઓની યોગ્ય નસબંધી અને રસીકરણ પછી તાત્કાલિક નિયુક્ત આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવે.

કોર્ટે એમ પણ જણાવ્યું હતું કે આ રીતે પકડાયેલા રખડતા કૂતરાઓને તે સ્થાન પર પાછા છોડવામાં આવશે નહીં જ્યાંથી તેમને પકડવામાં આવ્યા હતા. કોર્ટે અધિકારીઓને નેશનલ હાઈવે , રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે પરથી બધા ઢોર અને અન્ય રખડતા પ્રાણીઓને દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે રમતગમત સંકુલ સહિત સંસ્થાકીય વિસ્તારોમાં કૂતરા કરડવાની ઘટનાઓનું પુનરાવર્તન માત્ર વહીવટી ઉદાસીનતા જ પ્રતિબિંબિત કરતું નથી પરંતુ આ જગ્યાઓને અટકાવી શકાય તેવા જોખમોથી બચાવવામાં વ્યવસ્થિત નિષ્ફળતા પણ છતી કરે છે. ■

# તમિળનાડુમાં થિરુપરનકુંદ્રમ ટેકરી પર દીપ પ્રાગટ્ય સંબંધી ચુકાદો હાઈ કોર્ટે બહાલ રાખ્યો

મદુરાઈ (તમિળનાડુ) : મદ્રાસ હાઈ કોર્ટની મદુરાઈ બેન્ચે મંગળવારે અહીં થિરુપરનકુન્દ્રમ ટેકરી પર દીવો પ્રગટાવવાની મંજૂરી આપતા સિંગલ જજના આદેશને યથાવત રાખ્યો હતો અને ડીએમકે સરકારની ટીકા કરી હતી. દીપથૂનમાં દીપ પ્રગટાવવા અંગેના સિંગલ જજના નિર્ણયને મદ્રાસ હાઈકોર્ટે માન્ય રાખ્યો છે. કાર્તિગઈ દીપમ વિવાદ અંગે મંગળવારે મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયને એક મોટો નિર્ણય માનવામાં આવી રહ્યો છે. દીવો પ્રગટાવવાથી જાહેર શાંતિમાં ખલેલ પહોંચશે તેવા દાવાને હાસ્યાસ્પદ ગણાવ્યો હતો.

જસ્ટિસ જી. જયચંદ્રન અને જસ્ટિસ કે.કે.રામકૃષ્ણનની ડિવિઝન બેન્ચે ચુકાદો આપતા સ્પષ્ટ કહ્યું હતું કે જે સ્થળે પથ્થરનો સ્તંભ (દીપથૂન) સ્થિત છે તે શ્રી સુબ્રમણ્યમ સ્વામી મંદિરનું છે. કોર્ટે કહ્યું હતું કે શૈવના આગમ શાસ્ત્રમાં એવી જગ્યાએ દીવો પ્રગટાવવાની મનાઈ ફરમાવે છે તે દર્શાવવા માટે અપીલકર્તાઓ મજબૂત પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ ગયા હતા, જે ગર્ભગૃહમાં દેવતાની ટોચ પર સીધી ન હોય.

બેન્ચે કહ્યું હતું કે એ હાસ્યાસ્પદ અને એ વાત પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે કે શક્તિશાળી રાજ્યને એ ડર છે કે દેવસ્થાનમની જમીનના વિસ્તારમાં પહાડીના ટોચ પાસે પત્થરના સ્તંભ પર વર્ષમાં એક ખાસ દિવસે દેવસ્થાનમના પ્રતિનિધિઓને દીવો પ્રગટાવવાની મંજૂરી આપવાથી જાહેર શાંતિમાં ખલેલ પડશે. અલબત્ત, આવું ત્યારે જ થઈ શકે છે જ્યારે આવી અશાંતિ રાજ્ય દ્વારા જ પ્રાયોજિત કરવામાં આવે. અમે પ્રાર્થના કરીએ છીએ કે કોઈ પણ રાજ્ય પોતાના રાજકીય એજન્ડાને પ્રાપ્ત કરવા માટે આ સ્તરે ન જાય.

તમિળનાડુ સરકારે આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાનો સંકેત આપ્યો હતો. તમિળનાડુના કુદરતી સંસાધન મંત્રી એસ. રેગુપતિએ ચુકાદા પર સવાલ ઉઠાવ્યા હતા અને કહ્યું કે સરકારને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાનો અધિકાર છે. ■



**ચાઈનીઝ માંજો નથી ને?:** હૈદરાબાદમાં મકર સંક્રાંતના તહેવાર અગાઉ ચીની માંજાનાં વેચાણની તપાસ કરવા પોલીસ અધિકારીઓએ માંજાની ચકાસણી કરી હતી. (એજન્સી)

# ભાજપના આઈટી સેલે બનાવાયેલા મોબાઈલ એપથી એસઆઈઆર કરાવી રહ્યું છે ચૂંટણી પંચઃ મમતાનો આરોપ

ગંગાસાગર (પશ્ચિમ બંગાળ): પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનરજીએ મંગળવારે ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે રાજ્યમાં એસઆઈઆર પ્રક્રિયા હાથ ધરવા માટે ચૂંટણી પંચે ભારતીય જનતા પાર્ટીના આઈટી સેલ દ્વારા વિકસિત મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરી રહ્યું છે. ગંગાસાગર મેળાની તૈયારીઓની સમીક્ષા કરવા માટે દક્ષિણ ૨૪ પરગના જિલ્લાના સાગર ટાપુની બે દિવસીય મુલાકાત પૂર્ણ કર્યા બાદ બેનર્જી પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે ચૂંટણી પંચ મતદાર યાદીના એસઆઈઆર દરમિયાન તમામ પ્રકારના ખોટા માધ્યમોનો ઉપયોગ કરી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, ચૂંટણી પંચ એસઆઈઆર હાથ ધરવા માટે તમામ પ્રકારના ખોટા પગલા ઉઠાવી રહ્યું છે. તે લાયક મતદારોને મૃત જાહેર કરી રહ્યું છે અને વૃદ્ધો, બીમાર અને સંવેદનશીલ લોકોને સુનાવણીમાં હાજર રહેવા માટે દબાણ કરી રહ્યું છે. તે આ હેતુ માટે ભાજપના આઈટી સેલ દ્વારા વિકસિત મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરી રહ્યું છે. આ ગેરકાયદેસર, ગેરબંધારણીય અને અલોકતાંત્રિક છે. આ ચાલુ રહી શકે નહીં.

મમતા બેનરજીનું આ નિવેદન એવા સમયે આવ્યુ છે જ્યારે તેમની પાર્ટીના સાંસદ ડેરેક ઓ'બ્રાયન ચૂંટણી પંચ સામે સુપ્રીમ કોર્ટમાં ગયા છે. તેમણે દાવો કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા એસઆઈઆરને હાથ ધરવા માટે પંચે મનસ્વી અને બિનપ્રક્રિયાગત પગલાં લીધાં છે. ટીએમસીએ આરોપ લગાવ્યો હતો કે એસઆઈઆર પ્રક્રિયાએ રાજ્યમાં લાયક અને સાચા મતદારોને પડતી મુશ્કેલીઓમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

મમતા બેનરજીએ કહ્યું હતું કે, હું જનતાને એસઆઈઆરમાં ભાગ લેતી વખતે સાવધાની રાખવાની અપીલ કરું છું. ■

## બંગાળમાં 'સર': ટીએમસી સુપ્રીમમાં

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળમાં મતદારયાદીની સઘન સમીક્ષા (સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન-એસઆઈઆર)ની પ્રક્રિયામાં ગેરરીતિ આચરવામાં આવી હોવાનો આક્ષેપ કરતી અરજી ટીએમસીના સાંસદ ડેરેક ઓબ્રાયને સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે રાજ્યમાં જ્યારથી આ પ્રક્રિયા શરૂ થઈ ત્યારથી ચૂંટણી પંચે લેખિત રીતે સૂચનાઓ આપવાને બદલે જમીની સ્તરના અધિકારીઓને અનૌપચારિક અને અયોગ્ય માધ્યમ (વૉટ્સએપ) મારફતે સૂચનાઓ આપી હતી. અરજીમાં જણાવ્યા અનુસાર ચૂંટણી પંચ મનસ્વી રીતે ન વર્તી શકે અને કાયદેસર યંત્રણાને બદલે અનૌપચારિક યંત્રણાનો ઉપયોગ ન કરી શકે. અરજીમાં ડેરેક ઓબ્રાયને પશ્ચિમ બંગાળ સહિત દેશના વિવિધ રાજ્યોને ચૂંટણી સમિતિ દ્વારા આપવામાં આવેલા આદેશ અને આપેલી માર્ગદર્શિકાને પડકારી છે. એસઆઈઆરને કારણે લોકોમાં ભય ફેલાયો હોવા ઉપરાંત લોકોની હેરાનગતિ થઈ રહી છે અને વહીવટીતંત્રના મનસ્વીપણાને કારણે અનેક લોકોના મૃત્યુ થયા હોવાં ઉપરાંત અનેક લોકોને સારવારાર્થે હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે અને અનેક લોકોએ આત્મહત્યાના પ્રયાસ કર્યા હોવાનો આક્ષેપ પણ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ પકર્યો હતો. (એજન્સી)■

# પ્રદૂષણ મામલે સીએક્યૂએમ નિષ્ફળઃ સુપ્રીમ કોર્ટ બગડી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મંગળવારે દિલ્હી-એનસીઆરમાં હવા પ્રદૂષણ સંબંધિત અરજીઓ પર સુનાવણી કરી હતી. દરમિયાન કોર્ટે (સીએક્યૂએમ)ને તેની ફરજો નિભાવવામાં નિષ્ફળ રહેવા બદલ ઠપકો આપ્યો હતો. તેણે દિલ્હીની સરહદો પર ટોલ પ્લાઝા દૂર કરવા અથવા બંધ કરવાની સીએક્યૂએમની વિનંતીને પણ ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે મંગળવારે દિલ્હી સરહદો પર ટ્રાફિકની સમસ્યાને ઓછી કરવા માટે ટોલ પ્લાઝાને કામચલાઉ બંધ કરવા અથવા અન્ય સ્થળોએ લઈ જવાના મુદ્દા પર બે મહિનાનો સમય માંગવા પર ઓથોરિટીને ફટકાર લગાવી હતી. સુપ્રીમ કોર્ટે કમિશન ઓફ એર ક્વોલિટી મેનેજમેન્ટની તેના અભિગમમાં ઓછી ગંભીરતા બદલ ટીકા કરી અને કહ્યું કે તે દિલ્હી-એનસીઆરમાં બગડતા એર ક્વોલિટી ઇન્ડેક્સના કારણો ઓળખવા અથવા લાંબા ગાળાના ઉકેલો શોધવાની કોઈ ઉતાવળ કરી રહ્યું નથી.

દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણના ગંભીર સ્તરની ગંભીર નોંધ લેતા કોર્ટે ગયા વર્ષે ૧૭ ડિસેમ્બરે અનેક નિર્દેશો જાહેર કર્યા હતા અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનને દિલ્હી સરહદો પર નાગરિક સંસ્થાના નવ ટોલ પ્લાઝાને કામચલાઉ બંધ કરવા અથવા સ્થાનાંતરિત કરવા પર વિચાર કરવા જણાવ્યું હતું જેથી ભારે ટ્રાફિકની સમસ્યાને ઓછી કરી શકાય. ■

# પ્રદૂષણને લીધે સોનિયા ગાંધી બીમાર પડ્યા? હૉસ્પિટલમાં દાખલ કરાયાં

નવી દિલ્હીઃ કોંગ્રેસ પક્ષનાં વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીની તબિયત ફરી એક વાર લથડી છે અને તેમને સોમવારે સાંજે દિલ્હીની સર ગંગા રામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. આ અહેવાલને લીધે કોંગ્રેસના નેતાઓ અને તેમના સમર્થકો ચિંતામાં છે.

અહેવાલ મુજબ તેમને સખત ઉધરસ આવી રહી હતી અને શ્વાસ લેવામાં તકલીફ પડવાની સમસ્યા ઉભી થઇ હતી. હાલ તેઓ ગંગા રામ હોસ્પિટલના ડોક્ટરોની એક ટીમના નિરીક્ષણ હેઠળ છે.

સોનિયા ગાંધીની તબિયત અંગે કોંગ્રેસ પાર્ટી કે હોસ્પિટલ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ ચિંતાજનક કોઈ બાબત નથી. સોનિયા ગાંધીને રેગ્યુલર ચેકઅપ માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતાં. દિલ્હીમાં વાયુ પ્રદૂષણ અને વધતી ઠંડીને કારણે તેમને ઉધરસની સમસ્યા થઇ હતી અને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી.

સોનિયા ગાંધી ગત મહીને ૭૯ વર્ષના થયા જેના, વધતી ઉંમરને કારણે તેમણે સમયાંતરે હેલ્થ ચેકઅપની જરૂર છે.

અગાઉ ૧૫ જૂન, ૨૦૨૫ ના રોજ સોનિયા ગાંધીને પેટમાં દુખાવાની તકલીફ ઉભી થઇ હતી, એ સમયે પણ તેમને દિલ્હીની સર ગંગા રામ હોસ્પિટલના સર્જિકલ ગેસ્ટ્રોએન્ટેરોલોજી વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. ચાર દિવસ દાખલ રહ્યા બાદ તેમને રજા આપવા આવી હતી.

ગત વર્ષ સોનિયા ગાંધી પ્રિયંકા ગાંધી સાથે શિમલા રજાઓ ગાળવા ગયા હતા, ત્યારે પણ તેમની તબિયત લથડી હતી અને દિલ્હી પરત ફર્યા હતા. ■

# પાકિસ્તાની માટે જાસૂસીઃ પઠાણકોટમાં ટીનેજર પકડાયો

ચંડીગઢ : પઠાણકોટના એક ૧૫ વર્ષના ટીનેજરની પાકિસ્તાનમાં હેન્ડલર્સ સાથે સંવેદનશીલ માહિતી શેર કરવાના આરોપસર અટકાયત કરવામાં આવી છે. પોલીસે મંગળવારે આ જાણકારી આપી હતી. આ કિશોર પઠાણકોટ નજીક જમ્મુ અને કાશ્મીરના બારી બ્રાહ્મણ વિસ્તારનો રહેવાસી છે.

પઠાણકોટના વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) દલજિંદર સિંહ ઢિલ્લોને જણાવ્યું હતું કે પોલીસને ગુપ્ત માહિતી મળી હતી કે આ છોકરો પાકિસ્તાનના લશ્કરી અધિકારીઓ, આઈએસઆઈ અને તે દેશમાં આતંકવાદી મોડ્યુલ ચલાવતા ફ્રન્ટલ સંગઠનોના સંપર્કમાં હતો અને તેમને દેશની સુરક્ષા સંબંધિત માહિતી પૂરી પાડતો હતો.

પંજાબ પોલીસે સોમવારે તેની અટકાયત કરી હતી અને તેની પૂછપરછ ચાલી રહી છે. તેના મોબાઇલ ફોનમાં ભારતમાં અશાંતિ ફેલાવવાના ઇરાદાથી પાકિસ્તાનસ્થિત રાષ્ટ્રવિરોધી તત્વો અને આતંકવાદીઓના સંપર્ક નંબરો છે.

અધિકારીઓએ કહ્યું હતું કે ભારતીય સૈન્યના સ્થળો સંબંધિત સંવેદનશીલ માહિતી, ફોટા, વીડિયો અને જાસૂસી સંબંધિત સામગ્રી તેના ફોનમાંથી મળી આવી છે અને તે જમ્મુ અને કાશ્મીરથી આવ્યા પછી પંજાબના માધોપુર વિસ્તારમાં ફરતો હોવાનું કહેવાય છે. તેની સામે સત્તાવાર ગુપ્તતા કાયદાની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

એસએસપીએ જણાવ્યું હતું કે છોકરાએ ઘણા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મની મુલાકાત લીધી હતી અને પાકિસ્તાની એજન્સીઓની જાળમાં ફસાઈ ગયો હતો. તે છેલ્લા એક વર્ષથી તેમના સંપર્કમાં હતો. પાકિસ્તાની એજન્ટોએ છોકરાના મોબાઇલ ફોનનો ક્લોન બનાવ્યો હતો. કિશોરે મહત્ત્વપૂર્ણ સ્થળોનો વીડિયો ઉતાર્યો હતો અને માહિતી લીધી હતી. ■

# ભારતીય ભાષાઓ અસ્તિત્વ જાળવવામાં સફળ રહી છેઃ ધર્મેન્દ્ર પ્રધાન

નવી દિલ્હીઃ ભારતીય ભાષાઓ એકમેકને જોડતું પરિબળ છે અને તેને નાશ કરવાના અનેક પ્રયાસો કરવામાં આવ્યાં હોવાં છતાં તેનું અસ્તિત્વ જાળવવામાં સફળ રહી છે, એમ કેન્દ્રના શિક્ષણ ખાતાના પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને મંગળવારે કહ્યું હતું.

તિરુકુરાલ સંજ્ઞાન ભાષા સહિત પંચાવન અભિજાત ભાષાના સંગ્રહના વિમોચન પ્રસંગે પ્રધાને આ નિવેદન કર્યું હતું. આપણી ભાષા એકમેકને જોડતું પરિબળ છે અને સમયની પરીક્ષામાં પાસ થઈ તે તેનું અસ્તિત્વ જાળવવામાં સફળ રહી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ભારત લોકશાહીની માતા અને વિવિધ ભાષાઓનો દેશ છે. દેશના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સાહિત્યના વારસાને જાળવી રાખવાની અને ભાવિ પેઢીઓને એ અંગે જાગૃત કરવાની આપણી જવાબદારી છે. ભારતની તમામ ભાષા રાષ્ટ્રીય ભાષા હોવાનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હોવાની તેમણે નોંધ લીધી હતી. (એજન્સી) ■

# કરુર નાસભાગ કેસમાં વિજયને સીબીઆઈના સમન્સ

નવી દિલ્હીઃ સીબીઆઈએ કરૂર ભાગદોડ કેસમાં ટીવીકેના પ્રમુખ થલપતિ વિજયને ૧૨ જાન્યુઆરીએ એજન્સીના મુખ્યાલયમાં પૂછપરછ માટે હાજર રહેવા માટે નોટિસ જારી કરી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

સીબીઆઈએ આ કેસના સંદર્ભમાં તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે)ના ઘણા પદાધિકારીઓની પૂછપરછ કરી છે, એમ તેઓએ જણાવ્યું હતું.

એજન્સીએ હવે વિજયને આ કેસના સંદર્ભમાં બોલાવવાનો નિર્ણય લીધો છે, જેના પગલે તે આ કેસમાં ચાર્જશીટ દાખલ કરવા અંગે નિર્ણય લઈ શકે છે, એમ તેમણે જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સીબીઆઈ એ સિટ પાસેથી કેસ સંભાળી લીધો હતો, અને તપાસ એજન્સી સપ્ટેમ્બરમાં વિજય દ્વારા સંબોધવામાં આવેલી રાજકીય સભા દરમિયાન થયેલી ભાગદોડ સંબંધિત પુરાવા એકઠા કરી રહી છે.

૨૭ સપ્ટેમ્બરના રોજ તમિળનાડુના કરૂરમાં થયેલી ઘટનામાં ૪૧ લોકોનાં મોત થયા હતા અને ૬૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

ટીવીકે દ્વારા સ્વતંત્ર તપાસ માટે દાખલ કરાયેલી અરજી પર સુપ્રીમ કોર્ટે આ કેસ સીબીઆઈને સોંપ્યો હતો.

ઓક્ટોબરમાં, સર્વોચ્ચ અદાલતે સીબીઆઈના ડિરેક્ટરને તપાસ સંભાળવા માટે એક વરિષ્ઠ અધિકારીની નિમણૂક કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે સીબીઆઈ તપાસ પર દેખરેખ રાખવા માટે સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયાધીશ અજય રસ્તોગીની આગેવાની હેઠળ ત્રણ સભ્યોની સુપરવાઇઝરી સમિતિની પણ રચના કરી હતી. ■

# શૅરબજારના સેન્ટિમેન્ટ પર રિલાયન્સ, એચડીએફસી બૅંકની વેચવાલીના ફટકાએ સેન્સેક્સ બીજા દિવસે ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ભારત સામે ટેરિફ વધારવાની અમેરિકાની નવી ચેતવણીને કારણે બજારનું માનસ પહેલેથી ડહોળાયું હતું, તેમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક જેવા બ્લીચીપ શેરોમાં ભારે વેચવાલીના દબાણ અને ધોવાણને કારણે મંગળવારે બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી સતત બીજા દિવસે ઘટાડા સાથે બંધ થયા હતા.

સેન્સેક્સ ૩૭૬.૨૮ પોઈન્ટ અથવા ૦.૪૪ ટકા ઘટીને ૮૫,૦૬૩.૩૪ પોઇન્ટ પર બંધ થયો. દિવસ દરમિયાન, તે ૫૩૯.૫૨ પોઈન્ટ અથવા ૦.૬૩ ટકા ઘટીને ૮૫,૦૦૦ની સપાટી તોડતો ૮૪,૯૦૦.૧૦ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૭૧.૬૦ પોઈન્ટ અથવા ૦.૨૭ ટકા ઘટીને ૨૬,૧૭૮.૭૦ પોઇન્ટ પર બંધ થયો છે.

ડિસેમ્બર ક્વાર્ટરમાં ટાટા ગ્રુપની રિટેલ કંપનીની આવક વૃદ્ધિ રોકાણકારોને ખુશ કરવામાં નિષ્ફળ ગયા પછી, ૩૦-સેન્સેક્સ કંપનીઓમાંથી ટ્રેન્ટ ૮.૬૨ ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યો હતો. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં ૪.૪૨ ટકાનો ઘટાડો થયો, જ્યારે આઇટીસી, કોટક મહિન્દ્રા બેંક, ઇન્ટરગ્લોબ એવિએશન અને એચડીએફસી બેંક પણ સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. જોકે, આઇસીઆઇસીઆઇ બેંક, સન ફાર્મા, હિન્દુસ્તાન યુનિલિવર અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના શેર ટોપ ગેઇનરમાં સામેલ હતા.

એક્સચેન્જના ડેટા અનુસાર અદાણી એન્ટરપ્રાઇસેસના રૂ. ૧૦૦૦ કરોડના નોન-કન્વર્ટીબલ ડિબેન્ચર ભરણું ખૂલવાના માત્ર ૪૫ મિનિટમાં વેચાઇ ગયા હતા, રૂ. ૫૦૦ કરોડનો બેઝ ઇશ્યૂ દસ મિનિટમાં જ ભરાઇ ગયો હતો અને ગ્રીનશૂ ઓપ્શન સહિતનું ભરણું કલાકમાં રૂ. ૧૦૦૦ કરોડની સપાટી પાર કરી ગયું હતું. ભારત કોકિંગ કોલ રૂ. ૧,૦૭૧.૧૧ કરોડના બુક બિલ્ડ આઇપીઓ સાથે નવમી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે. આઇનોક્સ ક્લિન એનર્જીની અનુષાંગિક કંપનીએ સન સોર્સ એનર્જી પાસેથી ૨૫૦ મેગાવોટ પીક સોલર પ્રોજેક્ટ હસ્તગત કર્યો છે. વારી એનર્જીએ વ્યૂહાત્મક રોકાણકારો પાસેથી રૂ. ૧૦૦૩ કરોડ એકત્ર કર્યા છે. એચડીએફસી એએમસીએ રૂ. ૨૫૦૦ કરોડના ફંડ સાથે પ્રાઇવેટ ક્રેડિટ માર્કેટમાં પ્રવેશ કર્યો છે.

એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે એક દિવસના વિરામ પછી વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૩૬.૨૫ કરોડના શેર વેચ્યા હતા. જોકે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૧,૭૬૪.૦૭ કરોડના શેર ખરીદ્યા હતા.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જાણતા હતા કે ભારત દ્વારા રશિયન ઓઇલની ખરીદીથી 'હું ખુશ નથી' અને વોશિંગ્ટન 'ખૂબ જ ઝડપથી' નવી દિલ્હી પર ટેરિફ વધારી શકે છે. ટ્રમ્પે રવિવારે ફ્લોરિડાથી વોશિંગ્ટન ડીસી જતા એર ફોર્સ વનમાં પત્રકારો સાથે વાત કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.

દરમિયાન, ડિસેમ્બરમાં ભારતના સેવા ક્ષેત્રનો વિકાસ સાધારણ થયો, કારણ કે આવનારા નવા કાર્ય અને ઉત્પાદનમાં વિસ્તરણ દ૨ ૧૧ મહિનામાં સૌથી ધીમો થઈ ગયો, અને કંપનીઓએ વધારાના સ્ટાફની ભરતી કરવાનું ટાળ્યું, એમ મંગળવારે માસિક સર્વેમાં જણાવાયું છે.

મોસમી રીતે ગોઠવાયેલ એચએસબીસી ઇન્ડિયા સર્વિસીસ પીએમઆઇ બિઝનેસ એક્ટિવિટી ઇન્ડેક્સ નવેમ્બરમાં ૫૯.૮થી ઘટીને ડિસેમ્બરમાં ૫૮.૦ થયો, જે જાન્યુઆરી પછીના વિસ્તરણનો સૌથી ધીમો દર દર્શાવે છે.

પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઇ)ની વ્યાખ્યા અનુસાર ૫૦થી ઉપરનો અંક વિસ્તરણ દર્શાવે છે, જ્યારે ૫૦થી નીચેનો સ્કોર સંકોચન દર્શાવે છે. કંપનીઓ વૃદ્ધિની સંભાવનાઓ પ્રત્યે ઉત્સાહિત રહી, પરંતુ એકંદર સેન્ટિમેન્ટ લગભગ સાડા ત્રણ વર્ષમાં તેના સૌથી નીચા સ્તરે આવી ગયું હોવાનું સર્વેમાં જણાવાયું છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નોંધપાત્ર રીતે ઊંચો રહ્યો. યુરોપમાં બજારો મિશ્ર નોંધ પર ટ્રેડ કરી રહ્યા હતા.

સોમવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૨૮ ટકા વધીને ૬૧.૯૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

સોમવારે, સેન્સેક્સ ૩૨૨.૩૯ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા ઘટીને ૮૫,૪૩૯.૬૨ પર સ્થિર થયો. ૨૬,૩૭૩.૨૦ ના રેકોર્ડ ઇન્ટ્રા-ડે ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા પછી, નિફ્ટી ગતિને આગળ વધારવામાં નિષ્ફળ ગયો અને ૭૮.૨૫ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા ઘટીને ૨૬,૨૫૦.૩૦ પર બંધ થયો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૮૦.૮૦ લાખ કરોડથી રૂ.૧.૨ લાખ કરોડ ઘટીને રૂ.૪૭૯.૬૦ લાખ કરોડ રહ્યું હતું. સેક્ટરલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે હેલ્થકેર ૧.૩૮ ટકા, પીએસયુ બેન્ક ૦.૫૨ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૪૩ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૩૭ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૩૫ ટકા, મેટલ ૦.૨૭ ટકા અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૧૮ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે એનર્જી ૧.૭૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૨૨ ટકા, સર્વિસીસ ૧.૦૭ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૬૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૫૨ ટકા,સ કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૪૫ ટકા, યુટિલિટીઝ ૦.૪૪ ટકા, રિયલ્ટી ૦.૨૮ ટકા અને પાવર ૦.૨૩ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૪૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૬૫૯ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૫૨૧ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૬૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા.

૧૪૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૨૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૯ સ્ટોક્સને ઉપલી જ્યારે ૮ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૨૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૩૯ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૦૪ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૩૪ ટકા ઘટ્યો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૮૭ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૭૫ ટકા, સન ફાર્મા ૧.૭૩ ટકા, સ્ટેટ બેન્ક ૧.૩૩ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧.૨૮ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૦૨ ટકા, મારુતિ ૦.૮૩ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૭૧ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૬૮ ટકા અને ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૦.૬૧ ટકા વધ્યા હતા.

જ્યારે ટ્રેન્ટ ૮.૬૨ ટકા, રિલાયન્સ ૪.૪૨ ટકા, આઈટીસી ૨.૦૭ ટકા, કોટક બેન્ક ૨.૦૨ ટકા, ઈન્ડિગો ૧.૮૧ ટકા, એચડીએફસીબેન્ક ૧.૫૬ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૩૦ ટકા, ટાટા મોટર ૧.૨૩ ટકા પાવર ગ્રીડ ૧.૧૬ ટકા અને ઈટર્નલ ૧.૦૮ ટકા ઘટ્યા હતા.

## ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં રૂપિયામાં ૧૨ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સતત ચાર સત્ર દરમિયાન જોવા મળેલા ધોવાણને બ્રેક લાગી હતી અને ૧૨ પૈસાના સુધારા સાથે ૯૦.૧૮ની સપાટીએ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજાર વર્તુળોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૩૦ના બંધ સામે સુધારા સાથે ૯૦.૨૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૨૫ અને ઉપરમાં ૯૦.૦૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૨ પૈસાના સુધારા સાથે ૯૦.૧૮ના મથાળે બંધ રહ્યો હતો.

તાજેતરમાં અમેરિકા અને વેનેઝુએલા સાથેના ભૂરાજકીય તણાવ, ક્રૂડતેલના ભાવમાં વધારો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહી હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહેશે. તેમ છતાં ડૉલરમાં નબળાઈ અને રિઝર્વ બૅન્કનો હાજર બજારમાં હસ્તક્ષેપ રૂપિયામાં ધોવાણ મર્યાદિત રાખી શકે છે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૭૬.૨૮ પૉઈન્ટનો અને ૭૧.૬૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૬.૨૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. તેમ જ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૭ ટકા વધીને બેરલદીઠ ૬૨.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ છતાં આજે ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૬ ટકા ઘટીને ૯૮.૨૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

## પશ્ચિમ રેલવેએ ₹ ૧૫૫ કરોડથી વધુનો દંડ વસૂલ્યો

મુંબઈ: પશ્ચિમ રેલવે પર તમામ સાચા મુસાફરોને મુશ્કેલી-મુક્ત, આરામદાયક મુસાફરી અને સારી સેવાઓ સુનિશ્ચિત કરવા મુંબઈ ઉપનગરીય, મેલ/એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં સતત સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવે છે, જેથી ટિકિટ વગરના/અનિયમિત મુસાફરોના જોખમને કાબૂમાં લઈ શકાય. પશ્ચિમ રેલવેના વરિષ્ઠ વાણિજ્યિક અધિકારીઓની દેખરેખ હેઠળ ખૂબ જ પ્રેરિત ટિકિટ ચેકિંગ ટીમે એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૫ના સમયગાળા દરમિયાન અનેક વખતે ટિકિટ ચેકિંગ ઝુંબેશનું આયોજન કર્યું હતું, જેના દ્વારા ₹ ૧૫૫.૪૬ કરોડની રકમ વસૂલ



કરવામાં આવી હતી. જે ગયા વર્ષના સંબંધિત સમયગાળા કરતા લગભગ ૪૯% વધુ છે, જેમાં મુંબઈ ઉપનગરીય વિભાગમાંથી ₹ ૪૧.૨૬ કરોડનો પણ સમાવેશ થાય છે. એસી સબર્બન લોકલમાંથી દંડ તરીકે લગભગ ₹ ૩ કરોડ વસૂલ્યા છે. ■

## રિલાયન્સમાં વેનેઝુએલા ઈફેક્ટને પગલે કડાકો

મુંબઇ: બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં સૌથી વધુ ચલણી અને બ્લુચીપ ગણાતા રિલાયન્સના શેરમાં લગભગ એક ટકાનો ફટકો પડ્યાના એક દિવસ પછી, છઠ્ઠી જાન્યુઆરી, મંગળવારના સત્રમાં પણ સવારન સત્રમાં તેમાં વધુ પાંચ ટકાનો જોરદાર કડાકો જોવા મળ્યો હતો. આ શેરના ધબડકાને કારણે સેન્સેક્સને પણ ધક્કો લાગ્યો હતો. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેર તેની અગાઉની રૂ. ૧,૫૭૮.૧૦૫ની બંધ સપાટી સામે ૧,૫૬૯ પર ખુલ્યો હતો. જોકે વેચવાલીનું દબાણ વધતા તે સત્ર દરમિયાન ૫.૧૮ ટકાના જોરદાર કડાકા સાથે રૂ. ૧,૪૯૬.૩૦ના નીચા સ્તરે પહોંચ્યો હતો અને અંતે ૪.૩૯ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૫૦૮.૯૦ની સપાટીએ સ્થિર થયો હતો. શનિવારે અમેરિકાએ ક્રૂડ ઓઇલ ઉત્પાદક અને સૌથી મોટા ઓઇલ ભંડાર ધરાવતા વેનેઝુએલા પર હુમલો કરીને તેના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્નીને કબજે કર્યા પછી બજાર મૂડીકરણની દ્રષ્ટિએ ભારતની સૌથી મોટી એવી આ કંપનીના શેર દબાણ હેઠળ છે.

## મિડિયમ ગ્રેડની ખાંડમાં સાધારણ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ સુસ્ત રહેતાં ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૯૦થી ૩૬૩૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની ખાંડ મોસમમાં ગત ૩૧મી ડિસેમ્બર સુધી કર્ણાટકની ખાંડ મિલોએ ૩૧૨.૬૧ લાખ ટન શેરડીનું પિલાણ કર્યું હતું અને ૨૫.૨૫ લાખ ટન ખાંડનું ઉત્પાદન થતાં અત્યાર સુધીનો રિકવરી રેટ ૮.૦૮ ટકા નોંધાયો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૬૨થી ૩૮૩૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડા સાથે રૂ. ૩૮૮૦થી ૩૯૫૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૯૦થી ૩૭૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૧૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

## ભૂરાજકીય તણાવ અને રેટકટનો આશાવાદ વધતા વૈશ્વિક સોનામાં ₹ ૪૯૨ની આગેકૂચ, ચાંદી ₹ ૬૦૮૭ ચમકી

મુંબઈ: વૈશ્વિક સ્તરે ખાસ કરીને અમેરિકા-વેનેઝુએલા વચ્ચેનાં ભૂરાજકીય તણાવ ઉપરાંત ગઈકાલે અમેરિકામાં ઔદ્યોગિક ઉત્પાદનનો આંક ઘટીને ૧૪ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હોવાના અહેવાલ સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ પ્રબળ બનતા આજે લંડન ખાતે સોના અને ચાંદીના ભાવમાં આગેકૂચ જળવાઈ રહેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૯થી ૪૯૨ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૦૮૭ની ઝડપી તેજી આવી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજારમાં ચાંદીના ભાવમાં ૨.૪ ટકા જેટલો ઉછાળો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક બજારમાં પણ સ્ટોકિસ્ટોનું સટ્ટાકીય આકર્ષણ વધવાની સાથે ઔદ્યોગિક વપરાશકારોની માગનો પણ ટેકો મળતાં હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૬૦૮૭ના ઉછાળા સાથે રૂ. ૨,૪૩,૧૫૦ની સપાટીએ રહ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૯ વધીને રૂ. ૧,૩૬,૧૧૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૪૯૨ વધીને રૂ. ૧,૩૬,૬૬૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી જોવા મળી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સલામતી માટેની માગ ઉપરાંત રેટકટના આશાવાદ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૪૬૧.૦૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ન્યૂયોર્ક ખાતે સોનાના ભાવમાં ત્રણ ટકાનો ઉછાળો નોંધાયો હતો અને ઔંસદીઠ ૪૫૪૯.૭૧ ડૉલરની વિક્રમ સપાટીની લગોલગ પહોંચ્યા હતા. વધુમાં આજે સોનાના ફેબ્રુઆરી વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૪૬૨.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ૨.૪ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૭૮.૩૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. તાજેતરમાં અમેરિકા-વેનેઝુએલા વચ્ચે વધેલા ભૂરાજકીય તણાવને કારણે સોનામાં સલામતી માટેની માગના ટેકા ઉપરાંત અમેરિકાના ઉત્પાદનના ડેટા નબળા આવતા રેટકટના આશાવાદમાં થયેલા વધારાનો પણ ટેકો મળી રહ્યો હોવાનું એક્ટિવ ટ્રેડના વિશ્લેષક રિકાર્ડો એવાન્જિલિસ્ટાએ જણાવ્યું હતું.

વધુમાં ગઈકાલે મિનિયાપૉલિસ ફેડના પ્રમુખ નીલ કશ્કરીએ બેરોજગારીના દરમાં વધારો થવાની ચેતવણી ઉચ્ચારી હોવાથી બજારમાં રેટકટનો આશાવાદ પ્રબળ બન્યો હતો. જોકે, હવે રોકાણકારોની નજર આગામી શુક્રવારે જાહેર થનારા અમેરિકાના નોન ફાર્મ પૅરોલ ડેટા પર સ્થિર થઈ છે. કેમ કે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કપાતના નિર્ણય માટે રોજગારીના તથા ફુગાવાના ડેટા ધ્યાનમાં લેતી હોય છે અને સામાન્યપણે નીચા વ્યાજદરના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારોની માગ વધુ રહેતી હોય છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**The Willingdon Sports Club**
K.Khadye Marg, Tulsiwadi, Tardeo, Mumbai 400 034.
Invites Vendors for annual supply of the following items for FY 2026-27.
**Fresh Fruits & Vegetables, Mutton & Buffalo meat, Ham & Pork, Sea Food, Poultry & Eggs, Dairy Products, Soft Beverages, Provision & Grocery, Canned & Bottled Products, Bakery Items, Processed Food, Frozen food, Ice Cubes & Blocks, Charcoal & Solid Fuel, Printing & Stationery, Paper Products & Disposables, Cleaning Chemicals etc.**
For Tender Forms and instruction visit our website **https://www. willingdonclub.com/ tenders/** . Tenders in sealed envelope duly completed will be accepted at our Purchase Dept. **between 10 am and 5 pm on or before 22nd January 2026**.
**Tel : 8976926946**
**Email: purchase@willingdonclub.com**

**PUBLIC NOTICE (RETENDERING)**
**Proposed Redevelopment of existing building of "M/s Guru Prasanna CHS Ltd."**. on plot bearing CTS No. 1312 B, 1312/1 & 4 to 19 of Village Vile Parle (West), St. Francis Road, Vile Parle (West)., Mumbai-400056.
Society had invited sealed tender from eligible, experienced and financially sound developers for redevelopment of society building.
The original tender notice was published on 04/12/2025 due to limited response the Society has decided to extend the dates for collection & submission of offers expecting wider participation
1. Availability of Tender Documents
Tender documents are available at the office of the Architect/ Project Management Consultant **M/s V.V & ASSOCIATES**, Rishi Apartment, Junction of Dixit & Nehru Road, Vile Parle (East), Mumbai-400057.
Time: 11.00 A.M. to 1.00 P.M. and 3.00 P.M. to 5.00 P.M. on payment of Rs. 5,000/- (Rupees Five Thousand Only) by Demand Draft/Pay Order in favor of **"Guru Prasanna Co-operative Housing Society Ltd."**. **From: 7 th January 2026 to 17 th January 2026**
2. Submission of Sealed Tenders:
Sealed offers shall be submitted at the Architect/PMC Office at the above address before: **31 st January 2026**
During Office hours: 11.00 A.M. to 1.00 P.M. and 3.00 P.M. to 5.00 P.M.
3. Developers who have collected tender documents earlier, they may submit their offer now.
4. Site Visit & Enquiries:
Interested developers may visit the site or contact the Architects/ PMC office for further information Contact no. **9004998447**
5. Right of Rejection: The society reserve the right to accept or reject any or all tenders without assigning any reason whatsoever.
6. Right of Rejection: The tenders shall be opened on 2 nd February 2026 at 11.00 A.M. at the office of **M/s V.V & ASSOCIATES,** Rishi Apartment, Junction of Dixit & Nehru Road, Vile Parle (East), Mumbai-400057.
In the presence of interested Society members, Managing Committee members and the Architect/PMC Contact No. **9820061315 / 9004998447**


## શિકાગો પાછળ આયાતી તેલમાં ₹ પાંચથી ૧૫નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે પામતેલના વાયદામાં બાવીસ રિંગિટ ઘટી આવ્યા હતા. જોકે, ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૬૦ સેન્ટનો સુધારો આવ્યો હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૧૫, આરબીડી પામોલિનમાં રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૫નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૦૭, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૨૦, એવીઆઈ અને સંજય સોયાના સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૮૨ અને રૂ. ૩૦૫, ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૧૫ તથા જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૧ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૨૫,૦૦૦ ગૂણીની આવક ઉપરાંત ગઈકાલની શેષ ૩૦,૦૦૦ ગૂણી મળી કુલ ૫૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૩૮૦માં અને રાજકોટ મથકે આજે ૮૦,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૦૦માં થયા હતા.

તેમ જ આજે મધ્ય પ્રદેશના મથકો પર ૧.૫૦ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૮૦૦થી ૫૧૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૦૨૫થી ૫૧૨૫માં થયા હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫, સન રિફાઈન્ડના રૂ. ૧૫૧૦, સિંગતેલના રૂ. ૧૬૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સરસવના રૂ. ૧૪૮૫ના મથાળે રહ્યા હતા,

જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૭૫માં થયાના અહેવાલ હતા.

## વૈશ્વિક કોપર ૧૩૦૦૦ ડૉલરની વિક્રમ સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે ખાસ કરીને કોપરમાં પુરવઠાખેંચની ભીતિ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભમાં કોપરના ભાવ વધીને ટનદીઠ ૧૩,૦૦૦ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચવાની સાથે અન્ય ધાતુઓમાં પણ કોપરની આગેવાની હેઠળ તેજીનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. બેથી રૂ. ૨૨૩ની ઝડપી તેજી જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૨૩ના ઉછાળા સાથે રૂ. ૪૧૪૨, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૪૮ની તેજી સાથે રૂ. ૧૬૧૦ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૪૬ની તેજી સાથે રૂ. ૧૨૯૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ટીન અને નિકલની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટો સહિત સાર્વત્રિક સ્તરેથી માગ પ્રબળ રહેતાં ભાવમાં ઝડપી તેજીનું વલણ જોવા મળ્યું હતુ તેમાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૨૭ વધીને રૂ. ૧૧૮૫, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૨૬ વધીને અનુક્રમે રૂ. ૧૧૯૫ અને રૂ. ૧૧૭૫, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૬૯૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૧૦૮૫, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૮૨૦, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૩૧૭, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૩૧૭ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૮૯ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ માગ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૨૫ની સપાટીએ ટકેલા રહ્યા હતા.

## મધ્ય રેલવે દ્વારા ૫૭.૧૩ મિલિયન ટનનું નોંધપાત્ર માલ લોડિંગ

મુંબઈ: મધ્ય રેલવેએ આ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં ૫૭.૧૩ મિલિયન ટનનું નોંધપાત્ર માલ લોડિંગ નોંધાવ્યું છે, જેમાં ડિસેમ્બર, ૨૦૨૫ મહિના માટે ૭.૦૧ મિલિયન ટનનું નોંધપાત્ર લોડિંગ છે. મધ્ય રેલવેએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ડુંગળી, આયર્ન ઓર અને કલીન્કર વિગેરેને લોડિંગમાં જબરદસ્ત સુધારો દર્શાવ્યો છે. ડિસેમ્બર, ૨૦૨૫ મહિના દરમિયાન ઓટોમોબાઈલ્સનું પણ શ્રેષ્ઠ લોડિંગ હતું. લોજિસ્ટિક સેવાઓ વધારવા માટે અને ગ્રાહકનો સંતોષ વધારવા માટે મધ્ય રેલવે દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ વ્યવસાય વિકાસ પહેલ અને સતત પ્રયાસોનું પરિણામ છે. ■

## નાણાકીય વર્ષ ૨૦૨૭માં જીડીપી વૃદ્ધિદર ૬.૯ ટકા રહેશે: ઈન્ડિયા રેટિંગ્સ

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષમાં જીએસટીના દરમાં કરવામાં આવેલા સુધારા, આવકવેરામાં કપાત જેવા સુધારા અને વિવિધ દેશો સાથે થયેલા વેપાર કરાર વૈશ્વિક આર્થિક પડકારો ઢાલ જેવા પુરવાર થાય તેમ હોવાથી અગ્રણી રેટિંગ એજન્સી ઈન્ડિયા રેટિંગ્સ ઍન્ડ રિસર્ચે આગામી પહેલી એપ્રિલથી શરૂ થનારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના આર્થિક વૃદ્ધિદરનો અંદાજ ૬.૯ ટકાનો મૂક્યો છે. આગામી નાણાકીય વર્ષ ૨૦૨૭માં પણ ફુગાવો સરેરાશ ૩.૮ ટકા આસપાસ રહેતાં સાનુકૂળ સ્થિતિ અથવા તો 'ગોલ્ડીલોક' સ્થિતિ જળવાઈ રહેવાની સાથે અમેરિકા સાથે ટૅરિફના નીચા દરથી ટ્રેડ ડીલ થતાં આર્થિક વૃદ્ધિને ટેકો મળશે.


**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**LCs ખાતે બેટરી સહિત IPS ની જોગવાઈ, ટાઈપ-II ક્વૉટર્સનું બદલીકરણ અને ટર્નઆઉટના સ્થળાંતર દ્વારા ખરાબ લેઆઉટની સુધારણા**

ઈ-ટેન્ડર નોટીસ નં. ૪૪ વર્ષ ૨૦૨૫-૨૬ તારીખ : ૦૫-૦૧-૨૦૨૬

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | અર્નેસ્ટમની (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૬૦R | રાજકોટ ડિવિઝન :- આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જીનિયર - વાંકાનેર હેઠળ LC નં. ૬૯, ૭૪, ૮૨, ૯૦ ખાતે બેટરી રૂમ સહિત IPS ની જોગવાઈ. | ૩૫,૨૯,૪૮૫.૩૬ | ૭૦,૬૦૦.૦૦ |
| ૦૨ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૦૩R૨ | રાજકોટ ડિવિઝન :- ઓખા :- ટાઈપ-II ક્વૉટર્સ (૧૬ નંગ) નું બદલીકરણ. | ૩,૨૭,૬૪,૬૯૦.૫૪ | ૩,૧૩,૮૦૦.૦૦ |
| ૦૩ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૯૩ | કાનાલુસ : ટર્નઆઉટના રાજકોટ તરફ ૧૮m સુધી સ્થળાંતર દ્વારા પોરબંદર બાજુ પોઈન્ટ ૧૧૨ થી ખરાબ લેઆઉટની સુધારણા. | ૨૬,૭૧,૦૩૫.૪૫ | ૫૩,૪૦૦.૦૦ |

**ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** ૨૯-૦૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટ:** www.ireps.gov.in RJT-181

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# પશ્ચિમ રેલવેમાં ટૂંક સમયમાં ૧૮ કોચવાળી લોકલ ટ્રેનોની ટ્રાયલ

મુંબઈ: પશ્ચિમ રેલવેએ આ મહિનાના અંતમાં ૧૮ કોચવાળી ઉપનગરીય લોકલ ટ્રેનો માટે મહત્વપૂર્ણ પરીક્ષણો હાથ ધરવાની યોજના બનાવી છે.

હાલમાં દેશની આર્થિક રાજધાનીના ઉપનગરીય નેટવર્કમાં મુખ્યત્વે ૧૨ કોચવાળી લોકલ ટ્રેનો ચલાવવામાં આવે છે, જેમાં મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવે બંને પર મર્યાદિત સંખ્યામાં ૧૫ કોચની સેવાઓ છે. નેટવર્કમાં ૩૦૦૦ થી વધુ ઉપનગરીય સેવાઓ પર દરરોજ ૭૫ લાખથી વધુ મુસાફરો મુસાફરી કરે છે.

અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે પાલઘર જિલ્લામાં વિરાર-દહાણુરોડ સેક્શન પર ૧૪ અને ૧૫ જાન્યુઆરીના રોજ ૧૮ કોચવાળી બે લોકલ ટ્રેનના ટ્રાયલ હાથ ધરવામાં આવશે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે બે ટ્રાયલ - એક ઇમરજન્સી બ્રેકિંગ ડિસ્ટન્સ (ઇબીડી) અને કપ્લર ફોર્સ (સીએફ) બોમ્બાર્ડિયર ઇલેક્ટ્રિકલ સાધનોથી સજ્જ ૧૮-કોચની લોકલ ટ્રેન પર અને બીજી મેધા ઇલેક્ટ્રિકલ સિસ્ટમથી સજ્જ (જુઓ પાનું ૪) ▶▶

# તુમકો મિર્ચી લગી તો મૈં ક્યા કરું

## મહાયુતિના બિનહરીફ વિજય પર ફડણવીસનો કટાક્ષ

ધુળે: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે રાજ્યમાં આગામી નગરપાલિકા ચૂંટણીમાં ૬૮ ઠેકાણે મળેલા બિનહરીફ વિજય અંગે શાસક મહાયુતિને નિશાન બનાવવા બદલ વિપક્ષી દળો પર કટાક્ષ કર્યો હતો અને પૂછ્યું હતું કે જો તેમને ચટકો લાગ્યો હોય એમાં પોતે શું કરી શકે?

‘તુમકો મિર્ચી લગી તો મૈં ક્યા કરું’ એવું કહી ઉત્તર મહારાષ્ટ્રના (જુઓ પાનું ૪) ▶▶

# રાજ ઠાકરેનું ઉદ્ધવ સમક્ષ આત્મસમર્પણ

## મનસેના નેતાએ ભાજપમાં જોડાવાનું કારણ જણાવ્યું

મુંબઈ : મનસેથી નારાજ સંતોષ ધુરી સોમવારે રાત્રે મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા અને આખરે મંગળવારે ભાજપ મુંબઈ પ્રમુખ અમિત સાટમની હાજરીમાં ભાજપમાં જોડાયા. ભાજપમાં જોડાયા બાદ સંતોષ ધુરીએ ઠાકરે બંધુઓના જોડાણ પર જોરદાર પ્રહારો કર્યા. ધુરીએ લીલા રંગ સાથે જોડાણ કરવા બદલ મનસે પર પ્રહારો કર્યા. ધુરીએ (જુઓ પાનું ૪) ▶▶

# દક્ષિણ મુંબઈમાં ૧૩,૮૦૦ ઇમારતોનું ઓડિટ થશે, આચારસંહિતા પૂરી થયા પછી ટેન્ડર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મ્હાડાના મુંબઈ મકાન સમારકામ અને પુનર્નિર્માણ બોર્ડે દક્ષિણ મુંબઈમાં ૧૩,૮૦૦ સેસ્ડ ઇમારતોનું માળખાકીય નિરીક્ષણ (ઓડિટ) કરાવવાનો નિર્ણય લીધો છે જેથી તેમનું રિડેવલપમેન્ટ તાત્કાલિક શરૂ કરી શકાય. આ ઓડિટ ખાનગી કંપની દ્વારા કરવામાં આવશે અને મુંબઈ મ્યુનિસિપલ (જુઓ પાનું ૪) ▶▶

ચારધામ દિ : 13 2026
બદ્રી-કેદાર, ગંગોત્રી, યમનોત્રી, હરિદ્વાર, માના, ચોપતા
ડિલક્ષ/3* હોટેલ્સ, મહારાજા ટીટી, પ્યોર વેજ ભોજન
નેપાલ મુક્તીનાથ યુપી દિ:૦૯/૧૩
ગંગાસાગર પુરી દિ:09
કૈલાશ માનસરોવર દિ:૧૩
અધીક મહિનો હરિદ્વાર, ઋષિકેશ, નૈમીશરન, અયોધ્યા વારાણસી, પ્રયાગરાજ, ચીત્રકુટ દિ:૧૨
તુષાર નેગાંધી 9833730639 9867840639
દેવીબેન પ્રવાસ ...૪૨ વર્ષ થી

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**